બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓગસ્ટ-૨૦૨૧**

ઝિલ હજ્જ-મુહર્રમુલ હરામ
હિજરી સન : ૧૪૪૨/૧૪૪૩

વર્ષ : ૧૮, અંક : ૦૮, સળંગ અંક : ૨૧૧

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧
9427464411 PhonePe/Paytm/Googl Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com
બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂ. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂ. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | અહલે બયતની શાન, કિરદાર તથા જાલી સાદાતોને ચેતવણીઓ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 04 | હદાઈકે બખ્શિશ | 17 |
| 05 | અફઝલિયતે સિદીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 20 |
| 06 | لَیْسَ مِنَّا 'તે અમારો નથી' | 22 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 24 |
| 08 | કાનૂને શરીઅત | 27 |
| 09 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 30 |
| 10 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાલાત.... | 32 |
| 11 | નમાઝ અને મેડિકલ સાયન્સ | 36 |
| 12 | હઝરત સૈયદ મુહમ્મદસાલેહ શીરાઝીશાહ رحمۃ اللہ علیہ | 38 |
| 13 | સવાલાત કે શરઈ જવાબાત | 40 |
| 14 | આવો ! ઈસ્લામની (કાઉન્સિલિંગ) સલાહ મશવરાની સિસ્ટમ સ્થાપીએ | 41 |
| 15 | અશ્લિલતા અને બેહયાઈનો ભયાનક અંજામ | 45 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


### કરબલા વાલે ચલે

કરબલા મેં સર કો દેને કરબલા વાલે ચલે
ઉમ્મતી કો બખ્શવાને મુસ્તફા વાલે ચલે
વો મુકાબિલ લાખ થે ઔર બહત્તર થે ઈધર
ગાઝિયાને શેરે દિલ થે વો સફા વાલે ચલે
વો નબી કે થે નવાસે ફાતિમા કે લાડલે
વો હુસૈન ઈબ્ને અલી શેરે ખુદા વાલે ચલે
કિસ્સએ નૌશા અઝીઝો પુરદર્દ ઔર ગમનાક હૈ
સેહરા કાસિમ કો બંધાકર વો બના વાલે ચલે
ઘર કા ઘર સબ લુટ ગયા કુમ્બા યું સારા કટ ગયા
નૌશ કર જામે શહાદત અકરબા વાલે ચલે
સીના ઝમીં કા ચિરકર વો બહા દેતે નહર
ફિર ભી તિશ્ના લબ રહે સબ્રો રઝાવાલે ચલે
હુકમે રબ્બે યેહી તો થા પ્યાસા કટા દો તુમ ગલા
હર હાલ મેં શુક્રે ખુદા થા યું ખુદા વાલે ચલે
શોરો ગુલ યે મચ ગયા મૈદાંમેં **'શૌકિન'** ઈન દિનોં
રાહે હક્કમેં સર કટાને કરબલા વાલે ચલે

## અહલે બયતની શાન કિરદાર તથા જાલી સાદાતોને ચેતવણી !

*તંત્રી લેખ......*

રબ તઆલાનું ફર્માન છે :

فَمَنْ حَآجَّكَ فِيْهِ مِنْۢ بَعْدِ مَا جَآءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ اَبْنَآءَنَا وَ اَبْنَآءَكُمْ وَ نِسَآءَنَا وَ نِسَآءَكُمْ وَ اَنْفُسَنَا وَ اَنْفُسَكُمْ ۗ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَلْ لَّعْنَتَ اللّٰهِ عَلَى الْكٰذِبِيْنَ ﴿٦١﴾

"હે મહબૂબ ! પછી જે લોકો તમારી સાથે ઈસા علیہ السلامના બારામાં ઝઘડો કરે એના પછી કે તમારી પાસે એનો ઈલ્મ આવી ચૂક્યો છે તો તેમને કહી આપો કે, આવો ! અમે બોલાવીએ અમારા પુત્રોને અને તમારા પુત્રોને, અને અમારી સ્ત્રીઓને અને તમારી સ્ત્રીઓને, અને અમારી જાનોને અને તમારી જાનોને. પછી આપણે મુબાહિલા કરીએ એટલે ગદ ગદ થઈને દુઆઓ માગીએ જેથી જૂઠાઓ પર અલ્લાહની લઅનત નાખીએ." *(સૂરએ ઈમરાન, ૩/૬૧)*

આ આયતે મુબારકાનું શાને નુઝૂલ એ છે કે નજરાનના ઈસાઈઓનું એક પ્રતિનિધિમંડળ રસૂલે કાઈનાત ﷺ સાથે મુનાઝરો કરવા માટે મદીના પાક આવ્યું. અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامને કહ્યું કે આપ ગુમાન કરો છો કે ઈસા علیہ السلام અલ્લાહના બંદા છે ? આપે ફર્માવ્યું, હા ! બેશક ! તે અલ્લાહના બંદા, તેના રસૂલ અને તેના કલમા છે જે કુંવારી મરયમ તરફ ઈલ્કા કરવામાં આવ્યા. આ સાંભળીને ઈસાઈ ખૂબ જ ગુસ્સે થયા અને કહેવા લાગ્યા કે હે મુહમ્મદ ! (ﷺ) શું તમે કદી બાપ વિનાનો માણસ જોયો છે ? એનાથી એમનો મતલબ એ હતો કે હઝરત ઈસા અલ્લાહના પુત્ર છે. (મઆઝલ્લાહ !) હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હઝરત ઈસા તો કેવળ બાપ વિના જ પેદા કરવામાં આવ્યા અને હઝરત આદમ علیہ السلام તો મા તથા બાપ બંનેવના વગર પેદા કરવામાં આવ્યા ! તો જ્યારે તેમને અલ્લાહના બંદા માનો છો તો હઝરત ઈસા علیہ السلامને અલ્લાહના બંદા માનવામાં શું આશ્ચર્ય છે ?!

### ★ અહલે બયતની ફઝીલત અને કુર્આન ★

સરકાર ﷺએ દલીલની સાથે હક્કને વર્ણવ્યું પણ ઈસાઈ સતત ઝઘડતા રહ્યા અને પોતાની હઠ પર રહ્યા. તો અલ્લાહ રબ્બુલ ઈઝઝતે આ આયતે કરીમા નાઝિલ કરી અને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامને હુકમ આપ્યો કે ઈસાઈઓને મુબાહિલાની દા'વત આપો. જ્યારે સરકાર ﷺએ ઈસાઈઓને મુબાહિલાની દા'વત આપી અને આયતે કરીમા પઢીને સંભળાવી તો ઈસાઈ કહેવા લાગ્યા કે અમે ચર્ચા વિચારણા કરી લઈએ પછી કાલે આપને જવાબ આપીશું. જ્યારે તે લોકો ભેગા થયા તો તેમણે પોતાના સૌથી મોટા પાદરી અને સાહિબુર્રાય શખ્સ આકિબને કહ્યું કે હે અબ્દુલ મસીહ ! આ મામલામાં આપની શું રાય છે ? તેણે કહ્યું, હે નસારાની જમાઅત ! તમે ઓળખી ચૂક્યા છો કે મુહમ્મદ (ﷺ) નબી મુરસલ જરૂર છે તો જો તમે તેમનાથી મુબાહિલા કર્યો તો સૌ હલાક (બર્બાદ) થઈ જશો. હવે જો ઈસાઈયત પર કાયમ રહેવા ચાહતા હોવ તો તેમને છોડી દો અને ઘરે પરત થઈ જાવ.

આ મશ્વરો કરીને ઈસાઈ જ્યારે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા તો તેમણે જોયું કે **હુઝૂર** علیہ الصلوٰۃ والسلام**ની ગોદમાં ઈમામ હુસૈન છે** અને **દસ્તે મુબારકમાં ઈમામ હસનનો હાથ છે** અને **હઝરત અલી** તથા **હઝરત ફાતિમા** رضی اللہ عنہا **હુઝૂરની પાછળ છે** અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ લોકોને ફર્માવી રહ્યા છે કે **જ્યારે હું દુઆ કરું**

**તો તમો સૌ આમીન કહેજો.** નજરાનના સૌથી મોટા પાદરી અબ્દુલ મસીહે જ્યારે આ હઝરાતને જોયા તો કહેવા લાગ્યો, **હે નસારાની જમાઅત ! બેશક ! હું એવા ચહેરા જોઈ રહ્યો છું કે જો એ લોકો અલ્લાહ તઆલાથી પહાડને હટાવવાની દુઆ કરે તો અલ્લાહ તઆલા પહાડને તેની જગાએથી હટાવી દે.** *(તફસીરે ખાઝિન)* પછી પાદરીએ કહ્યું કે જો તેમનાથી મુબાહિલા કરશો તો બર્બાદ થઈ જશો અને કયામત સુધી પૃથ્વીના પટ પર કોઈ ઈસાઈ બાકી રહેશે નહીં. ઈસાઈઓએ પાદરીની વાત માની લીધી અને જિઝયો આપવો મંજૂર કર્યો પણ મુબાહિલાના માટે હરગિઝ તૈયાર ન થયા. રસૂલે કાઈનાત ﷺએ ફર્માવ્યું, કસમ છે એ જાતની કે જેની કુદરતના કબજામાં મારી જાન છે ! કે નજરાનવાળાઓ પર અઝાબ તદ્દન નજીક આવી ચૂક્યો હતો. જો તેઓ અમારી સાથે મુબાહિલા કરત તો વાંદરાઓ અને સુવ્વરોની સૂરતમાં મસ્ખ કરી દેવામાં આવત અને અલ્લાહના અઝાબની આગથી જંગલો સળગી જાત. નજરાન અને ત્યાંના રહેનારાં પશુ પક્ષીઓ સુદ્ધાં નષ્ટ થઈ જાત અને એક વરસની મુદ્દતમાં સર્વ જમીનના ઈસાઈ તબાહ તથા બર્બાદ થઈ જાત.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન બહવાલા ખુત્બાતે મુહર્રમ)*

વધારે વિગતમાં ન જતાં વિચારો કે રસૂલુલ્લાહ ﷺની દુઆ પર આમીન કહેનારા આ અહલે બયતનો મકામ કેટલો ઉચ્ચ છે ! અન્ય કોઈ ફઝીલત ન પણ વર્ણવવામાં આવે તો પણ આ શું ઓછી ફઝીલત છે ? કોણ છે દુનિયામાં કે જે એમના આ ઉચ્ચ મર્તબાએ પહોંચી શકે ?!

## ★ અહલે બયતનો મકામ હદીષોની રોશનીમાં ★

તિર્મિઝી શરીફમાં છે : હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હજ્જતુલ વિદાઅમાં અરફાના દિવસે રસૂલુલ્લાહ ﷺને એ હાલમાં જોયા કે આપ ઊંટણી પર સવાર હતા અને ખુત્બો આપી રહ્યા હતા. મેં સાંભળ્યું આપ એવું ફર્માવી રહ્યા હતા કે, "હે લોકો ! મેં તમારા વચ્ચે બે ચીજો છોડી છે કે જો તમે એને પકડી રાખેલ રહેશો તો કદી ગુમરાહ ન થશો. અને તે ચીજ એક તો અલ્લાહની કિતાબ છે અને બીજી મારી આલ મારી અહલે બયત છે.

*(મિશ્કાત શરીફ, પેજ–૫૬૯)*

અને તિબ્રાની શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મો'મિન બંદો કામિલ નથી થઈ શકતો જ્યાં સુધી કે મને પોતાની જાનથી, મારી ઔલાદ (હસ્નૈન વગેરે)ને પોતાની ઔલાદથી, મારા ઘરવાળાંઓને પોતાના ઘરવાળાથી અને મારી જાતને પોતાની જાત કરતાં અધિક મહબૂબ ન રાખે. *(અશ્શરફુલ મઅબદ, પેજ–૮૫, બહવાલા ખુત્બાતે મુહર્રમ)*

ઈમામ અહમદ રિવાયત કરે છે કે હુઝૂરે અન્વર ﷺએ હઝરત હસન તથા હઝરત હુસૈન رضی اللہ عنہماના હાથોને પકડીને ફર્માવ્યું, "જેણે મારી સાથે મહોબ્બત રાખી અને આ બંનેવથી અને તેમનાં માબાપથી રાખી તો કયામતના દિવસે મારી સાથે મારા દરજા પર હશે." (ઉપર મુજબ, પેજ–૮૬) એટલે કે પંજતન પાકથી મહોબ્બત રાખનાર ખિદમતગારના તૌર પર હુઝૂર ﷺના દરજામાં જોવા મળશે. એ મતલબ નથી કે તેનો મકામ પણ તે હશે.

## ★ જે શખ્સ કશ્તીમાં સવાર થયો તેણે નજાત મેળવી ! ★

હઝરત અબૂઝર رضی اللہ عنہએ કા'બા શરીફનો દરવાજો પકડીને ફર્માવ્યું કે મેં રસૂલે અકરમ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, જાણી લો કે મારા અહલે બયત તમારા લોકો માટે નૂહ (علیہ السلام)ની કશ્તીના સમાન

છે. જે શખ્સ કશ્તીમાં સવાર થયો તેણે નજાત મેળવી અને જે કશ્તીમાં સવાર થવાથી પાછો રહી ગયો તે હલાક થઈ ગયો. *(મિશ્કાત શરીફ, પેજ : ૫૭૩)*

અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મારા સહાબીઓ તારાઓની જેમ છે એમનામાંથી તમો જેની પણ પયરવી કરશો હિદાયત પામશો. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૫૫૪)*

હઝરત અલ્લામા ફખ્રુદીન રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે બિહમ્દિહી તઆલા **આપણે અહલે સુન્નત વ જમાઅત, અહલે બયતની મહોબ્બતની કશ્તી પર સવાર છીએ અને હિદાયતના ચમકતા તારાઓ સહાબાએ કિરામથી હિદાયત પામ્યા,** જેથી આપણે લોકો ક્યામતની ભયાનક્તાઓ અને જહન્નમની આગથી મહેફૂઝ રહીશું. *(મિર્કાત શરહે મિશ્કાત, પે/૬૧૦)*

મતલબ એ છે કે જે લોકો અહલે બયતની કશ્તી પર સવાર ન થયા, જેમ કે **ખારજી** કે તેમણે અહલે બયતથી મહોબ્બતને બદલે તેમનાથી દુશ્મની કરી તો તેઓ હલાક થયા અને **રાફઝી** જે આ કશ્તીમાં સવાર તો થયા પણ હિદાયતના સિતારાઓ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી હિદાયત હાંસલ ન કરી તો તેઓ પણ કુફ્ર તથા ગુમરાહીના અંધકારમાં ખોવાય ગયા. આ'લા હઝરતે શું સરસ ફર્માવ્યું છે;

*અહલે સુન્નત કા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર–નજ્મ હૈ ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ ﷺકી*

અને તિબ્રાની તથા હાકિમ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરે છે કે રસૂલે કાઈનાત ﷺએ ફર્માવ્યું, "જો કોઈ શખ્સ બયતુલ્લાહ શરીફના એક ખૂણા અને મકામે ઈબ્રાહીમની વચ્ચે ચાલ્યો જાય અને નમાઝ પઢે અને રોઝા રાખે પછી તે અહલે બયતની દુશ્મની પર મરી જાય તો તે જહન્નમમાં જશે." *(અશ્શરફુલ મઅબદ, પેજ : ૯૨)*

## ★ સહાબા, ઈમામો, બુઝુર્ગો થકી અહલે બયતની શાન ★

નબીઓ બાદ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ફર્માવે છે : રસૂલે અકરમ ﷺના રિશ્તેદારોની ખિદમત કરવી મને મારા સગાંઓની ખિદમત કરતાં અધિક પ્રિય છે. *(ઉપર મુજબ, પેજ : ૮૭)*

અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ મહાન સહાબી અને સાબિકીને અવ્વલીન (શરૂમાં ઈમાન લાવનારાઓ)માંથી છે, તે ફર્માવે છે : આલે રસૂલની એક દિવસની મહોબ્બત એક વરસની ઈબાદતથી બેહતર છે. *(ઉપર મુજબ, પેજ : ૮૫)*

હઝરત અલ્લામા યૂસુફ બિન ઈસ્માઈલ નબ્હાની رضی اللہ عنہ લખે છે કે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہએ હઝરત ઈબ્રાહીમ બિન અબ્દુલ્લાહ મહઝ બિન હસન મુષન્ના બિન હઝરત ઈમામ હસન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની હિમાયત કરી અને લોકોને ફત્વો આપ્યો કે લાઝમી તૌર પર તેમની સાથે અને તેમના ભાઈ મુહમ્મદની સાથે રહે. કહેવાય છે કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہની કૈદ અસલમાં એ જ બિના પર હતી, ભલે જાહેરમાં સબબ એ હતો કે તેમણે કાઝીનો હોદ્દો સ્વીકારવાથી ઈન્કાર કર્યો હતો." *(ઉપર મુજબ, પેજ : ૮૮)*

આલે રસૂલની અઝમત તથા બુઝુર્ગી જાહેર કરતાં ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે, હે આલે રસૂલ ! આપ લોકો માટે આ મહાન ફખ્ર પૂરતુ છે કે જે શખ્સ આપના પર દુરૂદ નથી મોકલતો તેની નમાઝ નથી થતી. અલ્લામા શબાને ફર્માવ્યું, મતલબ એ છે કે **આલે રસૂલ પર દુરૂદ ન પઢનારાની નમાઝ કામિલ નથી થતી.** અને ઈમામ શાફઈના મરજૂઅ કૌલ પ્રમાણે નમાઝ સહીહ નથી થતી. *(ઉપર મુજબ, પેજ–૮૮, બહવાલા ખુત્બાતે મુહર્રમ)*

હદીષ શરીફમાં છે : ફર્માવ્યું, તારાઓ આસ્માનવાળાઓ માટે અમ્નનો સબબ છે, અને મારા અહલે બયત

જમીનવાળાઓ માટે અમ્ન છે. અને એક રિવાયતમાં છે : મારા અહલે બયત મારી ઉમ્મતના માટે અમ્ન છે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૪૬)*

સારાંશ કે અનેક હદીષો તથા સહાબા તથા બુઝુર્ગો, ઈમામોનાં કથનો તથા અમલો આલે રસૂલની ફઝીલતની સાથો સાથ મહોબ્બત તથા તા'ઝીમનો સબક્ આપે છે. રબ્બે કરીમ આપણને સૌને અહલે બયતની મહોબ્બતમાં જીવવાની તૌફીક્ બખ્શે.

## ★ અહલે બયતના આ'લા કિરદારના અમુક નમૂના ★

આલે રસૂલના જેવી મહાન ફઝીલતો છે તેવા જ ઉચ્ચ અખ્લાક્ના નમૂના તેમની જિંદગીઓમાં જોવા મળે છે જે આશિક્ે અહલે બયત કહેનાર આપણા સૌના માટે સબક્ લેવાનો મક્ામ તથા અનુસરણને પાત્ર છે.

તફસીરે ખાઝિન અને મુઆલિમુત્તન્ઝીલ વગેરેમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હસ્નૈન કરીમૈન رضی اللہ عنہما બીમાર થયા તો સરકારે અક્દસ ﷺ અને સહાબાએ કિરામ અયાદત માટે ગયા. કોઈએ હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને મશ્વરો આપ્યો કે આપ નઝર માનો, જો ખુદાએ તઆલા એમને શિફા અતા ફર્માવે તો નઝર પૂરી કરો. હઝરત અલી رضی اللہ عنہ એ ત્રણ રોઝા રાખવાની મન્નત માની. એ જ પ્રમાણે આપની કનીઝ ફિદ્દાએ પણ ત્રણ ત્રણ રોઝા રાખવાની મન્નત માની. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) રબ તઆલાએ હઝરત હસ્નૈનને શિફા અતા ફર્માવી. હવે નઝર પૂરી કરવાનો સમય આવ્યો. સર્વ લોકોએ રોઝા રાખ્યા પણ ઘરમાં કોઈ ચીજ રોઝો ઈફતાર કરવા માટે ન હતી. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એક યહૂદી પાસેથી થોડા જવ કરજ લઈને લાવ્યા. જવનો ત્રીજો ભાગ પીસવામાં આવ્યો અને સાંજના સમયે રોટીઓ તૈયાર કરવામાં આવી. જ્યારે ઈફતારનો સમય આવ્યો અને રોટીઓ ખાવા માટે સામે રાખવામાં આવી તો અચાનક દરવાજા પર એક શખ્સે અવાજ આપ્યો કે, હે રસૂલના અહલે બયત ! હું મિસ્કીન છું, ભૂખો છું ! કાંઈક અલ્લાહના નામ પર આપો. તો સૌ રોટીઓ તેને આપી દેવામાં આવી અને ખુદ સાદુ પાણી પીને સર્વ લોકોએ રોઝો ઈફતાર કર્યો. પછી બીજા દિવસે એ જ પ્રમાણે યતીમે અવાજ આપ્યો તો તેને રોટીઓ આપી દીધી. ત્રીજા દિવસે પણ એક કેદીએ અવાજ આપ્યો તો એ જ પ્રમાણે રોટીઓ આપી દેવામાં અને સૌ ભૂખ્યા રહ્યાં. તો અહલે બયતની શાનમાં આ આયત ઉતરી :

يُوْفُوْنَ بِالنَّذْرِ وَ يَخَافُوْنَ يَوْمًا كَانَ شَرُّهٗ مُسْتَطِيْرًا ۝٧ وَ يُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّ يَتِيْمًا وَّ اَسِيْرًا ۝٨ اِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللّٰهِ لَا نُرِيْدُ مِنْكُمْ جَزَآءً وَّ لَا شُكُوْرًا ۝٩

"અને એ લોકો ખાવા ખવડાવે છે તેની મહોબ્બત પર મિસ્કીન, યતીમ તથા કૈદીને. અને તેમને કહે છે કે અમે તમને અલ્લાહની ખુશ્નુદી માટે ખવડાવીએ છીએ, ન અમે કોઈ તારાથી બદલો ચાહીએ છીએ અને ન શુક્રિયા." *(સૂ. દહર, આ. ૭ થી ૯)*

આ છે કિરદાર અહલે બયતનો કે ખુદ ભૂખ્યા રહી જરૂરતમંદોને ખાવા ખવડાવે છે ! આ પરથી ઘણા બોધ આપણને મળી શકે છે. અલ્લાહ અમલની તૌફીક્ આપે.

## ★ અહલે બયતનું ઘરાનુ સખી ઘરાનુ ! ★

આજે કેટલાક લોકો કેવળ લોકોનું ખાવામાં જ સમજે છે, કોઈને ખવડાવવાનું કે કોઈના એહસાનનો

બદલો ચૂકવવાનું પણ નથી સમજતા. અહીં જુઓ કે ઈમામે હસન رضی اللہ عنہની સખાવત કેવી હતી તેને વાંચો અને બોધ ગ્રહણ કરો.

એકવાર હઝરત ઈમામ હસન, હઝરત ઈમામ હુસૈન તથા અબ્દુલ્લાહ બિન જઅફર رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ હજ માટે જઈ રહ્યા હતા. જે ઊંટ પર સામાન લાદેલો હતો તે ક્યાંક પાછળ રહી ગયું. આપ સૌ ભૂખ્યા થયા તો એક વૃધ્ધાને ત્યાં દૂધ પીધુ અને બકરી ઝબહ કરીને ખાધુ. અને વૃધ્ધાને કહ્યું કે અમો કુરૈશ છીએ સફરથી પરત થઈશું તો અમારી પાસે આવજો. અમે તમારા આ એહસાનનો બદલો ચૂકવી આપીશું. જ્યારે તે વૃધ્ધાનો પતિ ઘરે આવ્યો તો નારાજ થઈને કહેવા લાગ્યો, તેં બકરી તે લોકોને ખવડાવી દીધી જેમને તું જાણતી પણ નથી કે તે કોણ છે ? થોડા દિવસો પસાર થયા હતા કે તે પતિ પત્ની મુફલિસીના કારણે મદીના મુનવ્વરા આવીને વસ્યાં અને ઊંટની લીંડીઓ વીણીને તેને વેચીને ગુજરાન ચલાવતાં. એકવાર ઈમામ હુસૈને તે વૃધ્ધાને જોઈ લીધી અને ઓળખી લીધી. તો આપે હુકમ આપ્યો કે એક હજાર બકરીઓ ખરીદીને આ વૃધ્ધાને આપવામાં આવે અને સાથે એક હજાર રોકડા આપવામાં આવે. જેથી હુકમ પ્રમાણે આપવામાં આવ્યું. પછી આપે વૃધ્ધા સાથે ગુલામને મોકલીને ઈમામ હુસૈન પાસે મોકલી. આપે પૂછયું કે ભાઈ સાહબે તમને શું આપ્યું ? તો વૃધ્ધાએ જવાબ આપ્યો કે હજાર બકરીઓ અને હજાર દીનાર. તો આપે પણ એક હજાર બકરીઓ અને એક હજાર દીનાર તેણીને આપ્યા. પછી આપે ગુલામની સાથે વૃધ્ધાને હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર رضی اللہ عنہ પાસે મોકલી. તેમણે પૂછયું કે બંનેવ ભાઈઓએ તમને શું આપ્યું ?તો તેણીએ જણાવ્યું કે બે હજાર બકરીઓ અને બે હજાર દીનાર. તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضی اللہ عنہએ પણ તેણીને બે હજાર બકરીઓ અને બે હજાર દીનાર આપ્યા. સૌ લઈને તેણી પોતાના પતિ પાસે પહોંચી અને જણાવ્યું કે આ ઈનામ મને તે સખીઓએ આપ્યું છે જેમને મેં બકરી ખવડાવી હતી. *(કીમિયાએ સઆદત બહવાલા સચ્ચી હિકાયત, ભાગ–૧)*

## ★ અહલે બયતના ઉચ્ચ અખ્લાક્ની ઝલક ! ★

હઝરત ઈમામ હસન رضی اللہ عنہ વિશે કિતાબોમાં આવેલુ છે કે તેમણે પોતાની જિંદગીમાં ચાર કે પાંચ વાર પોતાની સર્વ પ્રોપર્ટી ખુદાની રાહમાં આપી દીધી હતી. એમનો બનાવ છે કે એકવાર આપ દસ્તરખાન પર હતા અને આપની લોંડીથી સાલનનો પ્યાલો છૂટી ગયો અને આપના પર પડયો. આપે તેણી તરફ જોયું તો તેણીએ કુર્આનની આયત (સૂ. આલે ઈમરાન–૧૩૪) પઢી : وَالْكٰظِمِيْنَ الْغَيْظَ ''અને ગુસ્સો પીવાવાળા.'' તો આપ ગુસ્સો પી ગયા. તેણીએ આગળ પઢયું : وَالْعَافِيْنَ عَنِ النَّاسِ ''અને લોકોથી દરગુઝર કરવાવાળા.'' તો આપે કહ્યું, જા! મેં તને માફ કર્યું. તેણે આગળ પઢયું : وَاللّٰهُ يُحِبُّ الْمُحْسِنِيْنَ ''અને એહસાન કરનારા (નેક લોકો) અલ્લાહને મહબૂબ છે.'' આપે ફર્માવ્યું, જા ! મેં તને આઝાદ કરી. સારાંશ કે અહલે બયત કેવળ કુર્આન સાંભળતા ન હતા પણ તેને સમજીને તેના પર અમલ કરી બતાવતા હતા. સબ્ર, સંયમ અને દરગુઝર તથા એહસાન કરનારા હતા.

આપની સહનશીલતાનો અંદાઝો આ બનાવ પરથી પણ લગાડી શકાય છે કે એકવાર હઝરત ઈમામ હસન પોતાના ઘરના દરવાજા પર બેઠેલા હતા એવામાં જંગલથી એક ગામડીયો આવ્યો અને આપને ગાળો દેવા માંડયો કે તું આવો છે ! તારો બાપ આવો છે ! તારી મા આવી છે ! આપે ઉઠીને પૂછયું કે હે ગામડાવાસી ! શું તમે ભૂખ્યા છો ? કે તમને કોઈ અન્ય તકલીફ છે ?! છતાં તે એ જ પ્રમાણે ગાળો આપતો રહ્યો. હઝરત ઈમામ હસને પોતાના નોકરને કહ્યું કે સોના તથા ચાંદીનો એક થેલો લાવીને એને આપી દો ! જ્યારે નોકરે થેલો આપી દીધો તો આપે

કહ્યું, હે ગામડાવાસી ! માફ કરજો કેમ કે આજે અમારા ઘરમાં આનાથી વિશેષ કાંઈ નથી ! જ્યારે ગામડાવાસીએ આ વાત સાંભળી તો તરત જ બોલી ઉઠયો : હું ગવાહી આપુ છું કે આપ રસૂલુલ્લાહ ﷺના પુત્ર છો ! હું અત્યારે આપનો સંયમ, સહન શક્તિ અજમાવવા આવ્યો હતો. એ હક઼ીક઼ત છે કે લોકોની તરફથી પ્રશંસા કે બુરાઈ આપ હઝરાતની દષ્ટિમાં એક સરખાં છે.

એવો જ એક બનાવ અહલે બયતના કોઈ ઈમામનો છે કે એક શખ્સ તેમના વિશે ગલત સલત બોલી રહ્યો હતો, કે તમે જૂઠા છો, તમે આમ છો તેમ છો. તો તેમણે ફર્માવ્યું કે હે શખ્સ ! ખરેખર હું એવો જ છું જેવું કે તું કહી રહ્યો છે તો અલ્લાહ મને માફ કરે. અને જો તું જૂઠુ બોલે છે તો અલ્લાહ તને માફ કરે. તો તે શખ્સ શાર્મિંદો બની માફી માગવા લાગ્યો.

## ★ ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہની આજીજી તથા ઈન્કેસારી ★

એકવાર આપ (ઈમામ ઝયનુલ આબિદીન) કાબાના ગિલાફમાં લપાઈને ચાંદની રાતમાં ઘણા જ દર્દનાક અવાજમાં રડી રડીને દુઆ કરી રહ્યા હતા કે, ''....હે મૌલા હું ગુનેહગાર છું, હું ફક઼ીર છું, મિસ્કીન છું, હું કૈદી છું. તારા દરવાજા પર તારી રહમતનો ઉમેદવાર બનીને ઉભો છું. પછી અશ્આરમાં કહ્યું'' (અર્થ) :..... હું તારાથી દુઆ કરું છું તું મારા રૂદન પર રહમ ફર્માવ !... તું મારા માટે તારી મગફિરતની સખાવત ફર્માવી દે કે મને માફ ફર્માવી દે ! હે બખ્શિશ તથા કરમવાળા !.... ત્યાર પછી આકાશ તરફ માથુ ઊંચુ કરીને કહેવા લાગ્યા કે, હે મૌલા ! જો મેં તારી ફર્માબરદારી કરી છે તો એ તારુ મહાન એહસાન છે અને જો મેં તારી નાફર્માની કરી છે તો એ મારી જહાલત છે.... તું મારા પર રહમ ફર્માવ..... છેવટે કહ્યું, હું ઘણા જ ખરાબ અને રદ્દી પ્રકારના અમલો લઈને આવ્યો છું અને બધી મખ્લૂક઼માં મારાથી મોટો ગુનો કોઈએ નથી કર્યો ! આવુ કહેતાં કહેતાં બેહોશ થઈને જમીન પર પડી જાય છે. ........ *(રૂહાની હિકાયતો, ભાગ : ૨)*

પ્રસંગ લાંબો છે પણ અહીં ટૂંકાવીને રજૂ કર્યો છે. દર્શાવવાનું એ છે કે ઈમામ ઝયનુલ આબિદીન જ જેમનો લકબ છે, પોતે સૈયદુસ્સાદાત છે, જેમની જ ઔલાદમાંથી સાદાતે કિરામનો વંશ ચાલ્યો ને દુનિયાભરમાં સાદાતે કિરામ ફેલાયા તેમની રબની બારગાહમાં આ આજીજી અને આ દુઆ છે. જ્યારે એમના જેવો ખુદાથી ડરનાર, તક઼વાવાળો, ગુનાહોથી તદન મહેફૂઝ શખ્સ દુનિયામાં દુર્લભ છે છતાં આ આજીજી છે ! એમણે ન પોતાના નસબ પર ફખ્ર કર્યો કે ન પોતાને નેક અમલોથી, શરીઅતની પાબંદીથી, તક઼વા પરહેઝગારીથી બેપરવા કર્યા છતાં આ આજીજી છે ! તો આ આપણા જેવા ગુનેહગારો માટે ઈબ્રતનો તથા બોધ લેવાનો મક઼ામ છે. અહલે બયતના કિરદારો આવા હતા તો આપણે તેના પર ચાલવા કોશિશ કરવી જોઈએ.

## ★ અહલે બયતની સ્ત્રીઓને પાકીઝગીની નસીહત ★

કુર્આને પાકમાં છે : ''હે નબીની બીવીઓ ! તમે અન્ય સ્ત્રીઓની જેમ નથી. જો અલ્લાહથી ડરો તો વાતમાં એવી નરમી ન કરો કે દિલનો રોગી કાંઈક લાલચ કરે. હા ! સારી વાત કહો'' (સૂ. અહઝાબ, ૩૩/૩૨) બીજી આયતમાં છે : ''અને પોતાના ઘરોમાં રોકાયેલી રહો અને બેપર્દા ન રહો જેવી આગલી જાહિલિયતની બેપર્દગી, અને નમાઝ ક઼ાયમ રાખો અને ઝકાત આપો અને તેના રસૂલનો હુકમ માનો. અલ્લાહ તો એ જ ચાહે છે હે નબીના અહલે બયત ! કે તમારાથી દરેક નાપાકી દૂર કરી આપે અને તમને પાક કરીને ખૂબ સુથરા કરે.'' *(સૂ. અહઝાબ, ૩૩/૩૩)*

આગલી જાહિલિયત એટલે ઈસ્લામ પહેલાંની કે સ્ત્રીઓ **એ જમાનામાં ઈતરાતી (નાઝ નખરા સાથે) નીકળતી હતી, પોતાના સાઝ શણગાર તથા હુસ્નને પ્રદર્શિત કરતી કે ગૈર મર્દો જુએ. લિબાસ એવા પહેરતી હતી જેનાથી શરીરનાં અંગો સારી રીતે ન ઢંકાય.** અને પાછલી જાહિલિયતથી આખર જમાનો મુરાદ છે જેમાં લોકોના કામો પહેલાંની જેમ થઈ જશે. આ આયતથી અહલે બયતની ફઝીલત સાબિત થાય છે અને અહલે બયતમાં નબી કરીમ ﷺની પાક બીવીઓ, હઝરત ખાતૂને જન્નત ફાતિમા ઝહ્રા અને અલી મુર્તઝા અને હસ્નૈન કરીમૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ સૌ સામેલ છે. આ આયતમાં અહલે બયતને નસીહત કરવામાં આવી છે કે જેથી તેઓ બચે અને તક્વો તથા પરહેઝગારીના પાબંદ રહે." *(ખઝાઈનુલ ઈર્ફાનમાંથી)*

સર્વ અઝવાજે મુતહ્હરાત બાપર્દા જીવન જીવ્યાં અને હઝરત ફાતિમા رضی اللہ عنہاની હયાનો આલમ એ હતો કે પોતાના જનાઝાને પણ અંધારામાં કાઢવા વસિયત કરી હતી જેથી તેના પર કોઈ ગૈરની નજર ન પડે. તો વર્તમાન સ્ત્રીઓએ જેઓ બેપર્દા અર્ધ નગ્ન જેમ રહીને બજારો, પાર્કોમાં ફરતી રહે છે તેઓએ બોધ લેવો જોઈએ.

## ★ દુનિયા તથા વાહ વાહ કમાવા જાલી સાદાત બનનારાઓને ચેતવણી ! ★

વર્તમાન સમયમાં તકસાધુઓની કાંઈ કમી નથી, જોયું કે પબ્લિક સાદાતોની ખૂબ તા'ઝીમ કરે છે અને ખૂબ નઝરાણાથી નવાઝે છે, મુરીદ બને છે, તો કેટલાય બનાવટી લોકો સૈયદ તથા પીર બની બેઠા છે. કેટલા તો એવા સૈયદ બની ગયા કે કોઈના દાદી સૈયદ હતાં દાદા પઠાણ, પણ હવે પોતાને સૈયદ મશ્હૂર કરી દીધા, તો કોઈ સૈયદવાડમાં વરસોથી રહેતા હતા તો સૈયદ બની ગયા... વગેરે. જયારે કે હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاની જ ખુસૂસિયત છે કે તેમની ઔલાદ હસન હુસૈન સૈયદ બન્યા અને એમને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સૈયદ તથા પોતાના પુત્રો કહ્યા અને તેમની નસલથી સાદાતનો ક્રમ ચાલ્યો. હવે દરેક સૈયદ બાપ જેનો વંશ સાચે જ હસન, હુસૈનથી મળતો હોય તે જ સૈયદ ગણાશે, બાપ ગૈર સૈયદ હોય તો નહીં, ભલે મા સૈયદા હોય. છતાં ઘણા યેન કેન પ્રકારે જાણીબુઝીને સૈયદ મશહૂર થઈ ગયા, પીર બની ગયા અને કેટલાય ઈલાકાઓમાં મુરીદો કરી લીધા ! તેઓ નીચેનુ લખાણ વાંચે અને સમજે કે જૂઠો દાવો કરી પોતાને સૈયદ જાહેર કરનાર પોતાને હલાલ સ્થાનેથી હરામીની લિસ્ટમાં દાખલ કરનાર છે.

બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ શરીફ, તિર્મિઝી શરીફ, નસાઈ શરીફ વગેરે હદીષની આધારભૂત કિતાબોમાં હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયત છે. સરકારે અક્દસ ﷺએ ફર્માવ્યું, **"જે પોતાના બાપને છોડીને બીજાથી પોતાને સંબંધિત કરે તો એના પર અલ્લાહ, ફરિશ્તાઓ અને સઘળા લોકોની લા'નત છે. અલ્લાહ તઆલા એનો ફર્ઝ અને નફ્લ કાંઈ ક્બૂલ કરશે નહીં."**

આ હદીષથી જાણવા મળ્યું કે પોતાનો બાપ છોડીને બીજા તરફ પોતાનો સંબંધ કરવો ગમે તે કુટુંબમાં લઈ જઈને હોય તો પણ એ હરામ સખત હરામ છે અને અલ્લાહ અને એની મખ્લૂક્ની લા'નતનો સબબ છે, એની ઈબાદતો કબૂલ કરવામાં આવતી નથી, તો પછી કોઈ જૂઠી રીતે પોતાને નબીના કુટુંબમાં લઈ આવે તે કેટલા મોટા ગુનાહનું કામ છે એ પોતે જ સમજી શકે છે. માટે જૂઠી રીતે દા'વો કરી સૈયદ અને આ'લે રસૂલના વર્તુળમાં આવનાર લોકો આ હદીષે પાકથી શિખામણ પ્રાપ્ત કરી ખોટા દા'વાથી તૌબા કરી લે, નહીં તો ખોટી ઈજ્જત આખેરતમાં કામ લાગશે નહીં.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ رَفَعْنَا فَوْقَهُمُ الطُّوْرَ بِمِيْثَاقِهِمْ وَ قُلْنَا لَهُمُ ادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّ قُلْنَا لَهُمْ لَا تَعْدُوْا فِي السَّبْتِ وَ اَخَذْنَا مِنْهُمْ مِّيْثَاقًا غَلِيْظًا (١٥٤) فَبِمَا نَقْضِهِمْ مِّيْثَاقَهُمْ وَ كُفْرِهِمْ بِاٰيٰتِ اللّٰهِ وَ قَتْلِهِمُ الْاَنْۢبِيَآءَ بِغَيْرِ حَقٍّ وَّ قَوْلِهِمْ قُلُوْبُنَا غُلْفٌ ؕ بَلْ طَبَعَ اللّٰهُ عَلَيْهَا بِكُفْرِهِمْ فَلَا يُؤْمِنُوْنَ اِلَّا قَلِيْلًا (١٥٥) وَّ بِكُفْرِهِمْ وَ قَوْلِهِمْ عَلٰى مَرْيَمَ بُهْتَانًا عَظِيْمًا (١٥٦) وَّ قَوْلِهِمْ اِنَّا قَتَلْنَا الْمَسِيْحَ عِيْسَى ابْنَ مَرْيَمَ رَسُوْلَ اللّٰهِ ۚ وَ مَا قَتَلُوْهُ وَ مَا صَلَبُوْهُ وَ لٰكِنْ شُبِّهَ لَهُمْ ؕ وَ اِنَّ الَّذِيْنَ اخْتَلَفُوْا فِيْهِ لَفِيْ شَكٍّ مِّنْهُ ؕ مَا لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ اِلَّا اتِّبَاعَ الظَّنِّ ۚ وَ مَا قَتَلُوْهُ يَقِيْنًا (١٥٧) بَلْ رَّفَعَهُ اللّٰهُ اِلَيْهِ ؕ وَ كَانَ اللّٰهُ عَزِيْزًا حَكِيْمًا (١٥٨) وَ اِنْ مِّنْ اَهْلِ الْكِتٰبِ اِلَّا لَيُؤْمِنَنَّ بِهٖ قَبْلَ مَوْتِهٖ ۚ وَ يَوْمَ الْقِيٰمَةِ يَكُوْنُ عَلَيْهِمْ شَهِيْدًا (١٥٩) فَبِظُلْمٍ مِّنَ الَّذِيْنَ هَادُوْا حَرَّمْنَا عَلَيْهِمْ طَيِّبٰتٍ اُحِلَّتْ لَهُمْ وَ بِصَدِّهِمْ عَنْ سَبِيْلِ اللّٰهِ كَثِيْرًا (١٦٠) وَّ اَخْذِهِمُ الرِّبٰوا وَ قَدْ نُهُوْا عَنْهُ وَ اَكْلِهِمْ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ ؕ وَ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ مِنْهُمْ عَذَابًا اَلِيْمًا (١٦١) لٰكِنِ الرّٰسِخُوْنَ فِي الْعِلْمِ مِنْهُمْ وَ الْمُؤْمِنُوْنَ يُؤْمِنُوْنَ بِمَآ اُنْزِلَ اِلَيْكَ وَ مَآ اُنْزِلَ مِنْ قَبْلِكَ وَ الْمُقِيْمِيْنَ الصَّلٰوةَ وَ الْمُؤْتُوْنَ

## સૂરએ નિસાઅ્ની તફસીર

અલ્લાહ ખરાબ વાતની જાહેરાત પસંદ કરતો નથી[1] સિવાય કે જેના પર જુલ્મ થયો હોય.[2] અને અલ્લાહ સાંભળનાર, જાણનાર છે (૧૪૮) જો તમે કોઈ ભલાઈ જાહેરમાં કરો, અથવા છુપી રીતે, યા કોઈની બુરાઈથી દરગુજર કરો, તો બેશક ! અલ્લાહ માફ કરનાર, શક્તિશાળી છે[3] (૧૪૯) તેઓ જે અલ્લાહ અને તેના રસૂલોને માનતા નથી, અને ઈચ્છે છે કે અલ્લાહથી તેના રસૂલોને જુદા પાડી દે,[4] અને કહે છે, અમે કોઈના પર ઈમાન લાવ્યા, અને કોઈના ઈન્કારી બન્યા,[5] અને ઈચ્છે છે કે ઈમાન અને કુફ્રની વચમાં કોઈ માર્ગ કાઢી લે (૧૫૦) એ જ છે સાચે સાચ કાફિર[6] અને અમે તૈયાર કરી રાખ્યો છે. કાફિરો માટે અપમાનજનક અઝાબ (૧૫૧) અને તે જેઓ અલ્લાહ અને તેના બધા રસૂલો પર ઈમાન લાવ્યા, અને તેમનામાં કોઈ પર ઈમાન બાબત ભેદભાવ ન કર્યો, તેમને નજીકમાં જ અલ્લાહ તેમનો સવાબ આપશે[7] અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે[8] (૧૫૨) હે મહબૂબ ! કિતાબવાળાઓ[9] તમને પૂછે છે કે, તેમના પર આકાશમાંથી એક કિતાબ ઉતારી દો[10] તો તેઓ તે મૂસાને એનાથી પણ

*મોટો સવાલ પૂછી ચૂક્યા[૧૧] કે બોલ્યા : અમને જાહેરમાં અલ્લાહ દેખાડી દો. તો તેમને વીજળીના કડાકાએ પકડી લીધા, તેમના ગુનાહો બદલ. પછી વાછરડું લઈ બેઠા[૧૨] એ પછી કે સ્પષ્ટ આયતો[૧૩] તેમની પાસે આવી ચૂકી. તો અમે એ માફ કરી દીધું,[૧૪] અને અમે મૂસાને સ્પષ્ટ ચઢતી આપી[૧૫] (૧૫૩)*

**૧** : એટલે કે કોઈની છુપી હાલતને જાહેર કરવી, એમા નિંદા પણ આવી ગઈ અને ચુગલખોરી પણ. બુધ્ધિમાન તે છે જે પોતાની ઐબોને જુએ. એક કથન એવું છે કે ખરાબ વાતથી ગાળ મુરાદ છે.

**૨** : કારણ કે જાલિમના જુલ્મનું વર્ણન કરવું તેના માટે જાઈઝ છે. તે ચોર અથવા ઝુંટવી લેનાર વિશે કહી શકે છે કે તેણે મારો માલ ચોર્યો અથવા ઝુંટવી લીધો છે.

**શાને નુઝૂલ** : એક માણસ એક કબીલાનો મહેમાન બન્યો હતો. તે લોકોએ તેની સારી મહેમાનગતી ન કરી. જ્યારે પેલો ત્યાંથી ગયો, ત્યારે તેમની શિકાયત કરતાં કરતાં નીકળ્યો તે બાબત આ આયત ઉતરી.

અમુક તફસીરકારોએ કહ્યું છે કે, આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ બાબત ઉતરી, એક માણસ હુઝૂર ﷺના રૂબરૂમાં તેમના વિશે અજુગતુ બોલી રહ્યો હતો. તેમણે ઘણીવાર સુધી ચુપકીદી સાધી પણ પેલો માણસ રોકાયો નહીં ત્યારે તેને એક વાર જવાબ આપ્યો. એ જોઈ હુઝૂર ﷺ ત્યાંથી ઉભા થઈ ગયા. ત્યારે હઝરત સિદ્દીક અબૂબક્રએ વિનંતી કરી કે ''યા રસૂલલ્લાહ ! આ માણસ ક્યારનો મને ભાંડતો હતો, ત્યારે આપે એને કશું ન કહ્યું, અને મેં એક જ વાર જવાબ આપ્યો તો આપ ઉભા થઈ

الزَّكٰوةَ وَ الْمُؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ ؕ اُولٰٓئِكَ سَنُؤْتِيْهِمْ اَجْرًا عَظِيْمًا ﴿۱۶۲﴾ اِنَّاۤ اَوْحَيْنَاۤ اِلَيْكَ كَمَاۤ اَوْحَيْنَاۤ اِلٰى نُوْحٍ وَّ النَّبِيّٖنَ مِنْۢ بَعْدِهٖ ۚ وَ اَوْحَيْنَاۤ اِلٰۤى اِبْرٰهِيْمَ وَ اِسْمٰعِيْلَ وَ اِسْحٰقَ وَ يَعْقُوْبَ وَ الْاَسْبَاطِ وَ عِيْسٰى وَ اَيُّوْبَ وَ يُوْنُسَ وَ هٰرُوْنَ وَ سُلَيْمٰنَ ۚ وَ اٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا ﴿۱۶۳﴾ وَ رُسُلًا قَدْ قَصَصْنٰهُمْ عَلَيْكَ مِنْ قَبْلُ وَ رُسُلًا لَّمْ نَقْصُصْهُمْ عَلَيْكَ ؕ وَ كَلَّمَ اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا ﴿۱۶۴﴾

ગયા ?!'' હુઝૂરે ફર્માવ્યું, ''તમારા તરફથી એક ફરિશ્તો જવાબ આપી રહ્યો હતો, જ્યારે તમે જવાબ આપ્યો ત્યારે ફરિશ્તો નાસી ગયો અને શયતાન હાજર થઈ ગયો.'' તે બાબત આયત ઉતરી.

**૩** : તમે તેના બંદાઓને દરગુઝર કરો, તે (ખુદા) તમને દરગુઝર કરશે.

**હદીષ** : તમે પૃથ્વીવાળાઓ પર રહમ કરો, આકાશવાળો તમારા પર રહમ કરશે.

**૪** : એવી રીતે કે અલ્લાહ પર ઈમાન લાવે અને તેના રસૂલો પર ન લાવે.

**૫. શાને નુઝૂલ** : આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિશે ઉતરી. **યહૂદીઓ હઝરત મૂસા** علیہ السلام **પર ઈમાન લાવ્યા, અને હઝરત ઈસા તેમજ હુઝૂર** ﷺ **સાથે તેમણે કુફ્ર કર્યું.** નસરાનીઓ **હઝરત ઈસા** علیہ السلام **પર ઈમાન લાવ્યા, અને હુઝૂર** ﷺ**નો ઈન્કાર કર્યો.**

**૬ : અમુક રસૂલ પર ઈમાન લાવવું તેમને કુફ્રથી બચાવતું નથી, કારણ કે એક નબીનો ઈન્કાર તમામ નબીઓના ઈન્કાર જેવો છે.**

**૭** : કબીરા ગુનાહ કરનાર પણ એમાં સામેલ છે, કારણ કે તે અલ્લાહ અને તેના બધા રસૂલો પર ઈમાન ધરાવે છે. મુઅતઝિલા ફિર્કાવાળાઓ કબીરા ગુનાહ કરનાર માટે કાયમી અઝાબની માન્યતા રાખે છે.

આ આયતથી તેમના આ અક઼ીદાનું ખંડન સાબિત થયું.

**૮** : આ આયત એ બાબત પ્રતિ સૂચન કરે છે કે (અલ્લાહના) કર્તવ્ય સંબંધી ગુણો (દા.ત. મગફિરત અને રહમત) હમેશાં હમેશથી છે. કારણ કે (એ ગુણોને નવજન્મિત કહેનારને કહેવું પડે છે કે અલ્લાહ તઆલા (મઆઝલ્લાહ) સહુ પ્રથમ ગફૂર અને રહીમ ન હતો, પાછળથી થયો. તેના એ કથનને આ આયત ખંડિત કરે છે.

**૯** : અવળચંડાઈની રાહે.

**૧૦** : એકી સાથે.

**શાને નુઝૂલ** : યહૂદીઓમાંથી કઅબ બિન અશરફ અને ફહહાસ બિન આઝુરાએ સૈયદે આલમ ﷺને કહ્યું "જો તમે નબી હોઉ તો અમારી પાસે આકાશમાંથી એકી સાથે કિતાબ લાવો, જેમ કે મૂસા علیہ السلام તવરાત લાવ્યા હતા."

તેમનો આ સવાલ સત્ય પ્રાપ્તિ માટે ન હતો, પણ અવળચંડાઈ અને તાબેદારી ફગાવવા માટે હતો તે બાબત આ આયત ઉતરી.

**૧૧** : અર્થાત તેમનો આ સવાલ હદ દરજ્જાની અજ્ઞાનતાને લીધે છે. અને આ પ્રકારની અજ્ઞાનતામાં તેમના બાપ-દાદાઓ પણ સપડાએલા હતા. જો સવાલ સત્યની તલબ માટે હોત તો પૂરો કરત, પણ તેઓ તો કોઈ રીતે ઈમાન લાવનાર ન હતા.

**૧૨** : તેને પૂજવા લાગ્યા.

**૧૩** : તવરાત, અને હઝરત મૂસા علیہ السلامના મોજિઝા, જે અલ્લાહના એક હોવા અને હઝરત મૂસાના સત્ય હોવા બાબત સ્પષ્ટ સૂચન કરનાર હતા, અને જો કે તવરાત અમે એકી સાથે જ ઉતારી હતી. પણ 'ભૂંડી ટેવને ઘણા બહાના' અનુસાર તાબેદારી સ્વીકારવાને બદલે ખુદાને જોવાનો સવાલ કરી નાખ્યો.

**૧૪** : જ્યારે કે તેઓએ તૌબા કરી. આમાં હુઝૂર ﷺના સમયના યહૂદીઓ માટે આશા છે કે જો તેઓ પણ તવબહ કરે તો તેમને પણ અલ્લાહ પોતાની કૃપાથી માફ કરી દે.

**૧૫** : એવો ક઼ાબૂ આપ્યો કે જ્યારે આપે બની ઈસરાઈલને તૌબા ખાતર પોતાનાંને જ ક઼ત્લ કરવાનો આદેશ આપ્યો ત્યારે તેઓ નકાર ન કરી શક્યા, અને તેમણે તાબેદારી સ્વીકારી.

# દર્સે હદીષે પાક એટલે
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام પોતાના સહાબીઓને નમાઝ પઢાવી રહ્યા હતા એવામાં આપે જોડા ઉતારી આપ્યા અને પોતાની જમણી બાજુ રાખી દીધા[1] જ્યારે કૌમે એ જોયું તો તેમણે પણ પોતાના જોડા ઉતારી નાખ્યા[2]. જ્યારે હુઝૂરે અન્વર ﷺ એ નમાઝ પૂરી કરી તો ફર્માવ્યું કે તમને જોડા ઉતારવા માટે કોણે તૈયાર કર્યા ? અર્ઝ કરી કે અમે આપને જોડા ઉતારતા જોયા તો અમે પણ અમારા જોડા ઉતારી નાખ્યા. હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ મારી પાસે આવ્યા અને મને બતાવ્યું કે એમાં ગંદકી છે[3] જ્યારે તમારામાંથી કોઈ મસ્જિદમાં આવ્યા કરે તો જોઈ લીધા કરે. જો જોડામાં ગંદકી જુએ તો તેને લુછી નાખે અને તેમાં નમાઝ પઢી લે[4]. (અબૂ દાઊદ, દારમી)*

**૧.** આ સર્વ કાંઈ થોડી સરખી હરકતથી હોય. અને ન અમલે કષીર નમાઝને ફાસિદ કરી દે છે.

**૨.** એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હુઝૂર ﷺ ની પયરવી ગમે તેમ કરીને કરવામાં આવે, કારણ સમજમાં આવે કે ન આવે. જુઓ સહાબાએ કિરામે હુઝૂર ﷺ ને નાલૈન ઉતારતા જોયા તો કારણની તેહકીક્ કર્યા વિના જોડા ઉતારી નાખ્યા અને સરકાર ﷺ એ આ અનુસરણ પર વાંધો નથી કર્યો. બીજુ એ કે સહાબાએ નમાઝમાં સજદાગાહને બદલે પોતાની ઈમાનગાહ એટલે હુઝૂર ﷺ ને જોયા કરતા હતા, નહીં તો તેમને આપના આ ફેઅલ શરીફ (અમલ)ની ખબર કેવી રીતે થાત. મસ્જિદે હરમ શરીફનો નમાઝી નમાઝમાં કા'બાને જુએ એવી જ રીતે હુઝૂર ﷺ ની પાછળ નમાઝ પઢનારા હુઝૂર ﷺ ને નમાઝમાં જુએ★.

**૩.** થૂક, લીંટ વગેરે ધૃણા ઉપજાવતી ચીજો, ન કે નાપાકી (પલીદી) તથા નજાસત, નહીં તો નમાઝને દોહરાવવું વાજિબ થાત. કેમ કે જો ગંદાં કપડાં ગંદા જોડામાં નમાઝ શરૂ કરી દેવામાં આવે પછી ખબર પડે તો નમાઝ ફરીવાર પઢવી પડે છે. બનાવ એ હતો કે હુઝૂરે અન્વર ﷺ એ ખયાલ કર્યો, આ ચીજો પાક છે, એમની સાથે નમાઝ પઢવામાં વાંધો નથી. રબે જિબ્રઈલે અમીનને મોકલ્યા કે, પ્યારા ! તમારી શાનને આ પણ ખિલાફ છે, તમારા લિબાસ પાક પણ જોઈએ અને

*★ વહાબી દેવબંદીઓના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ તેની "સિરાતે મુસ્તકીમ" નામની કિતાબના પેજ નં.૮૬ માં લખ્યું છે કે : "નમાઝમાં તમારી બૈરી સાથે સંભોગ કરવાનો અગર વ્યભિચારને ઉશ્કેરનારો ખ્યાલ વધુ સારો છે અને એક શેખ અથવા એક પવિત્ર માણસનો વિચાર કરવો, અરે ! પાક પૈગંબર સાહેબનો વિચાર પણ કરવો તે તમારા પોતાના બળદ અને ગધેડાના વિચારો કરતાં વધુ ખરાબ છે." હવે ઈન્સાફથી બતાવો કે આ સહાબીઓને નમાઝમાં હુઝૂરનો ખયાલ કેટલી હદે હતો કે આપના દરેક કાર્ય પર સહાબીઓની નજર રહેતી હતી. તો શું સહાબીઓનું નમાઝમાં રસૂલનો ખયાલ કરવું, ખયાલ રાખવું અને રસૂલ ﷺ નું તેના પર વાંધો ન ઉઠાવવું એ વાતની દલીલ નથી કે આ વહાબી દેવબંદીનો અકીદો જે ઉપર દર્શાવ્યો તે મુસલમાનોને ગુમરાહ કરનાર છે. શું કોઈ સહાબીનો આ ઈસ્માઈલ દહેલ્વી જેવો અકીદો હતો ? સહાબીના અકીદા પર ચાલો વહાબીના નહીં !*

સ્વચ્છ પણ. જેથી હદીષ પર ન તો એ વાંધો છે કે હુઝૂર ﷺએ નમાઝ દોહરાવી કેમ નહીં, અને ન એ વાંધો કે હુઝૂર ﷺને પોતાના નાલૈનની પણ ખબર નથી તો અન્યોની તો શું ખબર હશે. જે શહેનશાહ જમીન પર ઉભો રહીને જમીનની અંદર દફન થયેલાનો અઝાબ જોઈ લે અને કબ્રના અઝાબનું કારણ જાણી લે, અને જે એવું ફર્માવે કે, "નમાઝ સહીહ પઢયા કરો, મારા પર તમારા રુકૂઅ સજદા, દિલનો ખુશૂઅ છુપો નથી." એના પર પોતાના નાલૈન (પગરખાં)નો હાલ કઈ રીતે છુપો રહેશે ?! આ હદીષથી જાણવા મળ્યું કે રબ તઆલા પોતાના હબીબની આ અદાની નિગરાની કરે છે, કેમ ન હોય ! ખુદ ફર્માવે છે : فَإِنَّكَ بِأَعْيُنِنَا "હે મહબૂબ ! તમે અમારી નજરોમાં રહો છો" એ પણ જાણવા મળ્યું કે સહાબાએ કિરામ અયન નમાઝમાં હુઝૂરે અન્વર ﷺ ની અદાઓ જોતા હતા અને હુઝૂરે અન્વર ﷺની નકલ કરતા હતા.

**૪.** અમો અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ કે સરકાર ﷺ તથા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નરમ ચપ્પલ પહેર્યા કરતા હતા, જેમાં સજદો બેતકલ્લુફ (કોઈ રુકાવટ વિના) થતો હતો અને યહૂદીની વિરૂધ્ધતા પણ. આ પણ જોડાઓમાં નમાઝ જાઈઝ નથી. એનાથી જાણવા મળ્યું કે જોડા લુછવાથી પાક થઈ જાય છે, જ્યારે ઘટ્ટ નજાસત લાગી હોય, પણ પેશાબ વગેરે (પ્રવાહી) લાગે તો ધોયા વિના પાક થશે નહીં.

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે જ્યારે તમારામાંથી કોઈ નમાઝ પઢે તો પોતાના જોડા ન પોતાની જમણી બાજુ રાખે ન ડાબી તરફ, નહીં તો બીજાની જમણી બાજુ થઈ જશે, પણ એ કે એની ડાબી બાજુ કોઈ ન હોય[૧]. તેને બન્ને પગોની વચ્ચે રાખે. અને એક રિવાયતમાં છે કે અથવા એનામાં જ નમાઝ પઢી લે[૧]. (અબૂ દાઊદ) ઈબ્ને માજહએ એના અર્થ વર્ણન કર્યા.*

**૧.** કેમ કે જમણી તરફ રહમતનો ફરિશ્તો છે જે આપણી નેકીઓ લખે છે. અને નમાઝમાં તે પોતાનું કામ કરી રહ્યો છે જેથી તેની અદબ કરતાં ન એ બાજુ થૂકે ન જોડા રાખે. હા ! જો જમણી બાજુ દૂર જોડા રાખ્યા હોય તો કોઈ વાંધો નથી.

**૨.** જો પાક તથા નરમ હોય. યાદ રાખશો કે જોડામાં નમાઝ અને જોડા પર નમાઝ પઢવામાં ફરક છે. **જો નીચે ગંદકી હોય તો તેને ઉતારીને તેના ઉપર ઉભા રહીને નમાઝ પઢી લે તો જાઈઝ છે કે હવે જોડા લિબાસ નથી, બલ્કે નમાઝની જગા છે જેની ઉપર નાપાકી ન હોવું પૂરતુ છે. જેમ કે લાકડીનો મોટો તખ્તો જેની નીચેની સપાટી નાપાક હોય.**

**(વિભાગ : 3)** *હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં હાજર થયો તો આપને ચટાઈ પર નમાઝ પઢતા જોયા કે એના પર સજદો કરતા હતા[૧]. ફર્માવે છે કે મેં આપને એક કપડામાં લપેટાયેલા નમાઝ પઢતા જોયા[૨]. (મુસ્લિમ)*

**૧.** આ પરથી જાણવા મળ્યું કે જો જમીન અને નમાઝી દરમિયાન કોઈ ચીજ આડ હોય તો નમાઝ દુરુસ્ત છે. ફક્રીહો ફર્માવે છે કે ચટાઈ તથા જે ચીજ જમીનથી ઉગી હોય તેના પર નમાઝ અફઝલ છે, કેમ કે એમાં આજીજીનો ઈઝહાર છે અને ઈમામ માલિકની મુખાલિફતથી બચવું છે કે તેમને ત્યાં જમીનની જિન્સ (જાતી) સિવાય કોઈ ચીજ પર સજદો મકરૂહ છે.

**૨.** ક્યાં તો જાઈઝ હોવાના વર્ણન માટે અથવા એ વખતે બીજુ કપડુ ન હતું. નહીં તો સુન્નત એ છે કે ત્રણ કપડામાં નમાઝ પઢે : કુર્તો, પાયજામો, અમામો. લપેટવાની રીત એ છે કે ચાદરનો જમણો છેડો ડાબા ખભા પર હોય, અને ડાબો જમણા પર.

*હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ઉઘાડા પગે તથા નાલૈન પહેરેલ નમાઝ પઢતા જોયા[૧]. (અબૂ દાઊદ)*

**૧. એટલે કે કદીક એ રીતે. એ બંનેવ કામ એક જ નમાઝમાં ન હોય.**

*હઝરત મુહમ્મદ ઈબ્ને મુન્કદર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે હઝરત જાબિર رضی اللہ عنہ એ કેવળ તેહબંદ (ચાદર)માં નમાઝ પઢી જેને બોચીની તરફ બાંધી લીધેલ હતી[૧]. જ્યારે કે તેમનાં કપડાં ખૂંટી પર રાખેલ હતાં. કોઈએ તેમને અર્ઝ કરી કે શું આપ એક જ ચાદરમાં નમાઝ પઢો છો ?[૨] તો ફર્માવ્યું, મેં એટલા માટે કર્યું કે જેથી તમારા જેવા બેવકૂફ જુએ[3] નબી કરીમ ﷺ ના જમાનામાં કોની પાસે બે કપડાં હતાં[૪]. (બુખારી)*

**૧.** એટલે કે પગથી માથા સુધી એક ચાદરમાં લપેટાયેલ હતા. માથુ તથા ખભ્ભા વગેરે કાંઈ ખુલ્લુ ન હતું. જેથી આજકાલના ફેશન પરસ્ત આ હદીષથી ઉઘાડા માથે અથવા ઉઘાડા ખભાએ નમાઝ માટે દલીલ નથી પકડી શકતા.

**૨.** આ સવાલ આશ્ચર્યના માટે છે. આ આશ્ચર્યથી માલૂમ થાય છે કે એ જમાનામાં એક જ કપડામાં નમાઝ પઢવું છૂટી ચૂક્યું હતું. સર્વ સહાબીઓ પણ ત્રણ અથવા બે કપડાંમાં નમાઝ પઢવાના આદી હતા.

**૩.** બેવકૂફ એટલા માટે કહ્યા કે તેમણે સહાબી પર વાંધો ઉઠાવવામાં ઉતાવળ કરી નાખી. જો બુઝુર્ગોનું કોઈ કામ અયોગ્ય જણાય તો રાહ જોવી જોઈએ કે કદાચ તે પોતે જ એનું કારણ જણાવી આપે. આ જ અદબ મશાઈખ તથા ઉલમાએ હક્કાનીની બારગાહોનો પણ છે. *(અશિઅતુલ લમ્આત)*

**૪.** એટલે કે જો કેવળ એક કપડામાં નમાઝ જાઈઝ ન હોત તો એ ગરીબીના જમાનામાં અમારામાંથી કોઈની નમાઝ ન થાત. એટલે કે મારો અમલ જાઈઝ હોવું વર્ણન કરવા માટે છે, ન કે સુસ્તીના લીધે.

*હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક કપડામાં નમાઝ સુન્નત છે[૧]. અમે એવું નબી કરીમ ﷺ ની સાથે કરતા હતા અને અમારા પર અયબ લગાડવામાં આવતો ન હતો. હઝરત મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એ ત્યારે હતું જ્યારે કપડાંમાં કમી હતી, પણ જ્યારે અલ્લાહે ગુંજાઈશ બખ્શી તો બે કપડાંમાં નમાઝ બેહતર છે[૨]. (અહમદ)*

**૧.** અહીં સુન્નતથી મુરાદ શાબ્દિક અર્થમાં છે, એટલે કે કાર્ય પધ્ધતિ. અથવા એ મતલબ છે કે એનું જાઈઝ હોવું સુન્નતથી સાબિત છે. જેથી આપના આ ફર્માન અને સૈયદના ઈબ્ને મસઊદના ફર્માનમાં ટકરાવ નથી.

**૨.** એટલે કે એક કપડાને બદલે બે કપડાંમાં નમાઝ બેહતર છે. અમુક હદીષોમાં છે કે અમામાની નમાઝ, વગર અમામાની નમાઝ કરતાં ૭૦ દરજા અફઝલ છે. જેથી ત્રણ કપડાંમાં નમાઝ ઘણી જ બેહતર છે. કેમ કે એ હદીષમાં કમીસ તથા પાયજામાનું વર્ણન આપ્યું, એમાં અમામાનું. બંને પર અમલ છે. (ભાગ ૧ સંપૂર્ણ)

وصلی اللہ تعالیٰ علیٰ خیر خلقہٖ سیدنا محمد و اصحابہٖ وسلم

*(અહમદ યારખાન , ખતીબ જામે મસ્જિદે ગૌષિયા, ગુજરાત–પાકિસ્તાન)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત રૂા. ૩૫૦/– (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**દોનોં બની સજેલી અનેલી બની મગર**
**જો પી કે પાસ હૈ સુહાગન કંવરકી હૈ**

*(સજેલી = શણગાર પામેલી. અનેલી = નિરાળી. પી = પિયા, પતિ. સુહાગન = જેનો પતિ જીવતો હોય. કંવર = શહઝાદ)*

**અર્થાત :** બંનેવ બારગાહો (મક્કા તથા મદીના) હુસ્નો જમાલવાળી તથા ફઝ્લો કમાલવાળી દુલ્હનોની જેમ સજેલી ધજેલી છે અને નિરાળી શાન ધરાવે છે, પણ જે દુલ્હનનો પતિ તેની પાસે છે તે જ શાહઝાદાની રાજકુમારી અને જેનો શહઝાદો પોતાની પત્ની બનાવીને પોતાની પાસે રાખશે તો સુહાગન કહેવડાવવાની તો એ જ હક્ક઼દાર છે અને મદીનાની દુલ્હન તે છે કે જેનો આક઼ા દરેક સમયે તેની પાસે શારીરિક રીતે સાથે હોય.

**સર સબ્ઝ વસ્લ યહ હૈ સિયહ પોશ હિજ્ર વો**
**ચમકી દુપટ્ટોંસે હૈ જો હાલત જિગરકી હૈ**

*(વસ્લ = મિલન, મુલાકાત. સિયહપોશ = કાળો માતમી લિબાસ. હિજ્ર = જુદાઈ. ચમકી = જાહેર થઈ)*

**અર્થાત :** ગુંબદે ખદરા લીલા લિબાસમાં સજેલ દુલ્હનની જેમ છે અને લીલો લિબાસ મિલનની નિશાની છે અને બયતુલ્લાહ શરીફે કાળો લિબાસ પહેરેલો છે જે વિરહની હાલત પ્રદર્શિત કરે છે. તો બંનેવ દુલ્હનોના દુપટ્ટાઓએ તેમના દિલની કૈફિયતને જાહેર કરી આપી છે કે રોઝએ અન્વર, મહબૂબને પામીને ખુશીઓ મનાવી રહેલ છે અને બયતુલ્લાહ, હબીબુલ્લાહની જુદાઈમાં ગમની કૈફિયતમાં સપડાયને પરેશાન છે.

ઉપલા ત્રણેવ શેઅરોનો ખુલાસો સુલ્તાનુલ વાઈઝીન મૌલાના મુહમ્મદ બશીરના કલમથી વાંચો :–

એક બુઝુર્ગને કોઈકે પૂછયું કે મક્કા અફઝલ કે મદીના ? તે બુઝુર્ગે પોતાનું પાકીટ કાઢયું, અને કહ્યું, આની કિંમત પાંચ રૂપિયા છે. એમાં જો લાખ રૂપિયાના હીરા રાખી દઉં તો પછી એની કિંમત વધી જશે અને પાંચ રૂપિયાના બદલે એક લાખ રૂપિયા થઈ જશે. યાદ રાખો ! અલ્લાહ તઆલાના ખજાનાઓમાં સૌથી અધિક કિંમતી વજૂદ હુઝૂર ﷺનું છે. હુઝૂર જો જમીન પર હોય તો જમીન આસ્માનથી અફઝલ. અને જો હુઝૂર આસ્માનોમાં હોય તો આસ્માન જમીનથી અફઝલ. આ નિયમાનુસાર હુઝૂર જો મક્કામાં હોય તો મક્કા મદીનાથી અફઝલ અને જો હુઝૂર મદીનામાં હોય તો મદીના મક્કાથી અફઝલ. ફઝીલતનો સબબ હુઝૂર ﷺના વજૂદ પર આધારિત છે. હુઝૂર ﷺ મક્કામાં હતા તો ખુદા તઆલાએ મક્કા મોઅઝ્ઝમાની ક઼સમ યાદ ફર્માવી : لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ "મને ક઼સમ છે એ શહેર (મક્કા)ની" કેમ ? એટલા માટે કે એમાં એનું ઘર (કા'બા) છે ? નહીં ! શું એટલા માટે કે એમાં સફા તથા મરવાની પહાડીઓ છે ? નહીં ! શું એટલા માટે કે એમાં ઝમઝમનો કૂવો છે ? નહીં ! તો પછી

ખુદાએ એ શહેરની કસમ કેમ યાદ ફર્માવી ? ફર્માવ્યું : وَاَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ "હે મહબૂબ ! તમે એ શહેરમાં રહો છો." જાણવા મળ્યું કે આ શરફ (મહાનતા) મક્કાને આપના ત્યાં રહેવાના સબબે મળ્યો. આ ઉસૂલને લક્ષમાં રાખીને મુહદ્દિષીને કિરામ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો ઈમાન અફરોઝ ફેંસલો, એવો ફેંસલો જેના પર સૌની એકમતિ છે, કોઈ એનાથી વિરૂધ્ધ નથી :

وَلَا خِلَافَ اِنَّ مَوْضِعَ قَبْرِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَفْضَلُ مِنْ بُقَاعِ الْاَرْضِ كُلِّهَا بَلْ هُوَ اَفْضَلُ مِنَ السَّمَاوَاتِ وَالْعَرْشِ وَالْكَعْبَةِ

"એમાં કોઈ મતભેદ નથી કે હુઝૂર સરવરે આલમ ﷺની **કબ્ર શરીફની જગા** આખી પૃથ્વીથી અફઝલ છે, બલ્કે તે આસ્માનો કરતાં, **અર્શ કરતાં પણ અફઝલ** છે."

*(અલ્ખફ્ફાજી ફી શરહિશ્ શિફા, જવાહિરુલ બિહાર, ૧/૫૮૫)*

આ છે બુઝુર્ગાને દીનનો ફેંસલો જેના પર તમામ મુહદ્દિષોએ એકમતિ સાધી છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ હકીકતને એક અનોખા, નિરાળા અને ખૂબ જ પ્યારા અંદાજમાં વર્ણવેલ છે.

ફર્માવે છે : "ધારી લો કે કા'બા એક દુલ્હન છે. અને કબ્રે અન્વર એક નવી દુલ્હન છે. એ બંનેવ દુલ્હનો હુસ્નો જમાલમાં સમાન છે. પહેલી જો રશ્કે આફતાબ છે તો બીજી ચાંદને શરમાવે છે, એટલે ન તે આનાથી ઓછી ન આ તેનાથી ઓછી. બંનેવ કમાલના હુસ્નની માલિક છે, અને બંનેવ પોતાની સજધજમાં એક બીજાથી વધીને છે, પણ આ બંનેવમાંથી અધિક મર્તબો કોનો છે ? કિસ્મત બેહતર કોની છે ? એના જવાબમાં મસ્લકે અહલે સુન્નતના મુતાબિક ફેંસલાના માટે જે નિરાળી રીત આ'લા હઝરતે અપનાવી છે અને જે અનોખો અંદાઝ આપે અપનાવ્યો છે તે સંકડો દાદને પાત્ર છે. ફર્માવે છે : *જો પી કે પાસ હૈ વો સુહાગન કંવરકી હૈ*

એટલે કે એ જુઓ કે એ બંનેવમાંથી દુલ્હો કોને ત્યાં રહે છે. અને પોતાના પતિની પાસે કઈ છે ? બંનેવમાંથી જે પોતાના પતિની પાસે છે તે જ ખુશબખ્ત અને બીજી કરતાં મર્તબામાં વધીને છે. જુઓ ! આ ફખ્ર તુર્બતે અત્હર (રોઝએ રસૂલ)ને જ હાંસલ છે કે ફખ્રે અંબિયા હુઝૂર સરવરે આલમ ﷺની સાથે હોવું એના જ હિસ્સામાં આવ્યું છે જેથી માનવું પડશે કે એ જ અફઝલ તથા આ'લા અને એ જ મર્તબામાં ઉચ્ચ છે.

પછી એના બાદ પોતાની માન્યતાના સમર્થનમાં કાળા રંગના કા'બાના ગિલાફ અને લીલા રંગના ગુંબદે ખદ્રાના ગિલાફને અજબના રંગ (અંદાઝ)માં વર્ણન કરે છે.

**સર સબ્ઝે વસ્લ યહ હૈ, સિયાહ પોશે હિજ્ર વહ**
**ચમકી દુપટ્ટોંસે હૈ જો હાલત જિગરકી હૈ**

**અર્થાત** : કેમ કે કાળા રંગનો વિશેષતઃ સંબંધ વિરહ સાથે છે અને લીલો રંગ મિલન તથા મુલાકાત સાથે છે, એટલા માટે ફર્માવ્યું કે પ્રથમ દુલ્હન (કા'બા શરીફ) પોતાના પીયાથી દૂર છે અને વિરહમાં છે, એટલા માટે તેનો આ કાળો ગિલાફ જાણે એક કાળો દુપટ્ટો છે જે એણે પોતાના મહબૂબના વિરહમાં ઓઢી રાખ્યો છે. અને બીજી દુલ્હન (રોઝા મુબારક) કેમ કે પોતાના મહબૂબની પાસે છે અને મુલાકાતના શરફથી મુશર્રફ છે, એટલા માટે એનો લીલો રંગ જાણે એક લીલો દુપટ્ટો છે જે તેણે પોતાના મહબૂબના મિલનની ખુશીમાં ઓઢી રાખ્યો છે. આ બંનેવની કૈફિયત તથા હાલત આ બંનેવના વિવિધ રંગના દુપટ્ટાઓ પરથી જાહેર છે કે પ્રથમ વિરહના કારણે કાળા રંગથી ઢંકાયેલ છે અને બીજી મિલન તથા મુલાકાતના લીધે લીલા રંગથી ઢંકાયેલ છે.

જેથી સાબિત થયું કે કા'બા શરીફ કરતાં રોઝા મુબારક જ અફઝલ છે.

**અપના શરફ દુઆસે હૈ બાક઼ી રહા ક઼ુબૂલ**
**યહ જાને ઉન્કે હાથમેં ક઼ુંજી અષર કી હૈ**

**અર્થાત :** આપણને તો દુઆ કરવાનો હુકમ છે અને દુઆ કરવામાં જ આપણી ઈજ્જત છે અને કર્યે જઈ રહ્યા છીએ અને તે પણ હુઝૂરના ક઼દમોમાં ઉભા રહીને ગુંબદે ખદ઼રાની સોનેરી જાળીઓની સામે કે એનો હુકમ અલ્લાહે આપણને આપ્યો છે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ۔۔الی اخرہ હવે ક઼બૂલ કરવું ખુદાની મરજી છે. અને ખુદાની મરજી આ છે. وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ

તો મતલબ એ થયો કે અસલ મરજી હુઝૂર ﷺની જ ચાલે છે કે આપના હોઠ સિફારિશના માટે હાલી જશે તો لوجدوا اللّٰہ توابارحیما અલ્લાહ પણ ક઼બૂલ ફર્માવી લેશે. નહીં તો ! *ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો*

મતલબ કે ક઼બૂલિયતની ચાવી હુઝૂર ﷺના હાથમાં જ છે.

**જો ચાહે ઉનસે માંગ કે દોનોં જહાં કી ખૈર**
**ઝરના ખરીદા એક કનીઝ ઉનકે ઘરકી હૈ**
*(ઝરના ખરીદા = મફતની)*

**અર્થાત :** બાકી રહ્યો એ મસ્અલો કે શું માગીએ શું ન માગીએ ? શું આપી શકે છે અને શું નથી આપી શકતા ? એ નિરર્થક ચર્ચા છે, કેમ કે બંનેવ જહાનની સર્વ નેઅમતો દરેક સમયે મૌજૂદ છે. (એમના ખાલી હાથોમાં અને સર્વ નેઅમતો આપ ﷺના દરબારની મફતની લોંડીઓ છે, જેને જે ચાહે આપી દે, એમને કોઈ ફરક નથી પડતો, અને ન તો આપ મજબૂર છે કે આપવામાં કોઈ લાચારી હોય, અને અલ્લાહના તરફથી પણ માગનારાઓને નવાઝવાનો હુકમ છે. واما السئل فلا تنہر

હું અને તમે કઈ ગણત્રીમાં છીએ (કિસ ખેતકી મૂલી હૈં) પરંતું અમે પણ જોઈશું અને તમે પણ જોશો બલ્કે આખુ જગત જોશે કે કાલે ક઼યામતના દિવસે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ પણ હુઝૂર ﷺની નિગાહે કરમના અભિલાષી હશે. જેમ કે હદીષ શરીફના હવાલાથી આના પહેલાં વર્ણન થઈ ચૂક્યું કે દરેક ક઼યામતના દિવસે મારી જ પાસે આવશે, ત્યાં સુધી કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પણ.

*કોઈ મિષ્લે મુસ્તફા કભી થા ન હૈ ન હોગા–કિસી ઔર કા યહ રુત્બા કભી થા ન હૈ ન હોગા*

**અણમોલ કિતાબો (ગુજરાતી)માં મંગાવો**

૧. **હિકાયાતે મૌલાના રૂમ** رحمۃ اللہ علیہ (જેમાં ખૂબ જ બોધદાયક અણમોલ હિકાયતો દર્શાવી છે.) (પેજીસ : ૧૭૬)
૨. **રૂહાની ઈલાજ** (જેમાં વિવિધ બીમારીઓના રૂહાની ઈલાજ, દુઆઓ, વઝીફા....વગેરે દર્શાવેલ છે.) (પેજીસ : ૮૮)

**બંનેવ કિતાબોના સંપાદક : ખલીફાએ શૈખુલ ઈસ્લામ હાજી ઈબ્રાહીમભાઈ વાડીવાળા**

પ્રકાશક : મોહસિને આ'ઝમ મિશન (સેન્ટ્રલ કમિટી), ૨/બી કીર્તિકુંજ સોસાયટી, શાહે આલમ ટોલનાકા, અહમદાબાદ

**પ્રાપ્તિસ્થાન :** **મક્તબએ શૈખુલ ઈસ્લામ**, અલિફ કિરાણા સામે, રસૂલાબાદ, શાહે આલમ, **અહમદાબાદ**, પિન : ૩૮૦૦૨૮, (તથા મોહસિને આ'ઝમ મિશનની અન્ય શાખાઓએથી મળશે.) કોન્ટેક્ટ મો. નં. 9624221212

# અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

## પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દૃષ્ટિએ

**હપ્તો : ૦૫**

**સવાલ ૫ : આજકાલ ઘણા બધા નામ માત્રના પીર પોતાના ખાનદાન તથા નસબનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યા છે. સવાલ એ છે કે ઈલ્મ તથા તક્વાના સ્થાને પોતે સૈયદ હોવાને પાયો બનાવવો અને "ઈમામુસ્સાદાત" તથા "ફખ્રુસ્સાદાત" જેવા લક્બોનો પ્રચાર તથા પ્રસાર કરવો અને ઈલ્મી કક્ષા સ્થાપિત કરવાને બદલે ખાનદાની પ્રતિષ્ઠાઓને આધાર બનાવવું શરઅન કેવું છે? અને આ રીતની હરકતોથી જે લોકો ઈલ્મ તથા ચિંતનને બદલે નસબ, ખાનદાન અને અમુક ખાસ નારાઓને અહલે સુન્નતની પહેચાન બનાવવાનું ઈચ્છી રહ્યા છે, એવા લોકોના વિશે શરીઅતની તાલીમાત શું છે ? બૈયનૂ તૂજરૂ.**

જવાબથી પહેલાં થોડીક પ્રસ્તાવના રજૂ કરીએ છીએ.

ગર્વ કરવો કે જેનાથી હક્કની દાવત આપનારાઓને નીચા પાડવાનો હેતુ હોય, ચાહે તે ઈલ્મ પર હોય કે નસબ પર, માલ પર હોય કે કમાલ પર, મુત્લક્ન (કોઈ રીતે પણ) જાઈઝ નથી. અને ખાસ કરીને આલે રસૂલના માટે તો ઔર અધિક બુરુ છે કે તેમના નાના જાન જે કોનો મકાંના સર્જનના સબબ છે, શબે અસ્રાના દુલ્હા હઝરત મુહમ્મદ મુસ્તફા عَلَیْہِ التَّحِیَّۃُ وَالثَّنَاء તો ફર્માવે છે :

"હું કયામતના દિવસે આદમની ઔલાદનો સરદાર છું પણ ફખ્ર નથી. લિવાઉલ હમ્દનો ઝંડો ઉઠાવનાર છું અને ફખ્ર નથી. સર્વ નબીઓ હઝરત આદમ અને જે એમના સિવાય છે સૌ મારા ઝંડા હેઠળ હશે અને હું જ સૌથી પ્રથમ જમીનથી ઉઠનારો છું છતાં કાંઈ ફખ્ર નથી." *(જામિઉત્તિર્મિઝી, અબ્વાબુલ મનાકિબ, બાબુ ફઝ્લુન્નબી ﷺ, હદીષ : ૩૬૨૪)*

તો જે સર્વ કાંઈ છે, બલ્કે જેમનાથી સર્વ કાંઈ છે તે કોઈ બાબત પર ફખ્ર ન કરે, અને તેમની આલે પાક જે (તેમની નિસ્બતના વિના કાંઈ ન હોય અને તેમના નામ તથા નિસ્બત વિના) ન કાંઈ રહે, તે અકડાઈને ચાલે ! حَاشَا وَکَلَّا وَلَا حَوْلَ وَلَاقُوَّۃَ اِلَّا بِاللّٰہ!

દીને મતીનમાં નસબની શરાફતને જુઝવી ફઝીલત હાંસલ છે જેની અસર અમુક દુનિયવી હુકમો, જેમ કે કફાઅત (કુફૂનો મસ્અલો) અને તાઝીમ તથા તકરીમમાં અગ્રતા આપવી વગેરે અને અમુક આખેરતના ફાયદાઓમાં જાહેર છે.

کَمَا حَقَّقَہُ الْاِمَامُ اَحْمَد رضا خان رَحِمَہُ اللّٰہُ تَعَالٰی فِی الْفَتَاوٰی الرَّضَوِیَّۃِ

અને આ (જુઝવી ફઝીલત) પણ દીનથી બગાવત ન હોવાની શર્ત પર છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : یٰنُوْحُ اِنَّہٗ لَیْسَ مِنْ اَھْلِکَ ۚ اِنَّہٗ عَمَلٌ غَیْرُ صَالِحٍ "હે નૂહ ! એ તારા ઘરવાળાઓ (અહલે બયત)માંથી નથી. બેશક ! તેના કામ ઘણા નાલાયક છે." *(સૂ. હૂદ–૪૬)*

અને ઉમ્મતના અસ્લાફ તથા અખ્લાફ (પૂર્વજ તથા પાછલા બુઝુર્ગો)નો યઝીદ તથા ઈબ્ને સઅદના વિશે ગૈર તાઝીમી રવૈયો રહ્યો, જયારે કે તેઓ સાલેહોની આલ હતા. એ જ પ્રમાણે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી જેવા અદબ કેળવનારા અને સાદાતોના ચાહકનું ઈસ્માઈલ દહેલ્વીની બાબતે સખત લહેજો અપનાવવું પણ આપણા મૌકફ (કે નસબી શરાફતની જુઝવી ફઝીલત દીનથી બગાવત ન હોવાની શર્ત પર આધારિત છે)નો સમર્થક છે.

❑ સંપાદક : મુફ્તી મુનીબુર્રહમાન સાહબ ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

જયારે દીનમાં સનદની હૈષિયત નસબી પ્રતિષ્ઠા પર આધારિત નથી. જો હોત તો હાબિલ તથા કાબિલ, હઝરત યૂસુફ તથા યૂસુફના ભાઈઓમાં કઈ ફરક ન રહેત. દીનમાં સનદનું સ્થાન ઈલ્મ તથા તક્વાધારી હોવા પર આધારિત છે. જે જેટલા પ્રમાણમાં દીનદાર તથા મુત્તકી અને જાણકાર હશે, એટલા જ પ્રમાણમાં અનુસરવાને પાત્ર અને ફઝ્લવાળો ગણાશે, ભલે નસબી રીતે કે સૂરતની રીતે કોઈ પ્રતિષ્ઠા તથા શરાફત ન ધરાવતો હોય. અને જે જેટલા પ્રમાણમાં દીનદારી તથા ઈલ્મી લાયકાતથી દૂર હશે એટલા જ પ્રમાણમાં ફઝાઈલથી ખાલી રહશે, ભલે ઘણા બધા લેહાઝથી પ્રતિષ્ઠિત તથા શરીફ હોય.

જેમ કે અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માને આલીશાન છે : اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ "બેશક ! અલ્લાહને ત્યાં તમારામાંથી અધિક ઈજ્જતવાળો તે જે તમારામાં અધિક પરહેઝગાર છે." *(હુજુરાત-૧૩)*

અને સૈયદે આલમ નૂરે મુજસ્સમ શફીએ ઉમમ ﷺનું ફર્માન જન્નત નિશાન છે : وَمَنْ أَبْطَأَ بِهِ عَمَلُهُ لَمْ يُسْرِعْ بِهِ نَسَبُهُ "જે અમલમાં સુસ્ત પડયો તેનો નસબ તેને તેજ રફતારી નહીં કરે."

*(સુનને અબૂ દાઊદ, ૩૬૪૩)*

**નોંધ :** આપણે ફખ્રુસ્સાદાત તથા સૈયદુસ્સાદાત વગેરે લકબોના ઉપયોગના મુદ્લે વિરોધી નથી. અમે ચાહીયે છીએ કે આ લક્બો એ અગ્રગણ્ય સાદાત માટે ઉપયોગ થવા જોઈએ જે એના પાત્ર હતા. દા.ત. ફાતેહે કાદયાનિયત હઝરત કિબ્લા અલ્લામા પીર મહેર અલી શાહ ગોલળવી, હઝરત કિબ્લા ફકીહે આ'ઝમ સૈયદ અબુલ બરકાત અહમદ, હઝરત ગઝાલીએ ઝમાં, રાઝીએ દૌરાં અલ્લામા સૈયદ અહમદ સઈદ કાઝમી, હઝરત અમીરે મિલ્લત સૈયદ જમાઅત અલી શાહ સાહબ અલીપુરી, સદરુલ અફાઝિલ અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, મુહદ્દિષે આઝમે હિંદ અલ્લામા સૈયદ મુહમ્મદ કછોછવી, અલ્લામા સૈયદ શાહ અલી હુસૈન જીલાની અશરફી, અલ્લામા શાહ આલે રસૂલ કાદરી બરકાતી મારહરવી વગેરે. رحمة الله عليهم اجمعين આ સૌ અને જે પણ શરીઅત તથા તરીકતમાં એમની રાહો પર ચાલ્યા છે અથવા ચાલી રહ્યા છે તેઓ સૌ પોત પોતાના સમયના ફખ્રુસ્સાદાત, ઈમામુસ્સાદાત અને સૈયદસ્સાદાત કહેવડાવવાના યકીનન હક્કદાર છે. પરંતું જે સાદાત ગેર મુતશર્રઅ (શરીઅતના પાબંદ નથી) અને દીનદાર નથી, જો તે સૌને પણ એવા જ લકબો આપવામાં આવે તો પછી મર્તબાઓનો ફરક કેવી રીતે રહેશે ?!

અમુક હઝરાતે ઈમામે અહલે સુન્નતના એક ફત્વાથી દલીલ પકડતાં એ મૌકફ ઈખ્તિયાર કર્યો છે કે સૈયદ ભલે બદ અકીદા તથા બદ અમલ હોય તેની તાઝીમ વાજિબ છે. એના અનુસંધાન પ્રથમ તેમનો મૌકફ જોઈ લો. *(ક્રમશઃ)*

## જુનાગઢ ખાતે ઉર્સે હુઝૂર અમીરે અહલે સુન્નત શાનદાર રીતે મનાવવામાં આવ્યો

મખ્દૂમે સૌરાષ્ટ્ર, ખલીફાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ પીરે તરીકત, અમીરે અહલે સુન્નત, હઝરત મૌલાના નૂર મુહમ્મદ મારફાની રઝવી-નૂરી સાહબ رحمة الله عليهનો ૨૩ મો વાર્ષિક ઉર્સ મુબારક તા. ૬-૬-૨૦૨૧ (૨૪ શવ્વાલ)ના રોજ મસ્જિદે રઝા તથા ઉંઘીવાડા સ્થિત આપના આસ્તાના પર શાનદાર રીતે મનાવવામાં આવેલ. આ પ્રસંગે મસ્જિદે રઝામાં યોજાયેલ પ્રોગ્રામમાં ખત્મ શરીફ, ઝિક્ર શરીફ, નઅતો, મન્કબત ખ્વાની અને શજરા શરીફનું પઠન કરી ફાતેહાખ્વાની કરવામાં આવેલ. શહઝાદએ હુઝૂર અમીરે અહલે સુન્નત હઝરત મૌલાના ગુલઝાર અહમદ મારફાની નૂરી સાહેબ તથા હઝરત મૌલાના હબીબુલ્લાહ મિસ્બાહી સાહબે હુઝૂર અમીરે અહલે સુન્નતની જીવનઝરમર અને ખિદમત પર રોશની ફેંકી આપની બારગાહે અકદસમાં ખિરાજે અકીદત પેશ કરેલી.

# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૧૫

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## ત્રણ આદતો અપનાવવી જરૂરી છે

આમ તો ઈસ્લામ દરેક સારી આદતો અપનાવવા અને દરેક બુરી આદત છોડવાની તાકીદ કરે છે. પરંતુ અમુક આદતો જે સર્વ આદતોની જડ છે તેમને અપનાવવાની ખાસ તાકીદ ફર્માવે છે. કારણ કે અમુક આદતો એવી હોય છે કે તેમને અપનાવવાથી એમની સાથે ઘણી બધી સારી આદતો ઈન્સાનમાં પેદા થઈ જાય છે. એ પ્રકારની આદતોમાંથી સહનશીલતા, સદ્‌વર્તન અને પરહેઝગારી પણ છે કે આ ત્રણ આદતોને કોઈ અપનાવે તો ખુદ બખુદ તે ઘણી ઉમદા આદતોવાળો બની જાય છે.

એટલા માટે જ હદીષે પાકમાં આ ત્રણેવ ગુણોથી વંચિત રહેવાવાળાઓની નિંદા કરવામાં આવી છે. કારણ કે જ્યાં તેમનું અપનાવવું ભલાઈનું કારણ છે ત્યાં જ તેમને છોડવું બુરાઈઓનું કારણ બને છે.

હઝરત અલીએ મુર્તઝા كرم الله وجهه الكريم થી મરવી છે કે આકાએ કોનૈન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ત્રણ આદતો જેમાં ન હોય તેનો મારા સાથે કોઈ સંબંધ નથી અને ન મારો તેમની સાથે કોઈ સંબંધ છે. અર્ઝ કરવામાં આવી, તે આદતો શું છે ? આપે ફર્માવ્યું : (૧) સહનશીલતા જે જાહિલોની જહાલતને દૂર કરે. (૨) ખુશઅખ્લાકી (સદ્‌વર્તન), જેના સહિત હરીમળીને જીવન વીતાવી શકે. (૩) પરહેઝગારી, જે તેને અલ્લાહ તઆલાની નાફર્માનીથી બચાવે.

*(મોઅ્જમુલ અવસત, ૫/૧૨૦)*

**૦૧. સહનશીલતા** : 'હિલ્મ'નો અર્થ સામાન્યતઃ ઉર્દૂમાં બુર્દબારી (ગુજરાતીમાં "સહનશીલતા")થી કરવામાં આવે છે. આનો મર્તબો સબ્રથી વધીને છે. હિલ્મ અને સબ્રમાં ફરક એ છે કે જો કોઈએ તકલીફ પહોંચાડી અને તેનાથી બદલો લેવાની શક્તિ નથી તો પરિસ્થિતિમાં જે સહન કરે એને સબ્ર કહેવાશે અને બદલો લેવાની શક્તિ હોવા છતાં સહન કરે તો તેને 'હિલ્મ' કહેવાશે.

હુઝૂર સૈયદે આલમ ﷺ જે ઉત્તમ ગુણોના પયકર (ગુણોથી સજ્જ) હતા તેમાંથી એક 'હિલ્મ' (સહનશીલતા) પણ છે, આપની સહનશીલતા વિશે હઝરત અનસ رضي الله عنه આ રીતે બયાન ફર્માવે છે : "ખુદાની કસમ ! મેં હુઝૂર સૈયદે આલમ ﷺની સાત વરસ અથવા એમ કહ્યું કે નવ વરસ ખિદમત કરી. મને યાદ નથી કે (આટલા લાંબા અરસામાં) મારા કોઈ કાર્ય પર હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું હોય કે તેં આવું કેમ કર્યુ ?" *(સુનને અબૂ દાઊદ, ૪/૨૪૬)*

**ખુશઅખ્લાકી** : સદ્‌વર્તન એક એવો ગુણ છે જેના કારણે ઈન્સાન સમાજમાં ઉચ્ચ મર્તબો પામે છે અને સારા અખ્લાકવાળા ઈન્સાનની દરેક ઈજ્જત કરે છે. હુઝૂર સૈયદે આલમ ﷺની તા'લીમાતમાં સારા અખ્લાકનું વારંવાર વર્ણન આવ્યું છે. આ ગુણનો સાર એ રીતે સમજી શકાય કે માણસ સમાજમાં એ રીતે રહે કે તેની જાતથી કોઈને કોઈ તકલીફ ન થાય.

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, શું હું તમને દુનિયા તથા આખેરતના સારા અખ્લાક વિશે ન બતાવી દઉં ? લોકોએ અર્ઝ કરી, કેમ નહીં યા રસૂલલ્લાહ ﷺ ?! આપે ફર્માવ્યું, **"જે તમારાથી સંબંધ તોડે તેનાથી સંબંધ જોડો ! જે તમને**

**વંચિત કરે તેને આપો અને જે તમારા પર જુલ્મ કરે તેને માફ કરી દો.** *(શોઅ્બુલ ઈમાન, ૧૦/૪૧૮)*

આ હદીષમાં ત્રણ ચીજોને ઉમદા અખ્લાક઼માંથી બતાવવામાં આવી છે.

૦૧. જો કોઈ સગુ કોઈ કારણથી નારાજ થઈ ગયું અને વાતચીત નથી કરતું તો એવું ન થાય કે આપણે પણ તેનાથી સંબંધ ખતમ કરી દઈએ, બલ્કે આપણા સારા અખ્લાક઼ અપનાવી પોતે તેનાથી મળીને ગલતફહમીઓ દૂર કરવી જોઈએ અને મુઆમલો સુલઝાવવો જોઈએ.

૦૨. જો કોઈ જરૂરતના સમયે આપણે કોઈના પાસે મદદ લેવા માટે ગયા અને તેણે આપણી મદદ ન કરી, તો એવું ન થાય કે તેને કોઈ વસ્તુની જરૂરત પડે તો આપણે પણ મદદ કરવાથી મના કરી દઈએ! બલ્કે હુસ્ને અખ્લાક઼નો તક઼ાદો એ છે કે તેની જરૂરતના સમયે આપણે શક્તિ અનુસાર તેની મદદ કરીએ.

૦૩. **દરગુઝર** : જો કોઈએ આપણો હક઼્ક઼ માર્યો હોય અથવા જુલ્મ કર્યો હોય તો તેનાથી તેનો બદલો ન લેતાં તેને માફ કરી દઈએ. આ નબી ﷺની તા'લીમાતમાંથી છે.

**(૩) તક઼્વો (પરહેઝગારી) જે તેને અલ્લાહની નાફર્માનીથી દૂર રાખે :-**

લોકોમાં બદ્નામીના ડરથી જાહેરમાં ગુનાહ અને બુરાઈથી બચવું આસાન કામ છે. **મુશ્કેલ તો એ છે કે અલ્લાહનો ખૌફ એ રીતે દિલમાં વસાવવામાં આવે કે જ્યાં કોઈ ન જોઈ રહ્યું હોય ત્યાં પણ એ વિચારથી પોતાને ગુનાહોથી રોકવામાં આવે કે અલ્લાહ તઆલા જોઈ રહ્યો છે.**

કુર્આનનું ફર્માન છે :–

وَ اَمَّا مَنْ خَافَ مَقَامَ رَبِّهٖ وَ نَهَى النَّفْسَ عَنِ الْهَوٰىۙ فَاِنَّ الْجَنَّةَ هِیَ الْمَاْوٰىؕ

"અને જે પોતાના રબ સમક્ષ ઊભા રહેવાથી ડર્યો અને નફ્સને ઈચ્છાથી રોક્યો તો બેશક ! જન્નત જ (તેનું) ઠેકાણુ છે." *(સૂરએ નાઝેઆ્ત, આ. ૪૦, ૪૧)*

અને એક સ્થળે ફર્માવ્યું: وَلِمَنْ خَافَ مَقَامَ رَبِّهٖ جَنَّتٰنِ "અને જે પોતાના રબના સમક્ષ ઊભો થવાથી ડરે તેના માટે બે જન્નતો છે." *(સૂરએ રહ્માન, આ. ૪૬)*

અર્થાત ગુનાહમાં સપડાવાનો મોક઼ો હતો અને તેને કોઈ એવો વ્યક્તિ જોઈ પણ ન રહ્યો હતો જેના કારણે તેને બદ્નામીનો સામનો કરવો પડે, તેમ છતાં તે કેવળ એ ખયાલથી ગુનાહથી રોકાય ગયો કે મારે અલ્લાહની બારગાહમાં હિસાબ આપવાનો છે, તો અલ્લાહ તઆ્લા તેને બે બે જન્નતો અતા ફર્માવશે.

બે જન્નતોથી મુરાદ **જન્નતે અ્દન** અને **જન્નતે નઈમ** છે. એ પણ કહેવામાં આવ્યું કે એક જન્નત તેને અલ્લાહ તબારક વ તઆલાથી ડરવાના કારણે અને બીજી જન્નત ઈચ્છાઓ ત્યજવાના કારણે અતા ફર્માવવામાં આવશે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે કોનૈન ﷺએ ફર્માવ્યું, મારા રબે મને નવ વાતોનો હુકમ ફર્માવ્યો છે :–

૦૧. જાહેરમાં અને બાતિનમાં અલ્લાહથી ડરતો રહું.

૦૨. ખુશીનો પ્રસંગ હોય અથવા ગમીનો, ઈન્સાફની જ વાત કહું.

૦૩. મોહતાજી હોય અથવા માલદારી, અલ્લાહની બારગાહનો ઈરાદો કરું.

૦૪. જે મારાથી સંબંધ તોડે હું તેનાથી સંબંધ જોડું.

૦૫. જે મને આપવાથી મના કરી દે હું તેને પણ આપું.

૦૬. જે મારા પર જુલ્મ કરે હું તેને માફ કરી દઉં.

૦૭. જ્યારે ચૂપ રહું તો ચિંતનમાં વ્યસ્ત રહું.

૦૮. જ્યારે ઝુબાન ખોલું તો અલ્લાહના ઝિક્રમાં ખોલું.

૦૯. નિગાહ ઉઠાવું તો બોધ લઉં.

*(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૭૨)*

# અવામી ગલતફહેમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૦૮

### ૨૦. આધી આસ્તીન કી ટી શર્ટ પહન કર નમાઝ પઢના કૈસા હૈ ?

અકષર અવામ મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે આધી આસ્તીન કી ટી શર્ટ પહન કર નમાઝ પઢને સે નમાઝ નહીં હોતી યા નમાઝ મેં ઐસી ખરાબી હોતી હૈ કે ઉસે દો બારા પઢના ઝરૂરી હોગા, જબ કે યે શરઅન બિલ્કુલ ગલત હૈ. શરીઅત કા હુકમ યે હૈ કે અગર કિસી કે પાસ પૂરી આસ્તીન કા કપળા મૌજૂદ હૈ તો ઐસી હાલત મેં આધી આસ્તીન કા કપળા પહન કર નમાઝ પઢે સે નમાઝ મકરૂહે તંઝીહી હોગી યાની બેહતર થા કે ઈસ તરહ નમાઝ ન પઢતા ફિર ભી નમાઝ કો દો બારા પઢના વાજિબ નહીં હોગા. ઔર અગર કિસી કે પાસ પૂરી આસ્તીન કા કપળા ન હો તો ઐસી સૂરત મેં તો આધી આસ્તીન કા કપળા પહન કર નમાઝ પઢને સે નમાઝ મકરૂહે તંઝીહી ભી નહીં હોતી. જૈસા કે "ફતાવા અમજદિયા"મેં હૈ.

"જિસ કે પાસ કપળે મૌજૂદ હો ઔર સિર્ફ નીમ (આધી) આસ્તીન યા બન્યાન પહન કર નમાઝ પઢતા હૈ તો કરાહતે હૈ ઔર કપળે મૌજૂદ નહીં તો કરાહત ભી નહીં, મુઆફ હૈ.

*(ફતાવા અમજદિયા, જિલ્દ : ૧, સફહા : ૧૯૩)*

### ૨૧. ક્યા મુક઼તદી رَبَّنَا وَلَکَ الْحَمْدُ રુકૂઅ સે સીધા ખળા હોને કે બા'દ કહેગા ?

જબ ઈમામ કે પીછે નમાઝ પઢતે હૈં તો મુક઼તદી રુકૂઅ સે ખળે હોતે વક઼્ત رَبَّنَا وَلَکَ الْحَمْدُ કબ કહેગા ઈસ્કે તઅલ્લુક઼ સે અકષર મુસલમાનોનોં મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે મુક઼તદી રુકૂઅ સે મુકમ્મલ સીધા ખળા હોને કે બા'દ رَبَّنَا وَلَکَ الْحَمْدُ કહેગા, જો કે શરઅન્ ગલત હૈ. શરીઅત કા હુકમ તો યે હૈ કે જૈસા ઈમામ રુકૂઅ સે ખળા હોતે سَمِعَ اللّٰہُ لِمَنْ حَمِدَہٗ કહેગા વેસૈ હી મુક઼તદી ભી રુકૂઅ સે ખળા હોતે વક઼્ત رَبَّنَا وَلَکَ الْحَمْدُ કહેગા ઔર મુકમ્મલ સીધા ખળા હોને પર ઉસે ખત્મ કરેગા. યહી સુન્નત તરીક઼ા હૈ.

"ફતાવા રઝવિય્યહ્"મેં હૈ :–

"સુન્નત યે હૈ કે, سَمِعَ اللّٰہُ કી "સીન" રુકૂઅ સે સર ઉઠાને કે સાથ કહેં ઔર حَمِدَہٗ કી "હા" સીધા હોને કે સાથ ખત્મ, ઈસી તરહ હર તકબીરે ઈન્તિક઼ાલ (એક રૂક્ન સે દૂસરે રૂક્ન તરફ જાને કે લિયે જો તકબીર કહી જાતી હૈ ઉસ) મેં હુક્મ હૈ કે એક ફેઅલ સે દૂસરે ફેઅલ કો જાને કી ઈબ્તિદા કે સાથે اَللّٰہُ اَکْبَرُ કા "અલિફ" શુરૂઅ હો ઔર ખત્મ કે સાથ ખત્મ હો. મુક઼તદી રુકૂઅ સે સર ઉઠાને કે સાથ اَللّٰھُمَّ رَبَّنَا وَلَکَ الْحَمْدُ કા "અલિફ" ઔર જો સિર્ફ رَبَّنَا وَلَکَ الْحَمْدُ પઢતા હો વોહ رَبَّنَا કી "રા" શુરૂઅ કરેં ઔર સીધે હો જાને કે સાથ حَمِدَہٗ કી "દાલ" ખત્મ હો જાએ."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૬, સફહા : ૧૮૮)*

### ૨૨. અગર નમાઝ કી હાલત મેં સીને કે ઉપર વાલી ઉભરી હૂંઈ દો હડિયાં નઝર આએં તો ક્યા નમાઝ મકરૂહે તેહરીમી હોગી ?

અકષર મુસલમાન યે સમજતે હૈં કે અગર નમાઝ કી હાલત મેં સીને કે ઉપરવાલી ઉભરી હૂંઈ બાહર નિકલી હુંઈ દો હડિયાં નઝર આએં તો ઈસ કી વજહ સે નમાઝ મકરૂહે તેહરીમી હોતી હૈ. હાલાં કે ઐસા હરગિઝ નહીં. અસ્લ હુકમ યે હૈ કે અગર સીના નઝર આતા હૈ તો નમાઝ મકરૂહે તેહરીમી હોગી.

➻ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ-ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ)

"ફતાવા ફૈઝુર્રસૂલ"મેં હૈ :–

સવાલ કિયા ગયા કે "ઝૈદને ઈસ હાલત મેં નમાઝ પળ્હી હૈ ઉસ કે કુર્તે કા ઉપરવાલા બટન ખુલા હુવા થા તો ઈસ મેં કોઈ શરઈ કબાહત હૈ યા નહીં ?"

ઈસ કે જવાબ મેં તેહરીર કિયા ગયા :–

"સૂરતે મસ્ઉલા (પૂછી ગઈ સૂરત)મેં કુર્તે કા બટન ખુલા રહને કી ચંદ સૂરતેં હૈં : યા તો કુર્તે કે ઉપર યા નીચે કોઈ દુસર કપળા મષલન સદરી, શેરવાની યા બનયાન વગૈરા પેહને હુએ થા, ઐસી સૂરત મેં અગર ઉપર યા નીચેવાલે દૂસરે કપળે કી વજહ સે સીના ધકા હુવા થા તો કુર્તે કે બટન કા ખુલના નમાઝ મેં કોઈ ઝરર નહીં પોંહચાએગા. ઔર અગર કુર્તે કે ઉપર યા નીચે દૂસરા કપળા નહીં થા નીચે દૂસરા કપળા નહીં થા જિસ સે સીના ધકા રહે, ઈસ સૂરત મેં યા તો સિર્ફ ઉપરવાલા બટન ખુલા હુવા થા યા ઉસ કે સાથ નીચેવાલા ભી. અલ્હાસિલ અગર બટન ઈસ તરહ ખુલે હૂએ થે (ખાહ એક હી યા ઝયાદા) જિસ સે સીના ઝાહિર હૈ તો નમાઝ કત્અન મકરૂહે તેહરીમી હોગી ઔર અગર સિર્ફ ઉપર કા બટન ઈસ તરહ ખુલા હૈ જિસ સે સિર્ફ ગલે કે પાસ કા ખફીફ હિસ્સા નઝર આ રહા હૈ તો કોઈ હરજ નહીં."

*(ફતાવા ફૈઝુર્રસૂલ, જિલ્દ : ૧, સફહા : ૩૭૩)*

**૨૩. ક્યા જેકેટ કી ચેન લગાએ બગૈર નમાઝ પળ્હના મકરૂહ હૈ ?**

કુછ લોગોં કા યે ખયાલ હૈ કે જેકેટ કી ચેન લગાએ બગૈર નમાઝ પળ્હને સે નમાઝ મકરૂહ હોતી હૈ જબ કે શરઅન યે બિલ્કુલ ગલત હૈ. ઈસલિયે કે બગૈર ચેન લગાએ જેકેટ પેહનને કા લોગોં મેં રિવાજ હૈ ઔર ઈસે કોઈ બુરા ભી નહીં સમજતા હૈ ઔર શરીઅત કા કાઈદા યે હૈ કે જિસ તરહ કપળે પેહનને કા લોગોં મેં રિવાજ હૈ. ઔર ઉસે બુરા નહીં સમજા જાતા ઉસ તરહ કપળા પહેન કર નમાઝ પળ્હને મેં કોઈ કરાહત ઔર હરજ નહીં હૈ.

"ફતાવા રઝવિય્યહ"મેં હૈ :–

"અંગરખે પર જો સદરી યા ચુગ્ગા પેહનતે હૈં (અંગરખા યા'ની જુબ્બે કી તરહ એક કિસ્મ કા લિબાસ ઔર ચુગ્ગા કા મતલબ ભી જુબ્બા હૈ) ઔર ઉર્ફે આમ મેં ઉન કા કોઈ બોતામ (બટન) ભી નહીં લગાતે ઔર ઉસે મઅયૂબ (બુરા) ભી નહીં સમજતે તો ઉસ મેં ભી હરજ નહીં હોના ચાહિયે કે યે ખિલાફે મોઅ્તાદ નહીં."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૭, સફહા : ૩૮૭)*

**૨૪. નમાઝી કે સામને અગર આઈના હો યા ખિર્કી કે ગ્લાસ મેં સૂરત નઝર આતી હો તો ક્યા નમાઝ મકરૂહે તેહરીમી હોગી ?**

અકષર અવામ મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે અગર નમાઝી કે સામને આઈના હો યા ખિર્કી કે ગ્લાસ મેં સૂરત નઝર આતી હો તો યે તસ્વીર હૈ ઔર ઈસ કી વજહ સે નમાઝ મકરૂહે તેહરીમી હોગી. ચુનાંચે દેખા જાતા હૈ કે લોગ ઐસી જગહ પર નમાઝ પળ્હનેસે સખ્તી સે મના કરતે હૈં જહાં સામને આઈના હો. હાલાં કે શરીઅત કે એતેબાર સે આઈના યા ગ્લાસ મેં નઝર આને વાલી સૂરત હરગિઝ તસ્વીર નહીં ઔર ન ઈસ કી વજહ સે નમાઝ મકરૂહે તેહરીમી હોગી. જૈસા કે "ફતાવા અમજદિયા"મેં હૈ :–

"આઈના સામને હો તો નમાઝ મેં કરાહત નહીં કે સબબે કરાહત તસ્વીર હૈ ઔર વોહ યહાં મૌજૂદ નહીં. ઔર અગર ઉસે તસ્વીર કા હુકમ દેં તો આઈને કા રખના ભી મિષ્લે તસ્વીર નાજાઈઝ હો જાએ. હાલાં કે બિલ્ઈજમા જાઈઝ હૈ."

*(ફતાવા અમજદિયા, જિલ્દ : ૧, સફહા : ૧૮૪)*

હાં બેહતર યે હૈ કે સામને આઈના હો તો નમાઝ શુરૂ કરને સે પેહલે ઉસે કપળે વગૈરા સે છુપા લે તાકે

ધ્યાન ન બટે ઔર નમાઝ કી હાલત મેં ઉસ કી તરફ તવજ્જોહ ન જાએ. ઈસ લિયે કે ઐસી ચીઝ કે સામને નમાઝ પળ્હના જો દિલ કો મશ્ગૂલ રખે ઔર ઉસકી તરફ ધ્યાન જાએ યે મકરૂહે તંઝીહી હૈ. જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"ઐસી ચીઝ કે સામને જો દિલ કો મશ્ગૂલ રખે નમાઝ મકરૂહ હૈ, મષલન ઝીનત ઔર લહવો લઈલ (ખેલ, કૂદ કી ચીઝેં) વગૈરા."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૬૩૬)*

**૨૫. ક્યા નમાઝી કે સામને ગુઝરને કી વજહ સે નમાઝ પર કોઈ અષર પળ્હતા હૈ ?**

કુછ લોગ યે સમજતે હૈં કે અગર કોઈ નમાઝી કે સામને સે ગુઝરે તો નમાઝ ટૂટ જાતી હૈ, જબ કે ઐસા નહીં. હાં ! ગુઝરનેવાલા સખ્ત ગુનેહગાર હોગા, ઉસ પર તૌબા ઝરૂરી હૈ.

"ફતાવા રઝવિય્યહ"મેં હૈ : "(નમાઝી કે આગે સે નિકલને કી વજહ સે) નમાઝ મેં કોઈ ખલલ નહીં આતા, નિકલને વાલા ગુનેહગાર હોતા હૈ."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૭, સફહા : ૨૫૫)*

ઔર "બહારે શરીઅત"મેં હૈ :–

"નમાઝી કે આગે સે બલ્કે મૌઝએ સુજૂદ (સજદે કી જગહ) સે કિસી કા ગુઝરના નમાઝ કો ફાસિદ નહીં કરતા, ખાહ ગુઝરનેવાલા મર્દ હો યા ઔરત, કુત્તા હો યા ગધા. મુસલ્લી (નમાઝી) કે આગે સે ગુઝરના બહોત સખ્ત ગુનાહ હૈ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૬૧૪)*

**૨૬. ક્યા મુક્તદી કે આગે સે ગુઝરના ભી મના હૈ ?**

અકષર અવામ મેં યે તસવ્વુર પાયા જાતા હૈ કે જૈસે આમ નમાઝી કે સામને સે ગુઝરના મના હૈ જબ વોહ નમાઝ કી હાલત મેં હો વૈસે હી મુક્તદી જો કિસી ઈમામ કે પીછે નમાઝ પળ્હ રહા હૈ ઉસ કે આગે સે ગુઝરના ભી મના હૈ. જબ કે શરઅન ઐસા નહીં. જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"ઈમામ કા સુતરા (નમાઝી જો આગે આળ કે લિયે રખતા હૈ) મુક્તદી કે લિયે ભી સુતરા હૈ, ઉસ કો જદીદ સુતરે કી હાજત નહીં, તો અગર છોટી મસ્જિદ મેં ભી મુક્તદી કે આગે સે ગુઝર જાએ, જબ કે ઈમામ કે આગે સે ન હો હરજ નહીં."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૬૧૬)*

**૨૭. ક્યા નમાઝ કે એક રૂકન મષ્લન કિ્યામ, રુકૂઅ, સુજૂદ વગૈરા મેં જિતની મર્તબા ચાહેં હાથ ઉઠા સકતે હૈં ?**

બા'ઝ અવામ કો દેખા જાતા હૈ કે જબ વોહ નમાઝ પળ્હતે હૈં તો એક રુકન મેં કઈ મર્તબા હાથ ઉઠાતે હૈં ઔર યે સમજતે હૈં કે ઈસ મેં કોઈ હરજ નહીં. હાલાં કે શરીઅત કા હુકમ યે હૈ કે બગૈર ઝરૂરત હાથ ઉઠાના મકરૂહે તંઝીહી હૈ ઔર અગર ઝરૂરત હો તો એક રૂકન મેં દો મર્તબા હાથ ઉઠાને કી ઈજાઝત હૈ. એક રૂકન મેં ઉસ સે ઝયાદા હાથ ઉઠાને સે નમાઝ ટૂટ જાએગી.

બહારે શરીઅતમેં હૈ : "એક રૂકન મેં તીન બાર ખુજાને સે નમાઝ જાતી રહતી, યા'ની યૂં કે ખુજા કર હાથ હટા લિયા ફિર ખુજાયા ફિર હાથ હટા લિયા વ અલા હાઝા (ઔર ઈસી તરહ) ઔર અગર એક બાર હાથ રખ કર ચંદ મર્તબા હર્કત દી તો એક હી મર્તબા ખુજાના કહા જાએગા."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૬૧૪)*

ઐસા હી ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૭, સફહા નં. ૩૮૫ પર હૈ.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# ક઼ાનૂને શરીઅત

**લેખક :** અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક :** જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## કિતાબુલ બુયૂઅ એટલે ખરીદ વેચાણનું બયાન

**મસ્અલા** : જો વેચાણ કરેલો માલ સ્થળાંતર કરી શકાય એવા પ્રકારનો (ખસેડી શકાય એવો) હોય તો વેચાણ આપનારનો એના પર કબ્જો હોવો જરૂરી છે. કબ્જાથી પહેલાં જે ચીજ પર કબ્જો કરે તે પહેલાં વેચી દીધી તો વેચાણ નાજાઈઝ છે.
*(હિંદિયા વગેરે)*

**મસ્અલા** : વેચાણ થયેલી ચીજ તથા કિંમતનું તોલ માપ જાણી લેવું જરૂરી છે અને ષમન (કિંમત)ની તારીફ પણ માલૂમ કરી લેવી જરૂરી છે. હા ! જો ષમન તરફ ઈશારો કરી દેવામાં આવે (જેમ કે એવું કહે કે આટલા રૂપિયામાં ખરીદ્યું) તો ન માપનો (પ્રમાણનો) ઉલ્લેખ કરવાની જરૂરત છે ન ક્વોલિટીના ઉલ્લેખની. અલબત્ત ! તે માલ જો વૃદ્ધિ પામનાર છે અને સરખામણી સમજાતિ સાથે થતો હોય. (દા.ત. એમ કહે કે ઘઉંના આ ઢગલાને તે ઢગલાના બદલામાં વેચી) તો જો કે અહીં વેચાયેલા માલ અને ષમન બન્ને તરફ ઈશારો કરવામાં આવી રહ્યો છે પરંતુ તો પણ તોલ માપ (વજન) જાણી લેવું જરૂરી છે. કેમ કે જો બન્નેનું વજન બરાબર નહીં હોય તો વ્યાજ થઈ જશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચાણમાં કોઈ વાર ષમન (કિંમત)ની હાલત હોય છે એટલે કે તાત્કાલિક આપવું અને કોઈવાર મુવજ્જલ એટલે કે અદા કરવા માટે મુદ્દત નક્કી કરવામાં આવે. (કેમ કે અદા કરવા માટે નિશ્ચિત મુદ્દત નહીં હોય તો ઝઘડો થશે) અસલ એ છે કે ષમનની હાલત હોવી જોઈએ પરિણામે કહેતી વખતે ષમનની હાલતનું કહેવાની જરૂર નથી. બલ્કે કહેતી વખતે ષમનની બાબતે કાંઈ ઉલ્લેખ કરવામાં ન આવે તો પણ તાત્કાલિક (તરત) આપવું વાજિબ થશે. ષમન મુવજ્જલ માટે જરૂરી છે કે કહેતી (નક્કી કરતી) વખતે જ (મુદ્દત નક્કી કરેલ) મુવજ્જલ હોવાનું કહી દેવામાં આવે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : મુદ્દતના બારામાં મતભેદ પડયો. વેચનાર કહે છે કે મુદ્દત નક્કી કરેલી જ ન હતી અને ખરીદનાર મુદ્દત નક્કી કર્યાનું કહે છે તો ખરીદનારના ગવાહ વિશ્વાસપાત્ર ગણાશે અને (ગવાહ ન હોય તો) વેચનારનું કહેવું વિશ્વાસપાત્ર કહેવાશે અને જો મુદ્દતની ગણતરી (સમય) બાબત મતભેદ (વિવાદ) ઊભો થયો, એક ઓછી બતાવે છે બીજો વધારે બતાવે છે તો જે ઓછી બતાવતો હોય તેની વાત માનવામાં આવશે. અહીં પણ ખરીદનારના ગવાહ વિશ્વાસપાત્ર મનાશે. એક એમ કહેતો હોય કે મુદ્દત પૂરી થઈ ગઈ છે અને એક એવું કહે કે હજુ મુદ્દત બાકી છે તો ખરીદનારનું કહેવું વિશ્વાસપાત્ર કહેવાશે. આ બાબતમાં જો બન્ને જણા ગવાહ રજૂ કરે તો પણ ખરીદનારના ગવાહ વિશ્વાસપાત્ર ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કરજદારના ગુજરી જવાથી મુદ્દત બાતિલ થઈ જાય છે, લેણદારના મૃત્યુ પામવાથી મુદ્દત બાતિલ નથી નથી. કેમ કે મુદ્દતનો ફાયદો એ થાય છે કે વેપાર કરીને સમય જતાં દેવાની રકમ એકઠી કરીને અદા કરી દેશે. જ્યારે કરજદાર જ ન

રહ્યો તો મુદ્દત હોવી બેકાર જ છે બલ્કે જે કંઈ છોડયું છે તે કરજ અદા કરવા માટે નક્કી જ છે. પરિણામે મુદ્દત નક્કી કરેલ વેચાણમાં વેચનારના મૃત્યુ પામવાથી મુદ્દત બાતિલ થતી નથી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : કોઈ જગ્યાએ વિવિધ પ્રકારના સિક્કા (ચલણ) ચાલતા હોય અને ખરીદ વેચાણ કરનારાઓએ ફક્ત રૂપિયા કહ્યા હોય તો તે રૂપિયા અર્થમાં લેવામાં આવશે જે તે શહેરમાં અધિક ચલણમાં હોય છે. એટલે કે જેનો રિવાજ વધારે હોય ભલે તે સિક્કાઓની કિંમત અલગ હોય અથવા એક સરખી હોય. અને જો એક જ પ્રકારનું ચલણ હોય તો તો પછી તે જ દેવા પડશે. ચલણ એક સરખું હોય, કોઈનું ઓછું કે વધારે ન હોય, કિંમત બરાબર હોય તો વેચાણ સહીહ છે. ખરીદનારને હક્ક છે કે તે ચાહે તેવા આપે (જેમ કે રૂપિયાની કોઈ વસ્તુ ખરીદી તો એક રૂપિયો કે બે આઠ આની કે ચાર પાવલી કે પછી આઠ બે બે આનીઓ આપે) અને જો કિંમતમાં વિરોધાભાસ હોય જેમ કે હૈદરાબાદી રૂપિયા અને ચેહરેદાર (રૂપિયા)ની કિંમતમાં વિરોધાભાસ રહે છે. જો કોઈ જગ્યાએ બન્ને પ્રકારના સિક્કાઓનું ચલણ એક સરખું ચાલતું હોય તો વેચાણ ફાસિદ થશે.

*(દુર્રે મુખ્તાર, હિદાયા, ફતહુલ્ કદીર)*

**મસ્અલા** : ઘઉં અને જવ તેમજ દરેક પ્રકારના અનાજનું વેચાણ તોલીને તથા માપીને પણ થઈ શકે છે. (જેમ કે એવું કહે કે એક રૂપિયાના આટલા શેર) અને અટકળ અંદાજથી પણ ખરીદી શકાય છે. (દા.ત. એમ કહે કે આ ઢગલી એક રૂપિયામાં) ભલે એવી જાણકારી નથી કે આ ઢગલીમાં કેટલા શેર છે. પરંતુ અંદાજો લગાડીને ત્યારે જ ખરીદી શકાય છે જ્યારે કે અલગ પ્રકાર સાથે વેચાણ થતું હોય. (દા.ત. રૂપિયાથી હોય, યા ઘઉં, જવ કે બીજા અનાજથી અને એ જ પ્રકારથી વેચાણ કરે (દા.ત. ઘઉંથી ઘઉં ખરીદે) તો અંદાજથી અટકળ સાથે વેચાણ નહીં થઈ શકે. કેમ કે જો ઓછું વત્તું હોય તો વ્યાજ થઈ જશે.) *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : એક જ પ્રકારના અનાજથી વેચાણ કરવામાં આવ્યું પરંતુ અડધો સાઅથી વત્તુ ઓછું હોય તો વેચાણ જાઈઝ છે કેમ કે અડધા સાઅથી ઓછું વ્યાજ ગણાશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : અનાજની એક ઢગલી એ રીતે વેચી કે એમાં દરેક સાઅની કિંમત એક રૂપિયો છે (એક રૂપિયામાં એક સાઅ વેચી) તો આ હાલતમાં ફક્ત એક સાઅનું વેચાણ દુરસ્ત થશે. એમાં ખરીદનારને અખત્યાર છે કે લેવું કે ન લેવું. હા ! એ જ મજલિસમાં પૂરેપૂરી ઢગલી માપી દીધી અથવા વેચનારે જાહેર કરી દીધું, બતાવી દીધું કે આ ઢગલીમાં આટલા સાઅ છે તો પૂરી ઢગલીનું વેચાણ દુરસ્ત થઈ જશે અને નક્કી કરતા પહેલાં જ વેચનારે ગણતરી (માપ) બતાવી દીધું હોય તો ખરીદનારને અખત્યાર નથી (ન લેવાનો) અને જો પાછળથી બતાવ્યું તો (ન લેવાનો) અખત્યાર છે. આ કથન હઝરત ઈમામે આઝમ رضی اللہ عنہ નું છે અને સાહિબૈનનો કૌલ છે અને એ સાહિબૈનના કથન મુજબ આસાની માટે ફતવો દેવામાં આવે છે.

*(હિંદાયા, દુર્રે મુખ્તાર, ફત્હુલ્ કદીર, બહાર)*

**મસ્અલા** : બકરીઓનું એક ટોળુ એક બકરીના એક રૂપિયાના ભાવે ખરીદ્યું અથવા કાપડનો તાકો એક ગજના એક રૂપિયાના ભાવે ખરીદ્યો અથવા એવા જ પ્રકારની બીજી કોઈ ગણતરીવાળી (માપવાળી) વસ્તુ ખરીદી અને ટોળામાં કેટલી બકરીઓ છે તેની ખબર નથી અથવા કપડાના તાકામાં કેટલા ગજ કાપડ છે તેની જાણકારી નથી પરંતુ પાછળથી જાણકારી મળી (માલૂમ થયું) તો વેચાણ જાઈઝ છે.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : અનાજનો એક ઢગલો ખરીદ્યો. સો મણનો અંદાજ લગાડી એની કિંમત સો રૂપિયા નક્કી કર્યા. પાછળથી એનું તોલ કરવામાં આવ્યું. જો પૂરેપૂરા સો મણ થાય તો કંઈ વાંધો નહીં પરંતુ સો મણથી વધારે થાય તો જેટલો વધારો હોય તે વેચનારનો ગણાશે અને જો સો મણથી ઓછો થાય તો ખરીદનારને અખત્યાર છે કે કેટલુ (વજન) ઓછું હોય તેની કિંમત ગણી તેટલા ઓછી કિંમત ચૂકવી લઈ લે અથવા કંઈ પણ ન લે. દરેક માપ, તોલવાળી ચીજના વેચાણ માટે આ પ્રકારનો જ હુકમ છે. અલબત્ત, કોઈ એવા પ્રકારની ચીજ છે કે જેના ટુકડા કરવાથી નુકસાન થતું હોય અને જે વજન બતાવ્યું છે એનાથી વધારે નીકળી તો કુલ (તમામ) ખરીદનારને મળશે. વધારાના બદલામાં ખરીદનારને વિશેષ કંઈ ચૂકવવું નહીં પડે. (એટલા માટે કે આવી ચીજોમાં વજન ઓળખ છે અને ઓળખ ગુણના બદલામાં ષમન (કિંમત)નો હિસ્સો હોતો નથી. જેમ કે એક મોતી કે હીરો ખરીદ્યો એવું સમજીને કે આ એક માશા (વજન)નો છે અને તે એક માશાથી વધારે નીકળ્યો તો જે કિંમત નક્કી કરી હોય તે આપીને ખરીદનાર લઈ લે.)

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : કાપડનો એક તાકો દસ ગજનો છે એવું સમજી દસ રૂપિયામાં ખરીદ્યો. જો એ તાકો વેચનારે જેટલો બતાવ્યો હતો તેના કરતાં ઓછો નીકળ્યો તો ખરીદનારને અખત્યાર છે કે પૂરી કિંમતમાં લે અથવા બિલ્કુલ ન લે. જેટલો ઓછો હોય તેટલી કિંમત ઓછી દઈ શકાશે નહીં. અને જો જેટલો બતાવ્યો હતો તેના કરતાં તાકો વધારે નીકળ્યો તો એ વધારો (કિંમત આપ્યા વગર) ખરીદનારનો છે. વેચનારને અખત્યાર નથી કે તે વધારો પાછો લઈ લે અથવા એની કિંમત લઈ લે તેમજ વેચનાર રદ પણ કરી શકશે નહીં. એ રીતે જમીન ખરીદવામાં આવી કે આ સો ગજ છે અને એની કિંમત સો રૂપિયા છે અને તે ઓછી કે વધારે નીકળી તો વેચાણ સહીહ છે અને ફકત સો રૂપિયા જ દેવા પડશે. પરંતુ ઓછી નીકળી હોય તેવી હાલતમાં ખરીદનારને હક્ક છે કે લે કે છોડી દે.

*(હિદાયા વગેરે)*

**મસ્અલા** : એવું કહીને તાકો ખરીદ્યો કે આ દસ ગજનો તાકો છે એની કિંમત દસ રૂપિયા છે સાથે એવું પણ કહયું હોય કે એક ગજનો એક રૂપિયો છે. પાછળથી ઓછો નીકળ્યો તો એની કિંમત ઓછી કરી દે. પરંતુ ખરીદનારને હક્ક છે કે તે ન પણ લે અને વધારે નીકળ્યો તો એની કિંમત ઓછી કરી દે. પરંતુ ખરીદનારને હક્ક છે કે તે ન પણ લે અને વધારે નીકળ્યો. દા.ત. અગિયાર કે બાર ગજ નીકળ્યો તો એ વધારાની કિંમત ખરીદનારે આપવી અથવા સોદો રદ કરે. પરંતુ આ હુકમ તે (જાતના) તાકા માટે છે જે પૂરેપૂરો એક તરેહનો નથી હતો. જેમ કે ચીકન, ગુલબદન, અને જો એક જ પ્રકારનો હોય તો વેચનાર એ વધારાને ફાડીને (કાપીને) દસ ગજ ખરીદનારને આપી દે. એવું પણ થઈ શકે છે. *(હિદાયા, બહાર વગેરે)*

**મસ્અલા** : કોઈ મકાન અથવા હમામની ૧૦૦ ગજમાંથી ૧૦ ગજ જમીન ખરીદી તો વેચાણ ફાસિદ છે. જો એવું કહેવામાં આવત કે ૧૦૦ ભાગમાંથી ૧૦ ભાગ ખરીદ્યો તો વેચાણ સહીહ થાત અને પહેલી સૂરતમાં જો તે જ બેઠક (મજલિસ)માં તે ૧૦ ગજ જમીન નક્કી કરી દેવામાં આવે. દા.ત. આ દસ ગજ તો વેચાણ સહીહ થઈ જશે.

*(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો !**

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૭

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક્ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### કમ્બલ વિશે વર્ણન

હઝરત અક્દસની મુબારક મજલિસમાં પાબોસીનો શરફ હાંસલ થયો. શયખ જમાલુદ્દીન હાંસવી, શયખ બુરહાનુદ્દીન અને મૌલાના યહયા ગરીબ મજલિસમાં હાજર હતા. કમ્બલના વિશે વાત ચાલી રહી હતી. તો હઝરતે ફર્માવ્યું, સૌફ તથા કમ્બલ અંબિયા તથા અવલિયાનો લિબાસ છે. એટલા માટે હે દુરવેશ ! આ લિબાસ તેને જ શોભે છે જેનું જાહેર તથા બાતિન સાફ હોય. કેમ કે સૂફી એ જ છે કે જેનામાં દુનિયા તથા દુનિયામાં જે કાંઈ છે એમાંથી કોઈ કદુરત (મેલ) બાકી ન રહે. ફર્માવ્યું, નબી અકરમ ﷺથી મરવી છે કે કમ્બલ તથા સૌફ પહેરવું અંબિયાની સુન્નત છે. જ્યારે કદી અવલિયાએ એઝામમાંથી કોઈને કોઈ જરૂરત ઉભી થતી તો કમ્બલના વસીલાની દુઆ તથા મુનાજાત કરતા તો રબ્બે કરીમ કમ્બલની બરકતથી તે હાજત પૂરી કરી આપતો.

**કમ્બલ તથા સૌફની અસલિયત** : આ મક્આમ પર ઈર્શાદ ફર્માવ્યો કે જ્યારે હુઝૂરે અકરમ ﷺના વિસાલનો સમય નજીક આવ્યો. અમીરુલ મો'મિનીન સૈયદના અલીયે મુર્તઝા کرم اللہ وجہہ الکریم હાજર હતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે સહાબા ! મારી પાસે આ કમ્બલ સૈયદના ઈબ્રાહીમ علیہ السلامની યાદગાર માજૂદ છે જે બઐનિયા મારા સુધી પહોંચી છે. મને એ હુકમ છે કે આ કમ્બલ અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہને ઈનાયત કરું જેથી મારી ઉમ્મતના લોકોને મુન્તકિલ કરે.

ફર્માવ્યું, હે દુરવેશ ! કમ્બલપોશી પણ સૈયદના ઈબ્રાહીમ علیہ السلامથી જ શરૂ થઈ, જેમ કે ખિર્કાપોશી, અને એનું વર્ણન એ પ્રમાણે છે કે એક દિવસે સૈયદના ઈબ્રાહીમ علیہ السلام મુનાજાતમાં મશગૂલ હતા અને અર્ઝ કરી રહ્યા હતા કે ઈલાહી ! એહલે સફાને ત્યાં જે દસ્તૂર છે એના પ્રમાણે સર્વ ચીજો મારી પાસે મૌજૂદ છે, સિવાય કમ્બલના. સૈયદના જિબ્રઈલે અમીન علیہ السلام કમ્બલ લાવ્યા અને કહ્યું, હે ઈબ્રાહીમ ! ફર્માને ખુદાવંદીના પ્રમાણે હું કાળી કમ્બલ જન્નતથી આપના માટે લાવ્યો છું એને લઈ લો અને શરીરે ઓઢો, અને તમારી ઔલાદને એક પછી એક મુન્તકિલ કરવાનો (આગળ પહોંચાડવાનો) હુકમ કરો, ત્યાં સુધી કે આ કમ્બલ સૈયદુલ અંબિયા, ખાતમુન્ નબિય્યીન મુહમ્મદ મુસ્તફા ﷺની બારગાહ સુધી પહોંચવાની સઆદત હાંસલ કરી લે. આ રીતે આપણને માલૂમ થઈ ગયું કે આ કમ્બલ અસલમાં જન્નતથી આવી છે કે જે સૈયદના ઈબ્રાહીમ علیہ السلامને મળી અને અને એમનાથી આપણા સુધી પહોંચી.

તો હે દુરવેશ ! અહલે સફા કોણ છે જે અવલિયા અંબિયાનો લિબાસ પહેરે અને એનો હક્ક અદા કરે કે જેથી કાલે કયામતના દિવસે શર્મસાર ન થાય.

**કમ્બલપોશીના આદાબ** : જ્યારે હઝરત ખ્વાજા બિશ્ર હાફી رحمۃ اللہ علیہએ તૌબા કરી અને પોતાના શયખથી કમ્બલ તથા સૌફથી સરફરાઝ થયા અને એને પહેરાવાનો શરફ હાંસલ કર્યો તેના પછી ૪૦ વરસ સુધી કોઈએ તેમને હસતા નથી જોયા. લોકોએ અર્ઝ કરી,

હુઝૂર ! ૪૦ વરસો થવા આવ્યાં કોઈએ તેમના હોઠો પર હાસ્ય નથી જોયુ ?! ફર્માવ્યું, જ્યારથી મારા શયખે આ કમ્બલ તથા સૌફ મને પહેરાવી છે ત્યારથી હું આલમે હૈરતમાં છું અને મને મારી ખબર નથી રહી. મારા શયખે પોતાનું કામ કર્યું, હવે મને લાઝિમ છે કે આ કમ્બલ તથા સૌફનો હક્ક઼ અદા કરું. અને કમ્બલપોશી પછી જે કાંઈ તેમણે નથી કર્યું તે હું પણ ન કરું, નહીં તો કાલે ક઼યામતના રોજ આ જ કમ્બલને કાળો નાગ બનાવશે અને મારી ગરદનમાં નાખી દેશે. તો હે દુરવેશ ! ગોદળીપોશને હસી કેવી રીતે આવી શકે છે ?!

ફર્માવ્યું, જ્યારે માણસ સૌફ (ગોદડી) પહેરી લે તો તેણે જોઈએ કે એકાંતમાં બેસવાનુ અપનાવે, દુનિયાદારોથી દૂર રહે, માલદારોની સોહબત ત્યજી દે, પછી સમજે કે સાચે જ દુરવેશ છે. કમ્બલપોશી તેનો જ હક્ક઼ છે. પરંતું જ્યારે કોઈ શખ્સ આ લિબાસ પહેરે છે અને પછી અમીરો તથા હાકિમોની મજલિસમાં જાય છે, માલદારોથી મેલજોલ વધારે છે, અંબિયા તથા અવલિયાના લિબાસને ગલીઓ તથા બજારોમાં ફેરવે છે અને બદનામ કરે છે. તેની પાસેથી આ મોતબરર્ક લિબાસ પાછો લઈ લેવા જોઈએ તેને ઈજાઝત ન આપવી જોઈએ. કેમ કે તે આ મુબારક લિબાસને પાત્ર નથી. ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના મુરીદો મુફલિસીની હાલતમાં આ જ લિબાસ મુબારકના વાસ્તાથી રબતઆલાના દરબારમાં દુઆઓ કર્યા કરતા હતા અને તેમનાં મોટાં મોટાં કામો આ કમ્બલ તથા સૌફની બરકતથી આસાન થઈ જતાં હતાં

આ મક઼ામ પર વર્ણવ્યું કે જ્યારે સૈયદના મૂસા علیہ السلامના દિલમાં કમ્બલપોશી ખ્વાહિશ પેદા થઈ તો દરબારે ખુદાવંદી ﷻમાં દુઆ કરી. હુકમ થયો, હે મૂસા ! અમારા આશિક઼ોનો લિબાસ શુક્રાના વિના તલાશ કરો છો ? પહેલા એનો શુક્રાના અદા કરો પછી આરિફોનો લિબાસ પહેરો. જેવો આ પયગામ ખુદાના રસૂલે સાંભળ્યો તો તરત જ ઉઠયા અને ઘરે તશરીફ લઈ ગયા, જે કાંઈ માલ તથા જાયદાદ હતી બધી જ ખુદાની રાહમાં ખૈરાત કરી આપી, ત્યાં સુધી કે પોતાનાં કપડાં સુધ્ધાં આપી દીધાં. જ્યારે કાંઈ બાકી ન રહ્યું અને એકલા રહી ગયા તો મહબૂબે હક઼ીક઼ીની બારગાહમાં ઉભા થઈ ગયા. ફર્માન થયું, હે મૂસા ! જ્યારે દુનિયાના એશો આરામમાં તારી પાસે કાંઈ પણ ન રહ્યું તો હવે કમ્બલ ઓઢી લો, કેમ કે હવે તમે એના મુસ્તહિક઼ ઠર્યા. જ્યારે હઝરત મૂસા علیہ السلامએ કમ્બલ (ગોદડી) પહેરી, દસ સાલ સુધી એકાંતમાં રહ્યા, બહાર તશરીફ ન લાવ્યા. ઝિક્ર તથા ફિક્રે ઈલાહીમાં મશગૂલ તથા વ્યસ્ત રહ્યા, ત્યાં સુધી કે સરકશ ફિરઔનથી મુક઼ાબલાની ઘડી આવી ગઈ. આ મક઼ામ પર હઝરત શૈખુલ ઈસ્લામની આંખોમાં આંસુ આવી ગયાં અને આ શેઅર પઢયા

شکرانہ دہند عاشقاں جان جہان۔تا صوف وگلیم عشق راخویش کندہ

**(અર્થ)** : ખુદાની બારગાહનાં આશિક઼ો જહાનની જાન સુધ્ધાં શુક્રાના રૂપે નઝર કરીને ઈશ્ક઼ની ગોદડી પહેરે છે.

ફર્માવ્યું જ્યાર કદી સૈયદના મૂસા علیہ السلام સરકશ ફિરઔનથી તંગ આવી જતા તો તે જ સૌફ તથા કમ્બલને વસીલો બનાવીને રબની બારગાહમાં દુઆ કરતા હતા અને ફિરઔન પર મુસીબત નાઝિલ થઈ જતી.

હઝરત શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી મેં સાંભળ્યું કે કાલે ક઼યામતના દિવસે જ્યારે સર્વ ગોદડી પોશોને ક઼યામતના મેદાનમાં હાજર કરશે તો દરેક ખભે કમ્બલવાળો મસ્ત દીવાનો ક઼યામતમાં એ રીતે દાખલ થશે કે દરેક કમ્બલમાં લાખો રસ્સીઓ હશે. તેમના મુરીદ તથા ઔલાદ તે રસ્સીઓને મજબૂતીથી પકડી લેશે. ખુદાવંદે કરીમ ﷻ એ દિવસે તેમને એટલી શક્તિ અતા કરશે કે બુઝુર્ગ સર્વ લોકોને કમ્બલ સહિત ઉઠાવશે અને દોઝખના પુલસિરાતથી પાર કરી દેશે. પછી બુઝુર્ગ પાછા આવશે અને પોતાની જગાએ ઉભા થઈ જશે. અવાજ આવશે કે ક્યાં છે તે લોકો જેમણે અમારાથી ચહેરો ન ફેરવ્યો બલ્કે ઈજ્જત તથા માનભેર અમારી ખિદમત કરતા રહ્યા, તેઓ આવી જાય અને ગોદડી (કમ્બલ)ની રસ્સીઓ મજબૂતીથી પકડી લે જેથી તેઓ પણ આ પુલથી અમાન તથા સલામતીની સાથે પાર થઈ જાય, અને સરકાર મુસ્તફા ﷺની નજરો સામે ખુદાના હુકમથી જન્નતમાં પહોંચી જાય. તે વખતે તેઓને જાણ થશે કે ગોદડી પોશ હઝરાત ખુદાની બારગાહમાં શું મક઼ામ તથા મર્તબો ધરાવે છે.

## તઝકેરતુલ અવલિયા

### હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

**હપ્તો ૩૯**

હઝરત ઝુન્નૂને આપની ખિદમતમાં એક જાએ નમાઝ મોકલી તો આપે એવું કહીને પરત કરી આપી કે મને એની હાજત નથી, અલ્બત્ત એક મસ્નદ (બેઠક) જરૂરી છે. એટલે કે હવે હું એવો બેનિયાઝ થઈ ચૂક્યો છું કે મને નમાઝ માફ થઈ ચૂકી છે ! (શક્ય છે ત્યારે તેમનામાં અતિ કમજોરીના કારણે ઈશારાથી પણ નમાઝ અદા કરવાની પણ શક્તિ નહીં હોય) અને જ્યારે તેમણે ઉમદા કક્ષાની મસ્નદ મોકલી તો એવું કહીને પરત કરી આપી કે જેની પાસે અલ્તાફે ખુદાવંદીની મસ્નદ હોય તેને દુનિયાવી મસ્નદની જરૂરત નથી. જ્યારે એ તે દૌર હતો જ્યારે આપ અતિશય ઝઈફ તથા પરેશાન હાલ હતા. અને જો મસ્નદ કુબૂલ કરી લેત તો મુબાહ હતું, પરંતુ તક્વાની રૂએ બંનેવ ચીજો પરત કરી આપી.

આપે ફર્માવ્યું કે હું શિયાળાની રાતમાં ગોદડી ઓઢીને એક જંગલમાં સૂતેલો હતો એવામાં મને ગુસ્લની હાજત ઉભી થઈ, પરંતુ સખત ઠંડીના કારણે મારા નફસમાં આળસ પેદા થઈ ગયું. પરંતુ મેં પણ ગોદડી ઓઢેલ સ્થિતિમાં બરફ જેમ જામેલા પાણી વડે ગુસ્લ કરીને સવાર સુધી તે જ પલળેલી ગોદડી એ નિય્યતે ઓઢેલી રાખી કે સુસ્તી કરવાના જુર્મમાં નફસને ઔર વધુ ઠંડીનો સામનો કરવો પડે. અને તે દિવસથી એ નિયમ બનાવી લીધો કે દિવસમાં સિત્તેર વાર ગુસ્લ કરું છું અને દરેક વાર બેહોશ થઈ જઉં છું.

**તબ્લીગનો અનોખો તરીકો :** એકવાર કબ્રસ્તાનથી આવી રહ્યા હતા એવામાં એક બુસ્તામી નવ જવાન વાજીંત્ર વગાડી રહ્યો હતો, તો આપે તેને જોઈને લા હૌલ પઢી અને તે નવયુવાને વાજીંત્રને આપના માથા પર એટલા જોરથી માર્યું કે માથુ ફાટી ગયું અને વાજીંત્ર તૂટી ગયું. પરંતુ આપે ઘરે પરત આવીને વાજીંત્રની કિંમત અને થોડોક હલ્વો વગેરે મોકલીને પયગામ આપ્યો કે આ રકમથી બીજુ વાજીંત્ર ખરીદી લો અને હલ્વો ખૂબ ખાવ જેથી તૂટેલા વાજીંત્રનો ગમ દૂર થઈ જાય. ત્યાર બાદ એ નવ યુવાને હાજર થઈને માફી માગી અને હમેશાંના માટે તે તથા તેનો એક સાથી બંનેવે તૌબા કરી.

**કૂતરાથી બોધપાઠ ! :** એકવાર આપ મુરીદોની સાથે એક સાંકડી ગલીથી પસાર થઈ રહ્યા હતા એવામાં સામેથી એક કૂતરો આવ્યો જેથી આપે તથા મુરીદોએ રસ્તો છોડી આપ્યો અને કૂતરો નીકળીને ચાલ્યો ગયો. એ વખતે કોઈ મુરીદે પૂછયું કે જ્યારે ખુદાએ ઈન્સાનને અશરફુલ મખ્લૂકાત બનાવેલ છે તો પછી આપે કૂતરાના માટે રસ્તો કેમ છોડી આપ્યો ? એનાથી તો એવું મહેસૂસ છે થાય કે કૂતરાને આપણા પર વિશેષતા હાંસલ છે. અને એ વાત બુદ્ધિની પણ વિરુદ્ધ છે. આપે જવાબ આપ્યો કે આ કૂતરાએ મને સવાલ કર્યો હતો કે અઝલમાં મને કૂતરો અને તમને સુલ્તાનુલ્ આરિફીન કેમ બનાવવામાં આવ્યા ? અને એમાં મારો શો વાંક હતો ? અને આપની શું ફઝીલત હતી ? જેથી મેં એ ખયાલથી કે અલ્લાહનું કેટલુ મોટુ ઈનામ છે કે એણે મને કૂતરા પર ફઝીલત અતા કરી દીધી, એટલા માટે મેં રસ્તો આપી દીધો. પછી ફરી બીજીવાર રસ્તામાં કૂતરો મળ્યો તો આપે દામન સમેટી લીધો. જેના પર એ કૂતરાએ અર્ઝ કર્યું કે આપે દામન કેમ બચાવ્યો, એટલા માટે કે હું જો પલળેલો નથી તો

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

મારાથી નાપાકીનો ખતરો નથી, અને જો પલળેલો હોત તો આપ આપનાં કપડાં પાક કરી શકતા હતા. પરંતુ આ ઘમંડ જેને તમે પ્રદર્શિત કર્યો એ તો સાત સમુદ્રોના પાણીથી પણ પાક નથી થઈ શકતો. આપે ફર્માવ્યું કે તું સાચુ કહે છે એટલા માટે કે તારુ તો જાહેર નાપાક છે અને મારું બાતિન (અંતર), જેથી આપણે બંનેવે એક સાથે રહેવું જોઈએ જેથી કાંઈક પાકીઝગી મારા બાતિનને પણ હાંસલ થઈ જાય. પરંતુ કૂતરાએ કહ્યું કે આપણા બંનેનું સાથે રહેવું શક્ય નથી, કેમ કે હું મરદૂદ છું અને આપ બારગાહના મક્બૂલ છો. બીજુ એ કે હું બીજા દિવસના માટે એક હાડકુ પણ ભેગુ નથી કરતો અને તમો વરસભરનું અનાજ ભેગુ કરી લો છો. આપે ફર્માવ્યું કે સેંકડો અફસોસ ! જ્યારે હું કૂતરા સાથે રહેવાને પાત્ર નથી તો પછી ખુદાનો કુર્બ કેવી રીતે હાંસલ થઈ શકે છે ?! અને પાક છે તે અલ્લાહ જે બદ્તરીન મખ્લૂક્ની વાતોથી બેહતરીન મખ્લૂકને બોધપાઠ લેવાનો દર્સ આપે છે.

એક શખ્સ ત્રીસ વરસો સુધી આપની સોહબતમાં ઈબાદત કરતો રહ્યો અને એક દિવસે આપને અર્ઝ કરી કે, આટલો અરસો પસાર થઈ જવા છતાં પણ આપની તા'લીમ મારા પર અસર ન કરી શકી. આપે ફર્માવ્યું કે એક જ રીતે તારા પર અસર થઈ શકે છે પણ તે તારા માટે સ્વીકાર્ય નહીં હોય. તેણે અર્ઝ કરી કે હું આપના દરેક હુકમનું પાલન કરીશ. આપે ફર્માવ્યું કે દાઢી, મૂંછ અને માથા સર્વ વાળો મૂંડાવીને અને એક કંબલ ઓઢીને એક જોલામાં અખરોટ ભરી લે અને એવી જગાએ જઈને બેસ જ્યાં ઘણા લોકો તને ઓળખતા હોય. અને બાળકોને કહી દે કે જે બાળ ક મને એક પથ્થર મારશે તેને એક અખરોટ આપીશ. બસ આ જ તારો એક ઈલાજ છે ! એટલા માટે કે હજી તને પોતાના નફ્સ પર કાબૂ હાંસલ નથી થઈ શક્યો. તેણે જવાબમાં કહ્યું કે سُبْحَانَ اللهِ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ. આપે ફર્માવ્યું કે આ કલમા જો કોઈ કાફિરની ઝબાનથી અદા થાત તો તે મુસલમાન થઈ જાત, પરંતુ તું એટલા માટે મુશ્રિક થઈ ગયો કે તેં અઝમતે ખુદાવંદીના બદલે પોતાની અઝમતનો ઈઝહાર કર્યો. આ સાંભળીને તેણે અર્ઝ કરી કે આપની બતાવેલી તરકીબ મારા માટે સ્વીકાર્ય નથી. આપે કહ્યું કે એ તો હું પહેલાં જ કહી ચૂક્યો હતો કે તું મારી વાત પર અમલ કરશે નહીં.

હઝરત શફીક્ બલ્ખીનો એક મુરીદ હજ્જની સફરે રવાના થતી વેળા હઝરત બાયઝીદને ત્યાં શરફે નિયાઝ માટે હાજર થયો તો આપે પૂછયું કે કોનાથી બયઅત છો ? અને જ્યારે તેણે પોતાના મુર્શિદનું નામ બતાવી આપ્યું તો ફર્માવ્યું કે તમારા મુર્શિદના અક્વાલ તથા આમાલ શું છે ? તેણે અર્ઝ કરી કે તેમનો અમલ તો એ છે કે મખ્લૂક્થી બેનિયાઝ થઈને મુતવક્કિલ અલલ્લાહ થઈ ગયા છે. અને કૌલ એ છે કે જો વરસાદ ન થવાથી અનાજ પેદા ન થાય અને પૂરી મખ્લૂક્ મારાં સંતાનમાં સામેલ હોય તો પણ હું તવક્કુલ ત્યજી નથી શક્તો. આ સાંભળીને હઝરત બાયઝીદે ફર્માવ્યું કે તે ઘણો મોટો કાફિર તથા મુશ્રિક છે અને જો હું પક્ષી બની જઉં તો પણ તેના શહેર તરફ ન જઉં. તો તેને મારો પયગામ પહોંચાડી દો કે કેવળ બે રોટીના માટે તું ખુદાને અજમાવી રહ્યો છે અને જો ભૂખ લાગે તો કોઈનાથી માગીને ખાય લે જે પણ તવક્કુલને બદ્નામ ન કરતો, કેમ કે મને એ ખતરો છે કે ક્યાંક તારા કારણે તારું શહેર તબાહ ન થઈ જાય. આ સાંભળીને તેમનો મુરીદ હજ્જનો ઈરાદો ત્યજીને હઝરત બાયઝીદનો પયગામ લઈને હઝરત શફીક્ની ખિદમતમાં પહોંચ્યો. અને જ્યારે હઝરત શફીકે એ પયગામ પર વિચારણા કરી તો મહેસૂસ થયું કે તે અયબ ખરેખર તેમની અંદર મૌજૂદ છે. પરંતુ તેમણે પોતાના મુરીદને પૂછયું કે તમે હઝરત બાયઝીદને એવું કેમ ન પૂછયું કે જો મારામાં આ ખામી

છે તો પછી આપનો શો મર્તબો છે ? જેથી એ મુરીદે બીજીવાર આપની ખિદમતમાં પહોંચીને એ જ સવાલ દોહરાવ્યો. આપે ફર્માવ્યું, આ તેની બીજી મૂર્ખામી છે, પરંતુ હું જે કાંઈ જવાબ આપીશ તે તારી સમજથી ઉપરનો છે, જેથી કાગળ પર એ લખીને કે, بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ "બાયઝીદ કાંઈ પણ નથી." અને કાગળ લપેટીને તેને આપી દીધો. તેનો ભાવાર્થ એ છે કે જ્યારે બાયઝીદ જ ખુદ કાંઈ નથી તો તેના અવસાફ (ખૂબીઓ) શું હોય શકે છે ? જેથી એનો મર્તબો પૂછવો નિરર્થક છે. અને તવક્કુલ તથા ઈખ્લાસ તો સૌ મખ્લૂકની વાતો છે. અમારી ખ્યાતિ તો અલ્લાહ તઆલાના અખ્લાકથી થવી જોઈએ ન કે તવક્કુલથી. જેથી જ્યારે તે મુરીદ પયગામ લઈને પહોંચ્યો તો હઝરત શફીક બિલ્કુલ મૃત્યુના કિનારે હતા અને આ કાગળ વાંચીને કલ્મએ શહાદત પઢતા પઢતા દુનિયાથી વિદાય થઈ ગયા.

હઝરત અહમદ ખિઝરવિયા رحمۃ اللہ علیہ પોતાના હજારો મુરીદોની સાથે આપનાથી મુલાકાત માટે રવાના થયા તો તેમના મુરીદોમાંથી એક મુરીદ ઘણા જ ફઝ્લો કમાલવાળો હતો અને તેની એ કૈફિયત હતી કે હવામાં ઉડતો અને પાણી પર ચાલતો હતો. જેથી જ્યારે એ જમાઅત હઝરત બાયઝીદ رحمۃ اللہ علیہના દરવાજે પહોંચી તો હઝરત અહમદે મુરીદોને એ હુકમ આપ્યો કે જેનામાં હઝરત બાયઝીદ رحمۃ اللہ علیہના દીદારની તાકાત હોય બસ એ જ મુરીદ મારી સાથે આવે અને બાકીના સર્વ લોકો રોકાય જાય. પરંતુ સૌએ આપના દીદારની આતુરતા પ્રદર્શિત કરી અને જ્યારે હઝરત બાયઝીદના ઘરે પહોંચ્યા તો જોડા ઉતારવાની જગાએ પોતાની લાકડીઓ રાખી દીધી અને જ્યારે સૌ આપની સામે પહોંચ્યા તો આપે સવાલ કર્યો કે તમારો તે મુરીદ ક્યાં છે જે સૌમાં શ્રેષ્ઠ છે અને તે કેમ બહાર ઉભો રહી ગયો છે ? તેને પણ અંદર બોલાવી લો. જેથી જ્યારે તેને પણ અંદર બોલાવી લેવામાં આવ્યો તો આપે હઝરત અહમદને પૂછયું કે આપ ક્યાં સુધી દુનિયાની સૈરો સિયાહત (સફર)માં મશગૂલ રહેશો ? તેમણે જવાબ આપ્યો કે પાણીના એક જગાએ થોભી જવાથી બદબૂ પેદા થઈને રંગ પણ બદલાય જાય છે. આપે પૂછયું કે તો પછી દરિયો કેમ નથી બની જતા જેમાં ન કદી બદબૂ પેદા થાય અને ન કદી રંગ બદલાય. ત્યાર બાદ મઅરેફતના વિશે કાંઈક બીજી ચર્ચા થતી રહી, જેના પર હઝરત અહમદે અર્ઝ કર્યું કે આપની વાતો મારી સમજથી બહારની છે તેને જરા ખુલાસાવાર વર્ણવો જેથી હું સમજી શકું. જેથી આપે એ અંદાઝમાં વાતચીત કરી કે તેમની સમજમાં સારી રીતે આવી ગઈ. અને જ્યારે ખામોશ થઈ ગયા તો હઝરત અહમદે સવાલ કર્યો કે મેં તમારા મકાનની સામે ઈબ્લીસને ફાંસી પર લટકેલો જોયો છે, તે શું ચીજ છે ? હઝરત બાયઝીદે ફર્માવ્યું કે મેં તેનાથી એ વાયદો લીધો હતો કે કદી બુસ્તામમાં દાખલ થઈશ નહીં, પરંતુ તે વાદાખિલાફી કરીને એક શખ્સને ધોકો આપવા બુસ્તામમાં આવી ગયો. અને તેની સજામાં મેં તેને ફાંસી પર લટકાવી દીધો.

કોઈએ સવાલ કર્યો કે આપની પાસે સ્ત્રીઓની ભીડ કેમ રહે છે અને એમાં શું રાઝ છે ? ફર્માવ્યું કે આ ફરિશ્તા છે જેમને હું અમલી મસાઈલ સમજાવું છું. પછી ફર્માવ્યું કે એક રાત્રે પ્રથમ આસ્માનના ફરિશ્તા મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે અમો તમારી સાથે ઈબાદત કરવા ચાહીયે છીએ. મેં કહ્યું કે મારી ઝબાનમાં એ શક્તિ નથી જેના થકી હું ઝિક્રે ઈલાહી કરી શકું. પરંતુ તેમ છતાં ક્રમે ક્રમે સાતેવ આસ્માનોના ફરિશ્તા મારી પાસે ભેગા થઈ ગયા અને સૌએ એ જ ઈચ્છા વ્યક્ત કરી જે પ્રથમ આસ્માનના ફરિશ્તાઓએ જાહેર કરી હતી. અને મેં સૌને પહેલા જેવો જ જવાબ આપ્યો. અને જ્યારે તેમણે પૂછયું કે ઝિક્રે ઈલાહીની શક્તિ તમારામાં ક્યાં સુધીમાં પેદા થશે ? તો મેં કહ્યું કે કયામતમાં જ્યારે સજા તથા જઝા

ખત્મ થઈ જશે અને હું અર્શનો તવાફ કરતાં કરતાં અલ્લાહ અલ્લાહ કહી રહ્યો હોઈશ.

આપ ફર્માવ્યા કરતા હતા કે એક રાત્રે અચાનક મારું મકાન રોશન થઈ ગયું અને મેં અવાજ આપીને કહ્યું કે જો આ ઈબ્લીસની હરકત છે તો હું મારી બુઝુર્ગી તથા બુલંદ હિંમતીના કારણે તેના ધોકામાં નથી આવી શકતો, અને જો મુકર્રબીનની તરફથી આ નૂર છે તો મને ખિદમતનો મોકો અતા કરો જેથી હું પણ કરામતનો મર્તબો હાંસલ કરી શકું.

એક રાત્રે આપને ઈબાદતમાં લિજ્જત મહેસૂસ ન થઈ તો ખાદિમને ફર્માવ્યું કે જુઓ ઘરમાં કઈ ચીજ મૌજૂદ છે ? જેથી દ્રાક્ષનો એક લૂમ નીકળ્યો, તો આપે ફર્માવ્યું કે આ કોઈને આપી દો. ત્યાર બાદ આપના ઉપર અન્વારની વર્ષા થવા લાગી અને ઝિક્ર તથા શુગ્લમાં લિજ્જત મહેસૂસ થવા લાગી.

**યહૂદી મુસલમાન થઈ ગયો !** એક યહૂદી જે આપનો પડોશી હતો જે ક્યાંક સફરમાં ચાલ્યો ગયો અને મુફલિસીના કારણે તેની પત્ની દીવો પણ સળગાવી શકતી ન હતી. અને અંધકારના કારણે તેનો બાળક પૂરી રાત રડયા કરતો હતો. જેથી આપ દરેક રાત્રે તેને ત્યાં દીવો મૂકી આવતા. અને જે વખતે એ યહૂદી સફરથી પરત આવ્યો તો તેની પત્નીએ સર્વ ઘટના સંભળાવી. જેને સાંભળીને તેણે કહ્યું કે કેટલા પ્રમાણમાં અફસોસનાક આ વાત કે આટલો મહાન બુઝુર્ગ આપણો પડોશી હોય અને આપણે ગુમરાહીમાં જિંદગી પસાર કરીએ ! જેથી પતિ પત્ની બંનેવે આપના હાથ પર ઈસ્લામ કૂબૂલ કરી લીધો.

એકવાર કોઈ અગ્નિપૂજકથી મુસલમાન થવાની તબ્લીગ કરવામાં આવી તો તેણે જવાબ આપ્યો કે જો ઈસ્લામ એનું નામ છે જે હઝરત બાયઝીદને હાંસલ છે તો એની મારી અંદર શક્તિ નથી. અને જે રીતના તમે સૌ લોકો મુસલમાન છો તો મને એના પર વિશ્વાસ નથી.

એકવાર આપ આપના મુરીદોની સાથે બેઠેલા હતા. તો અચાનક મુરીદને કહ્યું કે ખુદાનો એક દોસ્ત આવી રહ્યો છે તો સામે ચાલીને તેનું સ્વાગત કરવું જોઈએ. અને જ્યારે સર્વ લોકો બહાર નીકળ્યા તો જોયું કે હઝરત ઈબ્રાહીમ હરવી છે જે ખચ્ચર પર સવાર થઈને આવી રહ્યા છે. અને જ્યારે બાયઝીદે તેમને કહ્યું કે મને આપના સ્વાગતનો અલ્લાહ તરફથી હુકમ મળ્યો છે અને એ પણ હુકમ છે કે તેની બારગાહમાં આપને હું પોતાનો શફીઅ બનાવી લઉં. આ સાંભળીને તેમણે જવાબ આપ્યો કે જો પ્રથમ શફાઅત તમને અને આખરી શફાઅત મને અતા કરવામાં આવે તો પણ હુઝૂરે અકરમ ﷺની શફાઅતની સરખામણીમાં તેનો મર્તબો એક મુઠ્ઠી બરાબર પણ નથી. ત્યાર બાદ દસ્તરખાન બિછાવવામાં આવ્યું જેના પર વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ મજેદાર ખાણા રાખવામાં આવ્યાં હતાં. અને આપે હઝરત ઈબ્રાહીમ સાથે ખાવા ખાધુ. પરંતુ હઝરત ઈબ્રાહીમના દિલમાં ખયાલ ગુજર્યો કે હઝરત બાયઝીદ જેવા શયખે દૌરાંએ આવા ખાણાઓથી બચવું જોઈએ. અને હઝરત બાયઝીદને આપની આ નિય્યતનો અંદાઝો થઈ ગયો. તો આપે ખાણા બાદ તેમને પોતાની સાથે એક ખૂણામાં લઈ જઈને દીવાલ પર હાથ માર્યો તો એક એવો દરવાજો જાહેર થયો જેની સામે ઘણો જ મોટો દરિયો મોજાં મારી રહ્યો હતો. અને હઝરત બાયઝીદે તેમને કહ્યું કે ચાલો આપણે બંનેવ આમાં ગુસ્લ કરીએ. પરંતુ તેમણે કહ્યું કે ખુદાએ મને આ મર્તબો અતા નથી કર્યો. આ જવાબ સાંભળીને આપે તેમને કહ્યું કે જે જવની રોટી તમારો ખોરાક છે તે તો એ જવ છે જેને જાનવર ખાય છે અને લીડ કરી દે છે. તેમ છતાં તમો એ ધારો છો કે ઉમદા તથા ટેસ્ટી ખાણા ખાનારો કદી તક્વાવાળો નથી હોઈ શકતો. આ સાંભળીને હઝરત ઈબ્રાહીમ ઘણા જ શર્મિંદા થયા અને માફી માગી. *(ક્રમશઃ)*

# નમાઝ અને મેડિકલ સાયન્સ

હપ્તો : ૦૬

**લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી**
*(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)*
**અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા**

### ★ સજદહ્‌માં બંને હાથોને સીધા રાખવા ★

મશહૂર યૂરોપિયન ડોકટર વોઈસ એડમિરલનું સંશોધન છે કે માણસ રાત-દિવસ પોતાના હાથોને અક્કડ કરીને નથી રાખતો બલ્કે હાથ ઢીલા ઢીલા રાખે છે, જો હમેશાં એવી હાલતમાં (ઢીલા) હાથ રહે તો હાથોમાં બીમારી થઈ જાય છે જેનાથી હાથોની પકડ ઢીલી અને સુસ્ત પડી જાય છે અને હાથોની તાકાતમાં કમી આવી જાય છે. પરંતુ જ્યારે આપણે સજદા અને કાઈદાઓમાં બિલકુલ સીધા રાખીએ છીએ તો એ હાથો આંગળીઓ અને સાંધાઓની ખાસ પ્રકારની કસરત છે જેનાથી હાથ દર્શાવેલ બીમારીથી સુરક્ષિત રહે છે અને હાથોની તાકાત બરાબર રહે છે.

### ★ જલસા ★

બે સજદાઓની વચમાં બેસવું તેને જલસા કહે છે. મેડિકલ સાયન્સના સંશોધનના પ્રમાણે એનાથી ઘુટણો અને પિંડલીઓ મજબૂત થાય છે, જાંગો અને સફેદ રગોને તાકાત મળે છે જેનાથી પુરુષ-સ્ત્રીઓની (મર્દાના ઝનાના) કમજોરીઓ દૂર થઈ જાય છે જેથી માણસની નસલો દિમાગી તથા શારીરિક રીતે તંદુરસ્ત પેદા થાય છે.

### ★ કુર્આનની તિલાવતની અસર ફેફસાંઓ પર ★

નમાઝમાં કિ઼રાઅત એટલે કે તિલાવતે કુર્આન ફર્ઝ છે. ઓછામાં ઓછી ત્રણ આયતો કે એક આયત જે ત્રણ આયતોના બરાબર હોય એને પઢવી જરૂરી છે. ફજર, મગરિબ અને ઈશાની નમાઝોમાં મોટા અવાજથી અને બાકી ઝોહર, અસરમાં ધીમેથી પઢવી જોઈએ કે પોતાના કાન સાંભળી શકે. કુર્આનની આયતોની તિલાવતના માટે દરેક હુરૂફની અદાયગીના માટે એક ખાસ જગા અને ચોક્કસ સ્થાન છે જેને મખારિજ (ઉચ્ચારનું ઉદ્‌ભવ સ્થાન) કહેવામાં આવે છે. સાચા મખારિજ (સહીહ ઉચ્ચારો) અદા કરવામાં અવાજની અંદર ઉતાર ચઢાવના લેહાજથી શ્વાસની આખી નળી, હોઠ, દાંત, પેઢાંઓ, જીભ, ગળુ અને નાક વગેરેને સંપૂર્ણ કસરત મળે છે.

### ★ સલામ ★

નમાઝી જ્યારે છેલ્લો કાયદો કરીને સલામ ફેરવવા માટે માથુ જમણે ડાબે કરે છે તો આમ કરવાથી દિલની તમામ બીમારીઓ અને એની આંતરિક તમામ ગુંચવણોથી હમેશાં સલામત રહે છે.

ડોકટર કોસ્ટોના સંશોધનના પ્રમાણે માથુ જમણે ડાબે ઘુમાવવાથી (સલામ ફેરવવાથી) માણસ ગરદનની તમામ બીમારીઓથી સલામત રહે છે કેમ કે એ અમલથી ગરદનની નસોને એક ખાસ પ્રકારની કસરત મળે છે. હાંસડીનું ઢીલાપણુ ખતમ થઈ જાય છે, છાતી પહોળી અને લાંબી થઈ જાય છે. એ બધી કસરતોના ફાયદા એ વખતે પહોંચે છે જ્યારે આપણે નમાઝ સુન્નત પ્રમાણે અદા કરીએ.

### ★ અલ્લાહની તરફ ધ્યાન (તવજ્જોહ) આપવાથી નફસની બીમારીઓનો સફાયો ★

નમાઝીએ પોતાનું ધ્યાન દુનિયાથી હટાવીને અલ્લાહની તરફ લગાવી દેવું ખુશૂઅ તથા ખુઝૂઅ પણ કહેવાય છે. આજકાલ માણસ દુનિયાની દિલ ફરેબીઓ અને રંગીનીઓમાં ફસાતો ચાલ્યો જાય છે અને જેટલો દુનિયામાં ફસાતો જાય છે એટલો જ પરેશાન અને બેચૈન થાય છે. અધિક ચૈનની શોધમાં દુનિયા પ્રાપ્ત કરે છે પરંતુ પાછો ફસાય છે, છેવટે રેશમના કીડાની જેમ ફસાઈને મૃત્યુ પામે છે. બિલકુલ આ જ રીતે માણસની

હાલત છે. પરંતુ નમાઝ એક ઈલાજ છે તમામ પરેશાનીઓ અને દુઃખોનો, પણ કઈ નમાઝ ?! મારી અને તમારી નથી ! બલ્કે એ નમાઝ જેની અંદર ખુશૂઅ તથા ખુઝૂઅ(એકાગ્રતા) હોય, જે બરાબર રીતે અલ્લાહની તરફ ધ્યાન અને એની યાદમાં ડૂબીને પઢવામાં આવી હોય.

## ★ નમાઝમાં આત્મહત્યાનો ઈલાજ ! ★

ફર્મ્ફર્ટ સેન્ટર ઓફ ફ્રાન્સના સંશોધનના પ્રમાણે જિંદગીથી ત્રાસી ગયેલ માણસો જેઓ આત્મહત્યા કરવાનું ઈચ્છતા હતા પણ જયારે આવો મુરાકેબો કરાવવામાં આવ્યો જે નમાઝથી બિલકુલ મળતો આવતો છે તો એવા જિંદગીથી ત્રાસી ગયેલ બીમારો આપમેળે આત્મહત્યાને ધિક્કારતા થઈ ગયા.

ડોકટર એલેકઝાન્ડરનું કહેવું છે કે અમે ઈસ્લામમાં આત્મહત્યા ઓછી જોઈ, જયારે કે યૂરોપ અને અમેરિકામાં ખુદા બેઝારીના લીધે આ બનાવો રોજની આદત બની ગઈ છે. નમાઝ ઈબાદતનો ઈસ્લામી તરીકો છે જેનાથી પરેશાન દિલોને ચૈન મળે છે. એટલા માટે યૂરોપ અને અમેરિકામાં સલામતી શાંતિના શોધક જિંદગીઓથી કંટાળી જવાવાળા લોકો ટોળાબંધ ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ રહ્યા છે અને શાંતિ સલામતીના ખુશહાલ પરિણામો પોતાની આંખો વડે જોઈ રહ્યા છે. ડોકટર એલેકઝાન્ડરનું કહેવું છે કે વુઝૂ અને નમાઝ, ખાસ કરીને એકાગ્રતાવાળી નમાઝથી આ ખયાલ (આત્મહત્યાનો) માણસની અંદરથી બિલકુલ ખતમ થઈ જાય છે અને માણસ પોતાની જાતને મકસદવાળો સમજવા લાગે છે.

## ★ પાંચ વખત નમાઝ પઢવાની હિકમત ★

કોઈ પણ ધર્મને માનવાવાળો હોય પણ તે એટલુ જરૂર માને છે કે માણસ શરીર અને રૂહથી બનેલ છે. શરીરનો ખોરાક જમીનમાંથી પાકતા ખોરાકથી છે અને રૂહનો ખોરાક નમાઝથી. જેવી રીતે શરીરને જો એનો ખોરાક ન મળે તો શરીર કમજોર થઈ જાય છે એવી રીતે જો રૂહને એનો ખોરાક ન મળે તો એ પણ બેચેની અશાંતિ અનુભવે છે. અને જ્યારે રૂહ (આત્મા) બેચૈન અશાંત થઈ જાય છે તો માણસને ચૈન શાંતિ મળતી નથી. ઈસ્લામ ધર્મમાં શરીર અને રૂહના ખોરાકની સાથે સાથે વ્યવસ્થા કરવામાં આવી છે. આપણે સવારના સમયે નાસ્તો કરીને શરીરને ખોરાક આપીએ છીએ અને ફજરની નમાઝ પઢીને રૂહને તાકાત આપીએ છીએ. બપોરનું ખાવા ખાઈને શરીરને તાકાત આપીએ છીએ તો ઝહોરની નમાઝ પઢીને રૂહના ખોરાકોનો સામાન કરીએ છીએ. અસરની નમાઝ બીમાર રૂહના માટે તાકાતનો સબબ બને છે એ જ પ્રમાણે મગરિબનું છે. રાતના સમયે કેટલાય લોકો ખાવા વધારે ખાઈ લેતા હોય છે એટલા માટે ઈશાની નમાઝની રકાતો વધારે રાખવામાં આવી છે જેથી કરીને ખોરાક હજમ થઈ જાય અને આંતરડાંઓ ખરાબ ન થાય.

## ★ તરાવીહની નમાઝ અને વિજ્ઞાનનું જાહેર થવું ★

માહે રમઝાનમાં તરાવીહની નમાઝને ઘણુ મહત્વ મળેલ છે. જો આપણે એના પર વિચાર કરીએ તો ઘણા જ વૈજ્ઞાનિક પાસાંઓ જાહેર થાય છે.

માહે રમઝાનમાં ઈફતારના સમયે રોઝો છોડતી વખતે જાત જાતનાં ખાણાઓ સામે હોય છે. અને એ માણસની પ્રકૃતિ છે કે ખાવા ખાતી વખતે એ વાતનો વિચાર નથી રાખતો કે વધારે ખાવા જો એક વખતમાં ખાઈ લીધું તો પેટની શી હાલત થશે, પેટ ભરીને ખાવાવાળા માણસનો ઈલાજ એ જ છે કે એને ઈશાની નમાઝ પછી આવી કસરત પર લગાડી દેવામાં આવે કે એમાં જ તે લાગેલો રહીને ઊઠતો બેસતો રહે એટલે સુધી કે તે નુકસાનની અસરો જે વધારે ખાવાના કારણે એના શરીર પર લાગવાની હતી તે આ કસરતથી દૂર થઈ જાય છે અને તે તાજગીસભર બનીને ઘરે પાછો ફરે છે.

જો તરાવીહની નમાઝ ન હોત તો માણસ ખાધા પછી સૂઈ જતો જેનાથી દિલની ધડકન, હાઈબ્લડ પ્રેશર, આંતરડાઓનું જલન, ચક્કર, ઊલટી, કાયમી શરદી, ઝાડો અને મરડા જેવી ખતરનાક બીમારીઓમાં સપડાઈ જતો, એટલા માટે તરાવીહની નમાઝ એ બધી બીમારીઓના માટે ઈલાજ પણ છે અને હળવી કસરત પણ. *(સંપૂર્ણ)*

**આ'લા હઝરતના આગમનની ૧૭૦ વર્ષ પહેલાં આગાહી કરનારા મહાન 'વલીઅલ્લાહ'**

# હઝરત સૈયદ મુહમ્મદસાલેહ શીરાઝીશાહ رحمۃ اللہ علیہ

......રજૂકર્તા : *મર્હૂમ અલીમુહમ્મદ અહમદ બાબી-પોબરંદર*

શૈખુલ મશાઈખ, કુત્બુલ અક્તાબ, સૈયદુસ્સાલિકીન, સરતાજે ઔલિયા હઝરત સૈયદ મુહમ્મદસાલેહ શીરાઝીશાહ હસની હુસૈની કાદરી શીરાઝી જીલાની رحمۃ اللہ علیہનો જન્મ મુબારક તા. ૩ મુહર્રમ હિ.સ. ૧૦૦૦ સવારે ૪.૩૦ કલાકે ઈરાન દેશના શીરાઝ શહેરમાં થયો. આપની માતાનું નામ હઝરત આમીના બીબી અને પિતાનું નામ હઝરત સૈયદ મુહમ્મદઅલી છે. આપના જન્મથી પહેલાં આપના પિતાને આકાએ નામદાર હુઝૂરે પાક ﷺએ સ્વપ્નમાં બશારત આપી કે આપને ત્યાં પુત્રનો જન્મ થશે તેનું નામ મુહમ્મદસાલેહ રાખશો, તે જન્મથી જ વલી હશે અને તે પોતાના જમાનાના કુતુબ થશે. તેની તા'લીમ બગદાદ જઈને કરાવશો.

હઝરત શીરાઝીશાહ બાવા પાંચ વર્ષની ઉમરમાં કુર્આનના હાફિઝ થઈ ગયા. ૧૨ વર્ષે આલિમ થયા. ૨૦ વર્ષની ઉમરે આપે ઘણી બધી વિદ્યાઓમાં પારંગતતા મેળવી લીધી. આપ શરીરે પાતળા અને સુડોળ હતા. ચહેરો ખૂબસૂરત નૂરાની હતો. પહેરવેશમાં સાદો કુર્તો, સલવાર પહેરતા હતા. અમામો ક્યારેક કાળો, ક્યારેક લીલો, ક્યારેક સફેદ અને ક્યારેક ચોકલેટી કલરનો પહેરતા હતા. પગમાં ઈરાની મોજડીઓ પહેરતા હતા. આપ સાદો ખોરાક ૨૪ કલાકમાં એકવાર લેતા, જેમાં દૂધ, મધ તથા બુંદ દાણાનો કાવો પીતા. આપનું જીવન સંપૂર્ણ સ્વચ્છતા, સાદગીથી ભરપૂર હતું.

આપને એક લાખ હદીષો યાદ હતી. આપે આપના હાથેથી પૂરુ કુર્આન શરીફ ઉપરાંત યાસીન શરીફ, દુરૂદ શરીફ તથા દલાઈલુલ ખૈરાત શરીફ લખી છે. આપ કિર્અત પણ ખૂબ જ સુંદર રીતે અદા કરતા, આપ શાયર પણ હતા. આપ રોજ એક હજાર રકાત નફ્લ નમાઝો પઢતા. આપ દુરૂદ શરીફ પણ ખૂબ પઢતા હતા. કારણ કે આપની માતાએ એક કરોડથી પણ વધુ દુરૂદ શરીફ પઢીને હુઝૂરે પાક ﷺની બારગાહમાં હદિયો મોકલેલ હતો. આપને પાંચ હજારથી પણ વધુ જુદા જુદા દુરૂદો યાદ હતા. આપ દર સોમવારે તથા જુમેરાતે સવા લાખ દુરૂદે તાજનો ખત્મ પઢતા હતા. આપે પચ્ચીસ હજ્જ કરેલ છે.

હઝરત શીરાઝીશાહ બાબા બારહવી શરીફના મહીનામાં બાર દિવસ દરરોજ ફજરની નમાઝ બાદ મીલાદ શરીફ અને બારમી તારીખે આખી રાત દુરૂદ શરીફની મેહફિલ કરતા. જેમાં હુઝૂરે પાક ﷺના બાલ મુબારકની ઝિયારત રાખતા. મુહર્રમના દસ દિવસો પણ ઈમામ હુસૈન رضی اللہ عنہની યાદમાં શરબત અને મલીદો તકસીમ ફર્માવતા. અગ્યારમી શરીફના મહિનામાં ૧૭ દિવસ સુધી મીલાદ શરીફ અને દરરોજ ગૌષ પાકની ન્યાઝ તકસીમ કરતા.

હઝરત શીરાઝી શાહ બાબાને નમાઝથી બેહદ મહોબ્બત હતી. નમાઝની પાબંદી સખ્તીથી પોતે કરતા અને બીજાઓને કરાવતા. જો કોઈની ફજરની નમાઝ કઝા થઈ હોય તો તેની સાથે પૂરો દિવસ કોઈ વાતચીત કરતા નહીં. આપ ફર્માવતા કે બેનમાઝીથી દોસ્તી રાખવી નહીં. જેની ફજરની નમાઝ કઝા થઈ તેનો દિવસ બરબાદ અને જેની ઈશાની નમાઝ ગઈ તેની રાત બરબાદ. આપે લાખો બુતપરસ્તોને ખુદાપરસ્ત બનાવી દીધા. આપે આપની પૂરી

જિંદગીમાં (૧,૩૨,૦૦૦) એક લાખ બત્રીસ હજાર વ્યક્તિને મુસલમાન બનાવ્યા છે. આપે (૯૩૦) નવસો ત્રીસ વ્યક્તિને વલીના દરજ્જે પહોંચાડયા.

હઝરત શીરાઝીશાહ બાબા એ કલારીયા ગામ આબાદ કર્યું. ત્યાં એક મદ્રસાની સ્થાપ્ના કરી, તેનું નામ દારુલ ઉલૂમ કાદરિયા શીરાઝી રાખેલું. આપ લોકોને તા'લીમની સાથે કુશ્તી, તીરંદાઝી તથા ઘોડે સવારી પણ શીખવતા હતા. આપ ખામોશી અને નમ્રતાને પસંદ કરતા હતા. વ્યવહારમાં બધાથી નરમીથી વર્તાવ કરતા, દરેકની વાત શાંતિથી સાંભળ તા, કોઈ ઉપર ગુસ્સે થઈ કદી જવાબ આપતા નહીં.

હઝરત શીરાઝીશાહ બાબા એક દિવસ વિદ્યાર્થીઓને પઢાવી રહ્યા હતા. અચાનક પઢાવવાનું બંધ કરી ખામોશ થઈ બંનેવ હાથ બગલમાં નાખી બેઠા રહ્યા. થોડીવાર બાદ ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહુ અકબર ! ત્યાર બાદ તમામ વિદ્યાર્થીઓને સંબોધીને કહ્યું કે સાંભળો ! અત્યારે મને એક એવા મુજદ્દિદના બારામાં જાણકારી આપવામાં આવી છે કે ચૌદમી સદીમાં ભયંકર ફિત્નો ઉપડશે, રિસાલત, નબુવ્વતનો ઈન્કાર થશે, ફિત્નો ફેલાતાં ચારેકોર અંધકાર થઈ જશે, ફિત્નો ફેલાવનારા વાતાવરણને ગંદો કરી ગુમરાહિયતથી ભરી દેશે. આવા કપળા સમયમાં 'અહમદ' નામનો શખ્સ આ ફિત્નાનો સામનો કરી તેને સખ્તીથી ડામી કલમ દ્વારા જંગ કરશે. અલ્લાહ અને તેના રસૂલ તરફથી તેને મદદ મળશે, તેની જીત થશે. તે વ્યક્તિ ઈસ્લામ માટે નિખાલસતાથી કામ કરશે, તે એહલે બયતની ઈજ્જત ખૂબ કરશે, તે વ્યક્તિ શરીઅતની પાબંદ અને નીડર હશે, ઈસ્લામની ખિદમત કરશે, તે વિલાયતના અને મુજદ્દિદના ઉચ્ચ મકામ પર હશે. માટે મારી આલ ઔલાદ, મુરીદો, મારા માનનારા તે બાબત ઉપર સખ્તીથી પાલન કરે તેના બતાવેલા માર્ગ પર ચાલે અને તેમને અકીદતથી માને અને તેમનો બતાવેલો રસ્તો સાચો હશે. તેઓ જે રસ્તો બતાવશે તે અલ્લાહ અને તેના રસૂલનો રસ્તો હશે. સહાબાએ કિરામ, તાબઈન, તબ્એ તાબેઈન અને ઔલિયા અલ્લાહનો બતાવેલો રસ્તો હશે. બીજું એ કે તે હુઝૂરે પાક ﷺ તથા અહલે બયતને ખૂબ પાબંદીની સાથે માનતો હશે. તેના કારણે અલ્લાહ પાક તેમને ખૂબ ઈજ્જત દેશે. અને જો મારી ઔલાદ તથા મુરીદોએ કશું એ બાબત ઉપર ધ્યાન ન રાખ્યું તો કયામતના દિવસે હું તેનો દામન પકડીશ.

ઉપરોક્ત આગાહી કરામત હઝરત શીરાઝીશાહ બાબાના મોટા પુત્ર હઝરત સૈયદ કામુશાહ કાદરી رحمۃ اللہ علیہ એ કિતાબ ''સીરતે શીરાઝી''માં પાન નં. ૩૫ ઉપર લખેલ છે. આ આગાહી ચાર રબીઉલ અવ્વલ હિ.સ. ૧૧૦૨માં ફર્માવી. અર્થાત આ'લા હઝરતના આગમનના ૧૭૦ વર્ષ પહેલાં આ બશારત કરવામાં આવી. જે મુજબ હિંદુસ્તાનના બરેલી શરીફમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ આ આગાહીના ૧૭૦ વર્ષ પછી જાહેર થયા. જે મુજબ આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ બદ્મઝહબો સાથે કલમ દ્વારા જંગ કરી અહલે સુન્નત વ જમાઅતનો ઝંડો બુલંદીના શિખરે પહોંચાડી દીધો.

## હઝરત શીરાઝીશાહ બાબાના મુબારક બોધવચનો

- ❒ ખુદાપાકને નરમી ખૂબ પસંદ છે માટે નરમી રાખો.
- ❒ અલ્લાહ અને તેના રસૂલની ફર્માબરદારી કરવી અને તેમના હુકમોનું સખત પાલન કરવું. ઈમાન પર કાયમ રહેવું.
- ❒ નમાઝને કઝા થવા દેવી નહીં.
- ❒ સબ્રને હર વખત સાથે રાખવું.
- ❒ ખોટુ ન બોલવું
- ❒ ખામોશી ધારણ કરવી.
- ❒ હલાલ રોઝીની તલાશ કરવી.

❒ દુરૂદ શરીફ બને ત્યાં સુધી ખૂબ પઢવાં.

❒ ઈલ્મે દીન મેળવવું અને પોતાની ઔલાદને ઈલ્મે દીન શીખવાડવું.

હઝરત શીરાઝીશાહ બાબા رحمۃ اللہ علیہએ પોતાના વિસાલના બારામાં દિવસ અને સમયની ખબર અગાઉથી જ પોતાના કુટુંબીઓને આપી દીધી હતી. આપે ૧૭ રબીઉલ અવ્વલ શરીફ હિ.સ. ૧૧૭૦ સોમવારે બપોરે આ ફાની જગતથી વિદાય લીધી. اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ અસરની નમાઝ બાદ આપને **ઉપલેટા** તાલુકાના **કલારીયા** ગામના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યા. જ્યાં આપનો શાનદાર મઝાર શરીફ આવેલો છે. આપનો ઉર્સ ૧૭ રબીઉલ અવ્વલમાં શરીઅત મુજબ શાનો શૌકતથી મનાવવામાં આવે છે. દર વર્ષે ઉર્સમાં આપના હજારો અકીદતમંદો કલારીયા શરીફમાં ઉમટી પડે છે. આપના નૂરાની મઝાર પર હાજરી આપવાથી દિલી મનોકામનાઓ પૂર્ણ થાય છે. તેમજ ભરપૂર રૂહાની ફૈઝ મળે છે. આપના મઝારના શાનદાર ગુંબદને જોતાં બરેલી શરીફના ગુંબદે રઝાની યાદ તાજી થઈ જાય છે.

મૌલા તઆલાની બારગાહમાં દુઆ છે કે હઝરત પીર સૈયદ શીરાઝીશાહ બાબા رحمۃ اللہ علیہના મઝારે પુર અન્વાર પર અલ્લાહની રહમતોની મુશળધાર વર્ષા કયામત સુધી વરસતી રહે તેમજ હઝરતના વંશ વારસો, મુરીદો, અકીદતમંદો તથા ચાહકો ઉપર હઝરતનો રૂહાની ફૈઝ, કરમનો સાયો તથા નિગાહે કરમ સદાને માટે કાયમ રહે. (આમીન)

*વલિયોં કી મહબ્બત હૈ બુલંદી કી ઝમાનત*
*ઈસ દર કી ગુલામી સે ખસારે નહીં હોતે*
*શીરાઝી શાહ બાબા કો નિદા કરકે તો દેખો*
*બિગળે હૂએ કામ ક્યોં હમારે નહીં હોતે*

*(હવાલો : 'કરામાતે શીરાઝી શાહ' અઝ : પીરે તરીકત અલ્હાજ અબ્દુલ મુસ્તફામિયાં કાદરી હુસૈની શીરાઝી, સન. ૧૯૮૬)*

# સવાલાત કે શરઈ જવાબાત

***અઝ : હઝરત અલ્લામા મુફ્તી શેરમુહમ્મદખાં***
*(નાયબ મુફતીએ આ'ઝમ–રાજસ્થાન)*

***પેશકર્દા : મર્હૂમ અલીમુહમ્મદ અહમદ બાબી (પોરબંદર)***

**સવાલ** : જિસકા નામ અબ્દુલમુસ્તફા હો તો ક્યા ઉસકા મતલબ હુઝૂર કા બંદા હૈ ? જબ કિ બંદા તો ખુદા કા હોતા હૈ ?

**જવાબ** : અબ્દુલમુસ્તફા કે માઅને "ગુલામે મુસ્તફા" હૈ. ઐસે નામ રખના બિલ્કુલ દુરુસ્ત હૈ.

**સવાલ** : મેરે વાલિદ કા વિસાલ હો ગયા મેરી વાલિદા બેવા હૈ ક્યા મેરી વાલિદા મેરે સાસ ઔર સસૂર કે સાથ હજ્જ પર જા સક્તીં હૈ ?

**જવાબ** : નહીં ! ઔરત કે સાથ મેહરમ કા હોના શર્ત હૈ. આપ કા સસૂર આપ કી વાલિદા કા મેહરમ નહીં હૈ. ઉસકે સાથ હજ્જ કો જાના દુરુસ્ત નહીં.

**સવાલ** : નમાઝમેં દુઆએ ષાની સુન્નત હૈ યા મુસ્તહબ હૈ ઔર ઉસકા રિવાજ કબસે હુઆ હૈ ?

**જવાબ** : હદીષે પાક મેં બિલ્કુલ વાજેહ હૈ કે દુઆ ઈબાદત કા મગ્ઝ (જાન) હૈ. નમાઝ ઈબાદત હૈ ઔર નમાઝ કે બાદ દુઆએ ષાની સુન્નતે મોતવારિત હૈ.

*(ફતાવા રઝવિય્યહ)*

**સવાલ** : મુકદમે સે રિહાઈ કે લિયે કોઈ વઝીફા બતાયેં ?

**જવાબ** : આયતે કરીમા કી કષરત કિજીયે. હો સકે તો **સવા લાખ** આયતે કરીમા પઢવા દીજીયે. આયતે કરીમા યહ હૈ : لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ اِنِّیْ كُنْتُ مِنَ الظّٰلِمِیْنَ **લા ઈલાહ ઈલ્લા અન્ત સુબ્હાન ક ઈન્ની કુન્તુ મિનઝ્ઝાલિમીન.**

**સવાલ** : મુસલમાનોં મેં યહ અકીદા ઘર કરતા જા રહા હૈ કે સાંઈબાબા એક સૂફી બુઝુર્ગ, વલી ગુઝરે હૈં. લોગ અપની દુકાનોં, ગાળિયો મેં ઉનકી તસ્વીરેં લગાને લગે હૈં, ક્યા ઐસા અકીદા રખના ઔર ફોટો લગાના કૈસા હૈ ?

**જવાબ** : તસ્વીરકશી (ફોટો ખિંચવાના) હરામ હૈ. ઉસકા ગાળી મેં લટકાના ભી હરામ હૈ. જિસ શખ્સ કી તરફ યહ કિસ્સા મન્સૂબ (નિસ્બત) હૈ ઉસ નામ કા કોઈ વલી બુઝુર્ગ નહીં ગુઝરા હૈ. બલ્કે યહ શખ્સ ગૈર મુસ્લિમ થા.

# આવો ! ઈસ્લામની (કાઉન્સિલિંગ)

## સલાહ મશ્વરાની સિસ્ટમ સ્થાપીએ

-:: રજૂકર્તા ::-

**મૌલાના પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી (પારેખત)**
*(રિસર્ચ સ્કોલર : જામિઆ અશરફિયહ–મુબારકપુર)*

ઈસ્લામી ધર્મ ઈન્સાનિયતનો સૌથી મોટો રક્ષક અને એક સારી તથા સુકૂનવાળી સામાજિક જીવન વ્યવસ્થાનો સૌથી મોટો પ્રચારક છે. ઈસ્લામની બુનિયાદોમાં ભલાઈનો જઝબો સમાયેલો છે, કેમ કે એકબીજાની ભલાઈ ચાહવા વગર કોઈ સમાજ બની શક્તો નથી. આખી માનવજાતમાં એક કામિલ મનુષ્ય તરીકે જે શખ્સિયત સૌથી વધુ પ્રખ્યાત છે, તેમનામાં ઉચ્ચ સંસ્કારો અને ઈન્સાનિયતનો દર્દ મૌજૂદ હતો, અને તે શખ્સિયત ઈસ્લામના પૈગંબર હઝરત મુહમ્મદે અરબી ﷺની છે. તેમણે એક પાકીઝા સોસાયટીમાં એક સારુ જીવન વીતાવવાના સિદ્ધાંતો આપ્યા, અને જે કાનૂની વર્તુળ દોર્યુ તેની બધી ધારાઓમાં મનુષ્યની મહોબ્બત, ન્યાયની પ્રાથમિક્તા, મશ્વરા સાથે ચાલવા, હક્કો અદા કરવા, સમાનતાનું આકર્ષણ અને એકબીજાની સહાયનો સંગમ જોવા મળે છે. આ માનવ સંસ્કારના એવા પાઠ છે જે ઈસ્લામી ઈતિહાસના દરેક પાના પર છવાયેલા છે.

ઈસ્લામ વ્યક્તિ વિશેષને ડાયરેક્ટ સંબોધિત કરે છે અને સામૂહિક્તાને પસંદ કરે છે, કેમ કે જ્યાં સુધી દરેક વ્યક્તિ પોતાની જિમ્મેદારી નથી નિભાવતો અને જવાબદારીની ચિંતા નથી કરતો ત્યાં સુધી સામૂહિક્તા ફક્ત એક સપનું જ કહેવાય. એટલા માટે અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં જેવી રીતે અનેક જગ્યાઓ પર તમામ મનુષ્યોને સંબોધિત કર્યા છે અને સામૂહિક રીતે તમામ મુસલમાનોને એક હુકમના હેઠળ રાખ્યા છે, તેવી જ રીત વ્યક્તિગત રીતે પણ ફર્ઝો બજાવી લાવવા માટે તેમને સંબોધન કર્યુ છે. કુર્આન મજીદમાં يَآيُّهَا النَّاسُ (હે લોકો !)ની વિપુલતા જોડે يَآيُّهَا الْاِنْسَانُ (હે ઈન્સાનો !)ની એકતા પણ જોવા મળે છે. હુકમનો કમાલ એ જ છે કે તેમાં વિપુલતામાં એકતા જ માન્ય છે, એટલે કે જ્યાં હુકમ સર્વ મનુષ્યો અને બધા મુસલમાનો માટે છે ત્યાં પણ માનવજાતનો દરેક વ્યક્તિ અને દરેક મો'મિન જ મુરાદ છે. એટલા માટે કાયમ એકતા વિપુલતા સાથે જોડાયેલી રહી છે. ફર્માને રસૂલ كلكم راع وكلكم مسئول عن رعيته (તમારામાંથી દરેક વ્યક્તિ જવાબદાર છે અને દરેકને તેની જવાબદારી વિશે સવાલ થશે.) પણ સંગઠનને બદલે વ્યક્તિ વિશેષનો દરજ્જો બતાવે છે. આ ઈસ્લામનું સૌંદર્ય છે.

**"મશ્વરાના આધારે ચાલવું" ઈસ્લામી જીવન પદ્ધતિનું અતૂટ અંગ છે.** કુર્આન તથા હદીષોમાં આ બાબતે સ્પષ્ટ ફર્માન આવેલાં છે જેના અધ્યયનથી અંદાજો થાય છે કે મશ્વરાનું મહત્વ કેટલું બધું છે અને કોઈ પણ સિસ્ટમમાં એની જરૂરત શું છે. સાચી વાત તો એ છે કે આ સિસ્ટમ હુકૂમતની બુનિયાદ છે, અને કોઈપણ હુકૂમતને ટકાવી રાખવા, તેની જડો મજબૂત કરવા અને બીજા દેશો સાથે સંબંધ સાચવી રાખવામાં તેનો રોલ ચાવીરૂપ હોય છે. પરંતુ એ પણ કહી દઉં કે હાલની લોકશાહીને આની જોડે દૂરથી પણ કોઈ સંબંધ નથી. હાલની લોકશાહીની સૌથી મોટી ખરાબી એ છે કે તેમાં માથાં ગણાય છે પણ માથામાં દિમાગ છે કે નહીં તેની બિલ્કુલ પરવા કરવામાં આવતી નથી ! એટલે કે લોકતાંત્રિક દેશોમાં પબ્લિક વોટ આપે છે અને વધુ વોટ મેળવનારને ખુરશી સોંપી દેવામાં આવે છે. મતો આપનારા લોકો ભણેલા છે કે નહીં અને ખુરશી પર બેસનારાનુ તા'લીમી લેવલ અથવા અનુભવ કેટલો છે તેની કોઈને પડેલી નથી

હોતી, અને કાનૂની રીતે તે આવશ્યક પણ નથી કરવામાં આવ્યું.

પરંતુ ઈસ્લામની કાઉન્સિલિંગ (પરામર્શની, મંત્રણાની) સિસ્ટમ લાયકાતની શરત પર આધારિત છે. મશ્વરો તેમનો જ લેવામાં આવશે જે લાયકાત ધરાવનારા હોય, અકલમંદ હોય, ઊંડી સમજણ રાખતા હોય, ભેદભાવ રાખનારા ન હોય, તેમનું જીવન સમાજી, આર્થિક અને કૌટુંબિક કરપ્શનથી પાક સાફ હોય, ઉચ્ચ સંસ્કાર ધરાવતા હોય, ખુદાથી ડરતા હોય અને અમાનતદારી નિભાવતા હોય. ઈસ્લામી શરીઅત મુજબ કોઈનો પણ મશ્વરો વ્યક્તિગત નથી ગણાતો, બલ્કે તેને સામૂહિક રીતે લાગુ પાડેલો માનવામાં આવે છે.

ઈસ્લામની કાઉન્સિલિંગ (પરામર્શની) સિસ્ટમ વિશે કુર્આન મજીદની આયત وَشَاوِرْهُمْ فِي الْأَمْرِ (અને કામોમાં એમનાથી મશ્વરો લો. –સૂરએ આલે ઈમરાન, ૩/૧૫૯) અને أَمْرُهُمْ شُورَىٰ بَيْنَهُمْ (અને તેમના કામ તેમના આપસના મશ્વરાથી છે. –સૂરએ શૂરા, ૪૨/૩૮)થી સ્પષ્ટ રોશની મળે છે. બીજી આયત હેઠળ તફસીરે બયઝાવીમાં છે :

ذو شوریٰ بینهم لا ینفردون برای حتی یتشاو روا ویحجتمعوا۔ وذلک من فرط تدبرهم وتیقظهم فی الأمور

"તે લોકો એકબીજાથી મશ્વરો લે છે, ફક્ત પોતાના વિચાર મુજબ ફેંસલો નથી કરી લેતા જ્યાં સુધી કે એકબીજા જોડે મશ્વરો અને સામૂહિક કોશિશ ન કરી લે. અને આ બધું જીવન પદ્ધતિ વિશે તેમના ઉચ્ચ વિચારો અને જાગૃક્તાના કારણે શક્ય છે."

આ આયતમાં એવા મો'મિનોની પ્રશંસા કરવામાં આવી છે જે મોટા ગુનાહો તથા બેહયાઈથી બચે છે, ગુસ્સો આવવા છતાં માફ કરી દે છે, અલ્લાહ તઆલાના હુકમ માને છે, નમાઝ કાયમ કરે છે અને અલ્લાહની આપેલી રોજીમાંથી ખર્ચ કરે છે. આવા ઈમાનવાળા લોકો એકબીજાથી મશ્વરો કરે છે અને જીવનના કાર્યો ઉકેલે છે.

પ્રથમ આયતના સંદર્ભમાં અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ ﷺ પર પોતાની મહેરબાનીનું બયાન ફર્માવ્યું છે કે, હે મહબૂબ ! તમે એમના માટે કૃપાળુ છો, જો એના બદલે સખ્ત મિજાઝ રાખનારા હોતા તો કોઈ પાસે ન બેસતુ, ન વાત સાંભળતું, ન ઈમાન લાવતું, ન નસીહત પર અમલ કરતું. એટલા માટે તમે એમને માફ કરવાની આદત અપનાવો, તેમની શફાઅત કરો અને તેમની જોડે મશ્વેરો કરો.

આ હુકમ પર અમલ કરવાના રોશન ઉદાહરણો આપ ﷺની પાક સીરતમાં ભરપૂર જોવા મળે છે. અહીં જંગે બદ્રમાં જંગી કેદીઓને ફિદ્યો લઈ છોડી દેવા, જંગે ખંદકમાં ખંદક (મોટો ખાડો) ખોદવા વગેરે ઉદાહરણો આપી શકાય છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે : મેં રસૂલુલ્લાહ ﷺથી વધુ કોઈને પોતાના સાથીઓ જોડે મશ્વરો કરનાર નથી જોયો.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ જો અમારી સામે એવી પરિસ્થિતિ આવી જાય જેના વિશે કોઈ (સ્પષ્ટ) હુકમ ન હોય અને (સ્પષ્ટ) મનાઈ પણ ન હોય તો એવા સંજોગો માટે આપનો શું હુકમ છે ? ઈર્શાદ ફર્માવ્યો, **એવા સંજોગોમાં નેક અને પ્રમાણિક શરીઅતના નિષ્ણાતો પાસેથી મશ્વરો લો અને ફક્ત પોતાનું મંતવ્ય ન ચલાવો.** *(મજમઉઝ્ ઝવાઈદ, ૧/૧૭૮)*

હઝરત સહલ્ બિન સઅ્દ સાઈદીથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **મશ્વરો કરનારો ક્યારે પણ હક્ક (પામવા)થી મેહરૂમ નથી રહેતો, અને પોતાના મંતવ્યને પૂરતું સમજવાવાળો ભ્રાંતિમાં (ભ્રમણામાં) પડેલો વ્યક્તિ ક્યારેય કામયાબ નથી થઈ શકતો.** *(તફસીરે કુર્તુબી, ૪/૨૫૧)*

સલાહનું સચોટ અને દુરુસ્ત હોવું રસૂલુલ્લાહ ﷺની ખાસિયત હતી, તેમ છતાં આપને બુદ્ધિવાન તથા અનુભવી અને પ્રમાણિક સહાબા જોડે મશ્વરો કરવાનો હુકમ આપવામાં આવ્યો, જેથી મુસલમાનોની તા'લીમ પણ થઈ જાય અને મંતવ્ય આપવાની હિમ્મત પણ એમનામાં પેદા થઈ જાય. ઈતિહાસ ગવાહ છે કે આ પ્રક્રિયા હુઝૂર ﷺના મહાન તથા અનુભવી ખલીફાઓએ ચાલુ રાખી અને ફક્ત ખિલાફત જ નહીં, પોતાની અંગત બાબતોમાં પણ એકબીજા સાથે મશ્વરો કરતા હતા, અને સારા સલાહકારની પ્રશંસા કરવામાં આવતી હતી. સલાહકારની જવાબદારી છે કે તે સારો મશ્વરો આપે અને તરફદારી વિના પોતાનું મંતવ્ય દર્શાવે, સાથે જ દરેક જગ્યાએ ભલાઈનો જઝબો જરૂર હોવો જોઈએ.

ઈસ્લામી ઈતિહાસનું સોનેરી પ્રકરણ છે કે ખલીફાએ પોતાની મરજીથી કોઈ એવું એલાન કર્યું જે સામાન્ય મુસલમાનોના હક્કને ઠેસ પહોંચાડનારું હતું, તે સમયે એક સ્ત્રીના વાંધો ઉઠાવવા પર ખલીફાએ પોતાનુ એલાન બદલી આપ્યું અને તે સ્ત્રીનો આભાર માન્યો, કેમ કે તે સાચી વાતના વિરોધમાં વ્યક્તિગત બાબતોમાં પોતાનો કોઈ અલગ ફેંસલો આપતા ન હતા, અને સામૂહિક બાબતોમાં પણ એવું કરતા ન હતા.એટલે જ તો ખિલાફતના વિસ્તારમાં શાંતિ કાયમ રહેતી અને હક્ક બોલવાનુ ચલણ બાકી હતું. કેમ કે તેમની હુકૂમત નબુવ્વતના તરીક઼ા પર હતી અને નબવી સિદ્ધાંતો પર ચાલતી હુકૂમતમાં અન્યાયના ફેંસલા તથા શરીઅતને ટકરાતા એલાનની કોઈ ગુંજાઈશ નથી. આની એક મોટી ખૂબી એ પણ છે કે આ શાસન પદ્ધતિમાં શાસક ફક્ત જનતાને જવાબ આપવા બંધાયેલો નથી હોતો બલ્કે ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાની બારગાહમાં પણ જવાબ આપવાનો પાબંદ હોય છે ! દરેક હુકૂમતમાં એક સલાહકાર બોર્ડ હોય છે જે ગંભીર પરિસ્થિતિમાં શાસકના નિર્ણયની દિશા નક્કી કરે છે.

એ પણ યાદ રાખશો કે જો કોઈ સોસાયટીમાં કોમ્યુનિટી કોઈ અન્યાય પર આધારિત અને શરઈ ઉસૂલોની વિરુદ્ધ કોઈ નિર્ણય લે તો દરેક વ્યક્તિની જિમ્મેદારી છે કે તે પોતાની હેસિયત અને તાક઼ત મુજબ, ઝબાન અને દિલથી એ નિર્ણયની વિરૂધ્ધ ઉભો થાય અને કોઈ પણ રીતે તેનું સમર્થન ન કરે, ભલે પછી તે નિર્ણય પોતાના કોઈ નજીકના વ્યક્તિના તરફેણમાં જ કેમ ન હોય. કુર્આન મજીદમાં ફર્માવવામાં આવ્યું :–

وَ تَعَاوَنُوۡا عَلَی الۡبِرِّ وَ التَّقۡوٰی ۪ وَ لَا تَعَاوَنُوۡا عَلَی الۡاِثۡمِ وَ الۡعُدۡوَانِ ۪

''નેકી અને પરહેઝગારીમાં એકબીજાના મદદગાર બનો અને ગુનાહ તથા નાફર્માનીના કામોમાં એકબીજાની મદદ ન કરો.''

ઈસ્લામની કાઉન્સિલિંગ (પરામર્શ) સિસ્ટમ ફક્ત શાસકો અને રાજકરણની સીટો સુધી જ લાભદાયક ન રહી બલ્કે ફુક઼હા તથા ભાષા વિશેષજ્ઞોની મેહફિલોમાં તેની ઊંડી અસર ઈતિહાસમાં નોંધાયેલ છે, જેનો શરઈ હુકમ હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી (ઉપરોક્ત) રિવાયતમાં છે. બલ્કે દરેક તા'લીમી સિસ્ટમમાં એક સલાહકાર બોર્ડ બનાવવામાં આવે છે, જે જુદી જુદી બેઠકોમાં ભાષા, લખાણ, ભણાવવા અને ભણવાના સિસ્ટમ પર વિચાર વિમર્શ કરીને નિર્ણય લે છે. ફિક઼્હે ઈસ્લામી અને ઈજતેહાદના સૌથી મોટા નિષ્ણાત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની કાઉન્સિલના શરઈ ફેંસલા આજે પણ મુફતીઓ અને ઉલમા તથા મુહક્કિ઼કો માટે આધાર બને છે. માનવીય જવાબદારીઓના જેટલાય ફ્રન્ટ બ્લોક છે, આ કાઉન્સિલિંગ (પરામર્શ) સિસ્ટમ દરેક જગ્યાએ લાભદાયી અને વિકાસ તથા બંધારણનો સબબ બને છે.

પરંતુ જે લોકોએ મશ્વરો લેવાનું બિલ્કુલ ત્યજી દીધું તેઓ આજે પણ સખ્ત મિજાઝ બની પોતાની વાતમાં ફસાયેલા રહીને ખોટા નિર્ણયો લે છે અને ઘણા લોકોનો હક્ક઼ મારવાના ગુનેહગાર બને છે. યાદ રાખો! જુલ્મ જુલ્મ જ છે, તે પછી આપણે કરીએ કે આપણો દુશ્મન. કોઈ હક્ક઼દારનો હક્ક઼ મારવો એ દીની, સમાજી અને અખ્લાક઼ી ગુનો છે, ભલે તે આપણે કરીએ કે બીજો કોઈ કરે. આપણે અધિકાર રાખનારા જરૂર છીએ પણ તેની એક હદ છે. તે અમુક બાબતો જ નહીં, બલ્કે આપણી અધિક્તમ બાબતો એવી છે જ્યાં આપણો અધિકાર સામૂહિક્તાનો પાબંદ છે. આપણા માટે જરૂરી છે કે એ દિશામાં વિચારીએ અને દુરૂસ્ત નિર્ણય લઈએ.

પોતાનો લાભ શોધનારા, સ્વાર્થી અને દુનિયાદાર સલાહકારોની નિયુક્તિ પણ બહુ મોટો શરઈ તથા અખ્લાક઼ી ગુનો છે, અને તેની આડ અસર નિયુક્તિ કરનારની લોકપ્રિયતા તથા લોકો સાથે તેના સંબંધ પર પડે છે. વાત ઘરની હોય, કુટુંબની હોય, સોસાયટીની હોય, કંપનીની હોય, સરકારી કે ગેર સરકારી ઈદારા તથા તા'લીમગાહોની હોય, જો તેમાં કાઉન્સિલ સિસ્ટમ ક઼ાયમ છે અને નિર્ણયોમાં સામૂહિક્તાનું સૌંદર્ય છે તો ત્યાં કામ્યાબી તથા વિકાસનો ગ્રાફ ઘણો ઊંચો અને મજબૂત દેખાય છે.

એટલા માટે આપણા સૌનો દીની, સમાજી, અખ્લાક઼ી અને ક઼ૌમી ફર્ઝ છે કે મુખ્લિસ લાયકાત ધરાવનારા લોકોની સલાહ રદ ન કરીએ બલ્કે આગળ વધીને તેમને પોતાના સલાહકાર બોર્ડમાં સામેલ કરીએ જેથી સમયસર તેમની મહત્વની સલાહ સામે આવે અને કોઈ નિર્ણય અધૂરો, તરફદારીવાળો, અન્યાય પર આધારિત તથા મૂર્ખાઈવાળો ન લેવાય. ઈસ્લામના કાઉન્સિલ સિસ્ટમને જીવંત રાખવો આપણી જિમ્મેદારી છે. *(અશરફિયા મંથલી–મુબારકપુર, એપ્રિલથી જૂન–૨૦૨૧, અઝ : તૌફીક઼ અહસન બરકાતી)*

❑ ❑ ❑

## હાજી ઈકબાલહુસૈન બાવાસાહબ અલ્વી رحمۃ اللہ علیہ

**જશ્ને ચહલ્લૂમ**

**લુસાકા** : (ઝાંબિયા) ખાતે ઈસ્લામી ચાંદ ૧૦ શવ્વાલ મુતાબિક તા. ૨૩–૫–૨૦૨૧ને રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે હઝરત સૈયદ ઈકબાલહુસૈન અલ્વી હુસૈની رحمۃ اللہ علیہના મઝાર મુબારક (મીમ ફાર્મ, લુસાકા–ઝાંબિયા) ખાતે ચેહલ્લુમ શરીફની મહેફિલનું આયોજન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં સાદાત, ઉલમા, હુફ્ફાઝ તથા અવામે હાજરી આપી. બપોરે ૧૨ કલાકે યાસીન શરીફના ખતમ બાદ મૌલાના સૈયદ ઉવેસ સાહબ, મૌલાના ઈમ્તિયાઝ મિસ્બાહી, મૌલાના અઝીમ, મૌલાના ઈમરાન ઝંઘારવી, મૌલાના અસગર અશરફી, હાફેઝ ઈરફાન, મૌલાના રિયાઝુદ્દીન વગેરેએ નઅ્તો મન્ક઼બતના ગુલદસ્તા પેશ કર્યા. ત્યાર બાદ મૌલાના અસગરહુસૈન અશરફીએ ઉસ્તાઝુલ હિંદ હઝરત સૈયદ શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہની શાનમાં ઈમાન અફરોઝ મુખ્તસર બયાન તથા સિલસિલએ સત્તારીયા અલ્વીયાના શજરા શરીફનું પઠન ફર્માવ્યું.

આ જશ્ને ચહલ્લૂમમાં હાજી અબ્દુલભાઈ મીમ સેગવાવાલા તેમજ રૂહાની પયગામના તંત્રી હાજી મોહંમદ માસ્તર, એમના નેક ફરઝંદ હાજી મુઝમ્મિલ માસ્તર તથા હાજી ઈબ્રાહીમભાઈ માંજરા, એમના નેક ફરઝંદ હાજી ઐયૂબભાઈ તથા કમવાલા મસ્જિદના ટ્રસ્ટી બશીરભાઈ ખત્રી, હાજી ઈકબાલભાઈ ઝંઘારવાલા, ટંકારીઆના હાફિઝ હાજી સિદ્દીક, હાજી સલીમભાઈ, હાજી યૂનુસ ઈપલી તથા નબીપુર, ટંકારીઆ, સાંસરોદ, દયાદરા, હલદરવા, અસુરીયા તેમજ નામી અનામી ચાહકોએ હાજરી આપી દિલી ફૈઝ હાંસલ કર્યો. સંદલની રસમબાદ, દુઆ, સલાતો સલામ બાદ ન્યાઝ જમાડવામાં આવી. *–રજૂકર્તા : મૌલાના ઈમરાન નજમી ઝંઘારવી / હાજી મુહમ્મદ માસ્તર ટંકારવી*

# અશ્લિલતા તથા બેહયાઈનો ભયાનક અંજામ

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

પ્રિય મિત્રો ! આ લેખમાં અમો બિભત્સપણા અને બેહયાઈની વ્યાખ્યા, અશ્લિલતા અને બેહયાઈની નિંદામાં અમુક આયતો અને અહાદીષે મુબારકામાં બેહયા તથા બેશરમ લોકો માટે વર્ણન થએલ અઝાબ સંબંધે અમુક રિવાયતો વર્ણવીશું. فنقول و باللہ التوفیق

**ફહ્હાશી (અશ્લિલતા)નો અર્થ** : એવી બાબતો જેમને સ્પષ્ટ શબ્દોમાં વર્ણવવું બુરુ સમજવામાં આવે. એમને જાહેરમાં બોલવું જેમ કે સંભોગ વિશે વાતો કરવી, સ્ત્રી પુરૂષના વિશેષ અંગોનું વર્ણન કરવું જ્યારે કે હયાદાર અને શરીફ લોકોને કદી કોઈ જરૂરતથી આવી બાબતો વિશે વાત કરવી પડે તો શક્ય હોય ત્યાં સુધી ઈશારા કિનાયામાં તે બાબતો વર્ણવે છે, સારાંશ કે બેહયાઈની વાતો કરવી શરીઅતની દષ્ટિએ નાપસંદ છે. ફહ્હાશી (અશ્લિલતા) અને બેહયાઈની અમુક વાતો અમુક વાતોથી અધિક બુરી હોય છે તો તેમની બુરાઈ પણ એ જ પ્રમાણે વધતી જાય છે. *(બરીક઼એ મુહમૂદિયા ફી શર્હે તરીક઼એ મુહમ્મદિયા, ૩/૨૦૨)*

## અશ્લિલતાની બુરાઈ દર્શાવતી કેટલીક આયતો

وَلَا تَقْرَبُوا الزِّنٰٓى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ وَسَآءَ سَبِيْلًا

"અને બદકારીની નજીક ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે અને ઘણી જ બુરી રાહ. *(બની ઈસ્રાઈલ, ૧૭/૩૨)*

وَلَا تَقْرَبُوا الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ ۚ

"અને બેહયાઈઓના નજીક ન જાવ જે એમનામાંથી ઉઘાડી છે અને જે એમનામાં છુપી છે. *(અલ્ અન્આમ, ૬/૧૫૧)*

يَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ ۚ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ

"અને અલ્લાહ મના ફર્માવે છે બેહયાઈ અને બુરી વાત અને સરકશીથી અને તમને નસીહત ફર્માવે છે કે ધ્યાન કરો ! *(અન્નહ્લ, ૧૬/૯૦)*

## અશ્લિલતાની નિંદામાં અમુક અહાદીષે મુબારકા

હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે : નબીએ પાક صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : બેહયાઈ જે ચીજમાં હોય છે તેને ખરાબ કરી દે છે અને હયા જે ચીજમાં હોય છે તેને સજાવી દે છે. *(સુનને તિર્મિઝી, ૪/૩૪૯)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ બયાન કરે છે : નબીએ પાક صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : બેશક ! અલ્લાહ તઆલા જ્યારે કોઈ બંદાને બર્બાદ કરવાનો ઈરાદો ફર્માવે છે તો તેનાથી હયાને લઈ લે છે. તો જ્યારે તે બંદાથી હયા લઈ લે છે તો તમે તેને એ હાલમાં પામશો કે તે નફરતને પાત્ર અને અલ્લાહ તઆલાના ગઝબનો મુસ્તહિક થશે. પછી તેનાથી અમાનત લઈ લેવામાં આવશે, તો જ્યારે તેનાથી અમાનત લઈ લેવામાં આવશે તો તમે તેને ખયાનત કરનાર ખયાનત કર્યે જનાર પામશો. પછી જ્યારે તેને ખયાનત કરનાર, ખયાનત કરવામાં આવનાર પામશો તો તેનાથી રહમત લઈ લેવામાં આવશે. પછી જ્યારે તેનાથી રહમત લઈ લેવામાં આવશે તો તમે તેને એ હાલતમાં પામશો કે તે અલ્લાહની રહમતથી દૂર કરી દેવામાં આવશે, તેના પર લાનત કરી દેવામાં આવશે. તો જ્યારે તેની એ હાલત થશે તો તેનાથી ઈસ્લામનો પટ્ટો લઈ (ઉતારી) લેવામાં આવશે.

*(સુનને ઈબ્ને માજહ, ૪૦૫૪, ૨/૧૩૪૭)*

હઝરત સઈદ બિન મુસય્યબ رضی اللہ عنہ બયાન કરે છે : નબીએ પાક صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું : હયાની કમીના

શુકી છે. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૨૫૩૪૯, ૫/૨૧૩)*

હઝરત અબ્બાસ رضی اللہ عنہએ નબીએ પાક ﷺથી મરફુઅન એક લાંબી હદીષે પાક રિવાયત કરી છે. તેમાં અકલમંદની એક ખૂબી હુઝૂર ﷺએ એ બયાન ફર્માવી છે : અકલમંદની (એક) ખૂબી એ છે કે શર્મો હયા તેનાથી અલગ નથી થતી.

*(મુસ્નદુલ હારિષ, ૮૪૭, ૨/૮૧૫)*

હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ બયાન કરે છે કે નબીએ પાક ﷺએ ફર્માવ્યું : બેશક ! અશ્લિલતા અને બેહયાઈની વાતોને અને અશ્લિલતા તથા બેહ્યાઈના કામોને ઈસ્લામમાં કોઈ સ્થાન નથી અને ઈસ્લામની દષ્ટિએ લોકોમાં બેહતરીન એ છે જેના અખ્લાક્ સૌથી સારા હોય.

*(અલ્ફત્હુલ કબીર, હર્ફુલ હમ્ઝહ, ૩૧૮૫, ૧/૨૯૩)*

હઝરત સહલ બિન હન્ઝલિયા رضی اللہ عنہ બયાન કરે છે : નબીએ પાક ﷺએ ફર્માવ્યું : બેશક ! અલ્લાહ તઆલા અશ્લિલતા તથા બેહયાઈની વાતોને અને અશ્લિલતા તથા બેહ્યાઈના કામોને પસંદ નથી કરતો.

*(અલ્ફત્હુલ કબીર, હર્ફુલ હમ્ઝહ, ૪૩૩૫, ૧/૪૦૧)*

હઝરત આઈશા رضی اللہ عنہا બયાન બયાન કરે છે : નબીએ પાક ﷺ એ ફર્માવ્યું : જો ફહ્હાશી અને બેહ્યાઈ કોઈ મખ્લૂક્ હોતી.

*(અલ્ફત્હુલ કબીર, હર્ફુલ્લામ, ૧૦૦૫૯, ૩/૪૨)*

હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે : નબીએ પાક ﷺએ ફર્માવ્યું : કયામતની નિશાનીઓમાંથી છે કે અશ્લિલતા અને બેહયાઈની વાતો તથા અશ્લિલ અને બેહયાઈના કામો થશે, સંબંધો તોડવામાં આવશે, અમાનતદારને ખયાનત કરનાર ઠરાવવામાં આવશે અને ખયાનત કરનારને અમાનતદાર ઠરાવી દેવામાં આવશે.

*(અલ્ફત્હુલ કબીર, હર્ફુલ મીમ, ૧૧૧૬, ૩/૧૩૦)*

હઝરત ઝૈદ બિન અસ્લમ બયાન કરે છે કે નબીએ પાક ﷺએ ફર્માવ્યું : નિઃશક ! ગૈરત ઈમાનમાંથી છે અને બિભત્સપણુ તથા બેહયાઈ નિફાક્માંથી છે. અને બેહયાઈ તથા અશ્લિલતા કરનાર દય્યૂષ છે. *(જામેએ મોઅમર બિન રાશિદ, બાબુલ ગૈરત, ૧૧૧૬, ૧૦/૪૦૯)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ બયાન કરે છે કે નબીએ પાક ﷺએ ફર્માવ્યું : બેહ્યા આદમી પર જન્નતનો પ્રવેશ હરામ છે. *(બરીક્એ મુહમ્મદિયહ, ૩/૨૦૩)*

## બેહ્યા તથા બેશર્મ લોકોનો અઝાબ

હદીષ પાક છે કે ચાર પ્રકારના જહન્નમી ઉકળતા પાણી અને આગની વચ્ચે ભાગતા ફરતા વૈલ અને ષુબૂર અર્થાત હલાકત માગતા હશે. તેમનામાંથી એક એ હશે જેના મોઢેથી લોહી અને પરૂ વહેતું હશે. જહન્નમી તેના વિશે પૂછશે : અલ્લાહની રહમતથી મહેરૂમ આ વ્યક્તિની શું હાલત છે ? એણે અમારી આ તકલીફમાં અધિક વધારો કર્યો છે. તો કોઈ કહેનાર કહેશે : અલ્લાહની રહમતથી મેહરૂમ આ વ્યક્તિ ગંદી અને બેહ્યાઈની વાતો જોયા કરતો હતો અને તેનાથી એ રીતે આંનદિત થતો જેમ કે સંભોગથી લિજ્જત પ્રાપ્ત કરવામાં આવે છે. *(હિલ્યતુલ અવલિયા, ૫/૧૬૭)*

હઝરત ઔન બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ બયાન કરે છે : ત્રણ ચીજો ઈમાનથી છે : (૧) હયા (૨) અફાફ (અર્થાત : હરામ બાબતોથી તથા લોકોથી માગવાથી બચવું) (૩) ઝબાનનું તંગ હોવું. (અર્થાત : ઓછું બોલવું, અનર્થ વાતોથી બચવું), દિલનું તંગ હોવું, ઈમાનમાંથી નથી. આ એવી બાબતો છે જે આખેરતમાં વધારો કરે છે અને દુનિયામાં કમી કરે છે અને આ બાબતો જેટલી દુનિયામાં કમી કરે છે તેનાથી કેટલીય અધિક આખેરતમાં વધારો કરે છે. અને આ ત્રણ ચીજો એવી છે જે આખેરતમાં કમી કરે છે અને દુનિયામાં વધારો કરે છે. (૧) અશ્લિલતા (૨) લાલચ (૩) બેહયાઈની વાતો કરવી. અને આ બાબતો જેટલી આખેરતમાં કમી કરે છે તેનાથી કેટલીય અધિક દુનિયામાં વધારો કરે છે.

*(જામેએ મઅ્મર બિન રાશિદ, ૨૦૧૪૭, ૨/૧૪૨)*

હઝરત શોએબ બિન અબૂ સઈદ رضی اللہ عنہ બયાન કરે છે કે કહેવામાં આવે છે : જે બહયાઈની વાતોથી

લિજ્જત ઉઠાવશે કયામતના દિવસે તેના મોઢેથી પરૂ અને લોહી વહેતુ હશે, *(અલ્ જામએ લેઈબ્ને વહબ, બાબુલ અઝલતે, ૪૧૪ પેજ ૫૩૮)*

પોતાની કામવાસનાને સંતોષવા બેહૂદા અને બેશર્મીની વાતો કરવાવાળા, ફિલ્મો, ડ્રામાના શોખિન, ફિલ્મી ગીતોના રસિયા આ વાતથી બોધ ગ્રહણ કરે. હઝરત ઈબ્રાહીમ બિન મયસરા رضی اللہ عنہ ફર્માવે છે : અશ્લિલતા અને બેહયાઈની વાતો કરનાર અને અશ્લિલતા તથા બેહયાઈના કામો કરનારાને કયામતના દિવસે કૂતરાના રૂપમાં લાવવામાં આવશે.

*(અહયાઉલ ઉલૂમિદ્દીન, ૩/૧૨૨)*

મુફતી અહમદ યારખાં رضی اللہ عنہ ફર્માવે છે : ખયાલ રહે કે સર્વ ઈન્સાનો કબરોથી ઈન્સાની સ્વરૂપમાં ઉઠશે પછી હશ્રના મેદાનમાં પહોંચી અમુકના ચહેરા મસ્ખ થઈ જશે. *(મિર્અતુલ મનાજીહ)*

## અલ્લાહ તઆલાથી શર્મ કરો !

બેશર્મ તથા બેહયા લોકો કદાચ મોટા લોકો સામે બેહયાઈની વાતો કરવાથી શરમાતા હોય. પરંતુ અફસોસ ની વાત છે કે એ બેહયાઈની વાતો કરતી વખતે તેમને એ એહસાસ નથી રહેતો કે રબ્બુલ આલમીન જે અકરમુલ અકરમીન (સર્વાધિક ઈજ્જતવાળો) છે તે સાંભળી રહ્યો છે. આ વિશે હઝરત બિશ્ર હાફી رضی اللہ عنہની નસીહત જુઓ, હઝરત બિશ્ર હાફી رضی اللہ عنہએ ફર્માવ્યું, તમે જુઓ કે તમે પોતાના આમાલનામામાં હું લખાવી રહ્યા છો. એ નામએ આમાલ તમારા રબ સમક્ષ પઢવામાં આવશે. તો જે શખ્સ બેહયાઈની વાતો કરે છે તેના પર અફસોસ છે કે જો પોતાના મિત્રના નામે કાંઈ લખે છે તો તેમાં બુરા શબ્દો નથી લખતો પરંતુ તમારો પોતાના રબની સાથે કેવો બુરો મામલો છે ! *(તબીહુલ મગ્તર્રીન)*

આ જ સંદર્ભમાં હઝરત ઉબૈદ બિન ઉમેર رضی اللہ عنہماનું આ કથન જુઓ ! આપ رضی اللہ عنہએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાથી શર્મો હયા કરવાને લોકોથી શર્મો હયા કરવા પર અગ્રતા આપો. *(હિલ્યતુલ અવલિયા, ૩/૨૬૮)*

**આંખોની હિફાઝત કરો ! :** મુસલમાન હોવાની હેસિયતથી આપણા માટે આંખોની હિફાઝત કરવું, હરામ ચીજો તરફ નજર કરવાથી પોતાને બચાવવું ઘણુ જરૂરી છે, આંખોની શર્મો હયા આપણા માટે કેટલી અધિક જરૂરી છે તેનુ અનુમાન નબીએ પાક صلی اللہ علیہ وسلمના આ ફરમાનથી કરો (કે આપે ફર્માવ્યું) : આંખો પણ ઝિના (વ્યભિચાર) કરે છે.

તદ્ ઉપરાંત એ પણ જુઓ કે હરામ તરફ નજર કરવું સહાબાએ કિરામ رضی اللہ عنہના નજીક કેટલુ અધિક બુરૂ અને નાપસંદ કાર્ય હતું. હઝરત સલમાન ફારસી رضی اللہ عنہએ ફર્માવ્યું, હું મૃત્યુ પામુ પછી જીવતો થાઉં, પછી મૃત્યુ પામુ ફરી જીવતો થાઉં. ફરી મૃત્યુ પામુ ફરી જીવંત થાઉં તો પણ મારા નજીક એ એનાથી બેહતર છે કે હું કોઈની શર્મગાહ જોઉં અથવા કોઈ મારી શર્મગાહ જુએ. *(તબીહુલ ગાફિલીન, બાબુલ હયા, પેજ, ૪૪૭)*

**ફાસિક કોણ ? :** કોઈ બુધ્ધિજીવીને પ્રશ્ન કરવામાં આવ્યો કે ફાસિક કોને કહે છે ? તેમણે જવાબમાં ફર્માવ્યું : ફાસિક તે છે જે પોતાની નજરોને લોકોના દરવાજા અને તેમના પડદાઓની જગાથી ન રોકતો હોય.

*(તંબીહુલ ગાફિલીન, બાબુલ હયા, પેજ–૪૪૭)*

**અલ્લાહ તઆલાની લાનત થાય છે :** હઝરત અલી رضی اللہ عنہ રિવાયત કરે છે. નબીએ પાક صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : અલ્લાહની લાનત થાય જોવાવાળા પર અને તેના પર જેના તરફ જોવામાં આવે.

*(તંબીહુલ ગાફિલીન, બાબુલ હયા, પેજ–૪૪૭)*

**ઈબ્લીસનું તીર :** નબીએ પાક صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : સ્ત્રીની સુંદરતા તરફ જોવું ઈબ્લીસના તીરોમાંથી એક ઝેહરીલુ તીર છે. જેણે નામહરમ તરફ જોવાથી પોતાની આંખને ફેરવી લીધી તેને અલ્લાહ તઆલા એવી ઈબાદતની તૌફીક આપશે જેવી મીઠાશ તે પોતાના દિલમાં પામશે. *(નવાદિરુલ ઉલૂમ, ૩/૧૮૧)*

*(માહનામા અશ્રફિયા–મુબારકપુર, એપ્રિલ–જૂન ૨૦૨૧)*

## કુર્બાનીના મસાઈલ વિશે સવાલો જવાબના પ્રોગ્રામો

**સુન્ની દા'વતે ઈસ્લામી**ના આયોજન હેઠળ **તા. ૨૭-૦૬-૨૦૨૧** રવિવારે અસરબાદના સુન્ની ઈજતેમામાં **દયાદરા મુખ્તારુલ મસાજિદ**માં કુર્બાની સંબંધે સવાલો જવાબની નશિસ્તમાં મુફતી સાબિર નજમી મિસ્બાહી (સદર ઈદારા શરઈય્યા-ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)એ વિવિધ સવાલોના ખૂબ જ માહિતિસભર સંતોષકારક જવાબો આપી ઈલ્મી ફયઝાનથી હાજરજનોને નવાઝયા હતા. એ જ પ્રમાણે **તા. ૦૩-૦-૨૦૨૧**ના રોજ **ગંજખાના મસ્જિદ-જંબુસર** તેમજ **તા. ૧૦-૦૭-૨૦૨૧** અસર બાદ **ભેંસલી મસ્જિદ**માં અને મગરિબ બાદ **ખોજબલ મદીના મસ્જિદ**માં તેમજ **તા. ૧૧-૦૭-૨૦૨૧ આદર્શ નગર-તરસાલી (વડોદરા) મસ્જિદે મુહમ્મદીયા**માં એ જ પ્રમાણે કુર્બાનીના તેમજ અન્ય મસાઈલ સંબંધે નશિસ્તો થઈ હતી. અનેક લોકો ઈલ્મી ફયઝાનથી માલામાલ થયા. તેમજ **દયાદરા મસ્જિદ**માં રોજ અસર બાદ **હાફિઝ અફઝલ સરનારવી** થકી દર્સ ચાલુ રહે છે.

## હફતાવારી સુન્ની ઈજતેમા યોજાયા

મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી, જંબુસર) થકી દર **રવિવારે** તેમજ **જુમ્આમાં મુખ્તારુલ મસાજિદ દયાદરા**માં **ગુનાહોથી દૂર રહેવા સંબંધે, બાતિલ ફિર્કાઓની (તેમનાં કુફ્રી લખાણો બતાવીને) રદ**માં તેમજ કુર્બાનીની ફઝીલત વગેરે વિષયે માલૂમાતી બયાનો થયા. દર **સોમવારે ચાંદ પીર મસ્જિદ** પર એ જ પ્રમાણે બયાનો થયા. તેમજ **તા. ૧૧-૦૭-૨૦૨૧** રવિવાર મગરિબ બાદ **મસ્જિદે બાબા રયહાન-ભરૂચ** ખાતે **કુર્બાનીના ફઝાઈલ** પર મૌલાનાએ બયાન કર્યું. તેમજ **તા. ૦૪-૦૭-૨૦૨૧**ના રોજ **હાફિઝ અ. રહીમ બરકાતી** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ **ઈમાન કી શાખેં વિષયે** ઈમાન અફરોઝ બયાન કર્યું, તેમજ હફતાવારી ઈજતેમામાં મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, મુફતી સલીમ નજમી મિસ્બાહીનાં બયાનો થયા.

## સૈયદ અમીનુલ કાદરીનો આણંદ જિલ્લાનો દૌરો

હઝરત મૌલાના સૈયદ અમીનુલ કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી-માલેગાંવ) તા. ૦૬-૦૭-૨૦૨૧ મંગળવારે ત્રણ વાગ્યે સુન્ની દા'વતે ઈસ્લામી-હાડગુડ થકી કિફાયત દરે ચાલુ થઈ રહેલ **"સુન્ની દાવતે ઈસ્લામી સાર્વજનિક દવાખાના-હાડગુડ"**ની ઈફતેતાહમાં તશરીફ લાવ્યા હતા. ટૂંકા ઈમાન અફરોઝ બયાન બાદ આપના મુબારક હાથે દવાખાનાની ઈફતેતાહ થઈ હતી. તેમજ એ જ દિવસે અસરની નમાઝ બાદ **રઝા જામા મસ્જિદ-વિશ્નોલી મસ્જિદ**માં અને મગરિબ બાદ **પેટલાદ મલાવ ભાગોળ મસ્જિદ**માં આપ હઝરતે નૂરાની બયાનો કરી હાજરજનોને ફૈઝયાબ કર્યા હતા.

**વડોદરા :** મસ્જિદે મુહમ્મદી-આદર્શ નગર, તરસાલી ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી **મૌલાના શોએબ મોતીપુરાવાળા** થકી દર જુમેરાતે ઈશા બાદ સુન્ની ઈજતેમામાં વિવિધ વિષયે ઈલ્મી, ઈસ્લાહી, દર્સી બયાનો કરી મુકતદીઓની તર્બિયત કરવામાં આવે છે. દર ૧૫ દિવસે સોમવારના એકતા નગર-વડોદરા ખાતે તેમજ દર રવિવારે ઈશા બાદ મઢેલી (વાઘોડીયા) સુન્ની તર્બિયતી ઈજતેમાનું આયોજન કરવામાં આવે છે.

**પાલેજ :** સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગો **ઈમરાન નૂરી** તથા **સરફરાઝ નૂરી** થકી જૂન/જુલાઈ-૨૦૨૧ દરમિયાન વણાકપુર, સોખડા, ચુડેશ્વર, દેવલિયા, રેંગણ, વાસણ, પારખેત, કનાયડા, ફલોડ, વાકોલ, લિમડીયા, ઉતરાજ, નેત્રંગ, સલાદરા....વિવિધ ગામોની મસ્જિદોમાં દીની મસાઈલ શીખવાડવા.....વિવિધ નમાઝો બાદ ઈલાકાઈ દૌરા કરીને સુન્ની તર્બિયતી ઈજતેમાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આહ ! હાફિઝ અબ્દુલ્લાહ ઝંઘારવી ન રહે !

દારુલ ઉલૂમ મુઈનુલ ઈસ્લામ–થામ (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૧૧–૧૦–૧૯૭૯થી શરૂ કરીને સતત ૪૫ વરસો સુધી ખિદમત આપી પોતાનુ આખુ જીવન વકફ કરી દેનાર મર્હૂમ હાફિઝ અબ્દુલ્લાહ ઝંઘારવી સાહબનો તા. ૨૬–૦૬–૨૦૨૧ મુ.ચાંદ ૧૪ ઝીક઼અદા હિ.સ. ૧૪૪૧ના રોજ કેટલાક સમયની માંદગી બાદ ભરૂચ હોસ્પિટલ ખાતે રાત્રે ૧.૩૦ વાગ્યે ઈન્તેક઼ાલ થયો. આ દુઃખદ સમાચાર સુન્ની આલમમાં વાયુવેગે ફેલાતાં સૌએ દુઃખની લાગણી અનુભવી اِنَّا لِلّٰہِ وَاِنَّآ اِلَیۡہِ رٰجِعُوۡنَ પઢી મગફિરત માટે દુઆઓ આપી. ખાસ કરીને મર્હૂમના સંબંધીઓ, ચાહકો, દોસ્તો તથા શાગિર્દોની આંખો અશ્રુમય થઈ ગઈ. મર્હૂમ હાફિઝ સાહબ હાફિઝ થયા બાદ થોડો સમય નબીપુર દીની ખિદમતમાં રહ્યા ત્યાર બાદ કલમ ગામે દીની ખિદમતમાં લાગેલા ત્યાંથી મુજાહિદે અહલે સુન્નત, બાની દારુલ ઉલૂમ મુઈનુલ ઈસ્લામ–થામ મર્હૂમ હાજી વલીભાઈ ગોરજી તેમને થામ ખાતે લાવેલા ત્યારથી જીવનના અંતિમ શ્વાસ સુધી દારુલ ઉલૂમ મુઈનુલ ઈસ્લામ–થામના થઈને રહી ગયા. ઘણા વરસો સુધી હિફ્ઝ કલાસમાં ખિદમત આપી અનેક હુફ્ફાઝે કિરામની ટીમો આપે તૈયાર કરી જેઓ આજે દેશ વિદેશમાં ઈમામત, મુદર્રિસ તરીકે ખિદમતે દીનો સુન્નિયતમાં વ્યસ્ત છે. જામિઆ આઈશા અલ બનાત બહેનો માટેનો મદરસો મર્હૂમ હાજી વલીભાઈ ગોરજી થકી ચાલુ થયા બાદ તેમજ દીની તા'લીમ સાથે ધો. ૫ થી ૧૦ સુધીની રઝા મેમોરિયલ સ્કૂલ પણ ચાલુ થઈ જેથી કામનો બોજ વધતાં મર્હૂમ હાફેજીને મર્હૂમ હાજી વલીભાઈએ અનુભવી તથા વિશ્વાસુ હોવાને કારણે નિગરાં તરીકે નિયુક્ત કર્યા હતા. મર્હૂમ હાજી વલીભાઈના ઈન્તેક઼ાલ બાદ પણ આપ છેવટ સુધી દારુલ ઉલૂમની નિગરાનીમાં રહ્યા. મર્હૂમ હાફિઝ સાહબના ઈન્તેક઼ાલથી સુન્ની જગતમાં, ખાસ કરીને દારુલ ઉલૂમ થામને મોટી ખોટ ઉભી થઈ છે. રબ્બે કરીમ તેમનો નેઅમલ બદલો અતા કરે અને મર્હૂમ હાફિઝ સાહબની નેકીઓને ક઼બૂલ ફર્માવે, તેમની ખતાઓને દરગુઝર ફર્માવી, તેમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. સંબંધીઓ, કુટુંબીજનો, ચાહકોને સબ્રે જમીલ અજરે જઝીલ અતા કરે. اٰمِیۡن بِجَاہِ حَبِیۡبِہٖ سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ

*–તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક*

## હઝરત પીરે તરીકત જનાબ અલ્હાજ મુહમ્મદ ઉષ્માન શાહ સાહબ કુરેશી નક઼્શબંદી મુજદ્દિદીનો ઉર્સ ઉજવાયો

**અહમદાબાદ** : થી જનાબ અબ્દુલ ખાલિક મુહમ્મદ રફીક નક઼શબંદી મુજદ્દિદીની એક યાદી જણાવે છે કે પીરો મુર્શિદ જનાબ અલ્હાજ શાહ મુહમ્મદ ઉષ્માન સાહબ કુરૈશી નક઼શબંદી મુજદ્દિદી رحمۃ اللہ علیہના વાર્ષિક ઉર્સ શરીફ પ્રસંગે ૨૪ શવ્વાલના રોજ તા. ૬–૬–૨૦૨૧ કુલ શરીફ તથા ફાતિહાખ્વાની પછી ન્યાઝ તકસીમ કરવામાં આવી હતી. જે ખૂબ જ શાનો શૌકતથી ખાનક઼ાહે નક઼શબંદીયા મુજદ્દિદીયા ઉષ્માનિયા ફઝલેરબ પાર્ક, સરખેજ રોઝાની પાસે મકરબા મુક઼ામે ઉજવવામાં આવી હતી. લોક ડાઉનના કારણે સાદગીપૂર્વક મનાવવામાં આવ્યો હતો. જેમાં મુરીદો, અક઼ીદતમંદોએ સામેલ થઈ ફયૂઝો બરકાત હાંસલ કર્યા હતા.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❑ **દયાદરા** : (તા.જિ. ભરૂચ) અલીમામા ખલીફા તા. ૨૫–૦૬–૨૦૨૧, ૧૩ ઝિલ કઅ્દ, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ મેહરૂન ઈલ્યાસભાઈ શેરપુરાવાલા તા. ૩૦–૦૬–૨૦૨૧, ૨૦ ઝિલ કઅ્દ, હિ.સ. ૧૪૪૨ બુધવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. ❑ મુસ્તફાભાઈ રૂડી તા. ૬–૭–૨૦૨૧ ૨૪ ઝિલ્ કઅ્દ, હિ.સ. ૧૪૪૨ મંગળવારના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.

❑ **સૂરત** : મર્હૂમ અહમદ કોળા દયાદરાવાળાનાં અહલિયા ઝાહિદાબેન અહમદ કોળા ૨૫–૦૬–૨૦૨૧, ૧૩ ઝિલ કઅ્દ, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયાં છે. તેમની દફનવિધિ દયાદરા મુકામે રાખવામાં આવી હતી.

❑ **રોઝાટંકારીઆ** : અમારા મિત્ર યાકૂબ વલી પટેલ (પો. માસ્તર)ના પત્ની સાહેબા મર્હૂમા ઝરીનાબેનનો તા. ૧–૭–૨૦૨૧, મુ. ચાંદ ૧૯ ઝી કઅદા હિ.સ. ૧૪૪૨ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે. જેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦૦/– ''બરકાતે ખ્વાજા''મંથલીને મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ પાક મર્હૂમા ઝરીનાબેનની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

❑ **ધોરાજી** : નિવાસી મર્હૂમ હાજી ખિઝર અબ્દુસ્સત્તાર નવીવાળા તા. ૩૦–૦૪–૨૦૨૧, ૧૬–રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ સૂરત મુકામે ૮૩ વરસની વયે ઈન્તેકાલ થયો છે. મર્હૂમ હાજી સાહબ ખૂબ જ દીનદાર, મજબૂત સુન્ની, મસ્લકે આ'લા હઝરતના પ્રખર ચાહક હતા. કેટલીયે ધાર્મિક સંસ્થાઓ સાથે સંપર્કમાં રહેતા હતા. અમારે ત્યાંથી અનેકવાર દીની કિતાબો મંગાવી ફ્રીમાં વહેંચણી કરતા હતા. આટલી ઉમરે પણ સક્રિય રહી દીનો સુન્નિયતની હમદર્દીમાં મસ્જિદ મદ્રસાઓના કામોમાં જ્યાં જરૂરત જણાતી ત્યાં સહાય કરતા કરાવતા હતા. તેમના ઈસાલે સવાબ અર્થે જનાબ અશરફભાઈ નવીવાળાએ પાણી માટે બોરવેલના કામમાં સહકાર માટે ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા''ને રૂા. ૧૦,૦૦૦/– (અંકે દસ હજાર પૂરા) મોકલ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ અશરફભાઈની આ નેકી કબૂલ ફર્માવે અને મર્હૂમ ખિઝર સાહબની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

❑ **ઈસ્લામપુર** : ખાતે જનાબ અલ્હાજ યાકૂબભાઈ મુહમ્મદ અક્કુ લગભગ ૧૦૮ વર્ષની વયે તા. ૧૬–૦૪–૨૦૨૧ના રોજ ૩ રમઝાન હિ.સ. ૧૪૪૨ જુમ્આના મુબારક દિવસે લાંબી માંદગી બાદ અલ્લાહની રહતમાં પહોંચી ગયા છે. મર્હૂમ મજબૂત સુન્ની, નેક નમાઝી દીનદાર બુઝુર્ગ હતા. *–તંત્રી*

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)* ❑ ❑ ❑

શાદી મુબારક

**અરગામા** : ખાતે સીરાજભાઈ ઈસ્માઈલ હાફેજી (માંગરોલવાળા)ની દુખ્તરે નેક અખ્તર ''સાલેહાબાનુ''ના નિકાહ અરગામાવાસી નાસિર વલી મેણના સુપુત્ર ''ઉષ્માન'' સાથે તા. ૧૩–૦૬–૨૦૨૧ મુ.તા. ૨ ઝી કઅદા હિ.સ. ૧૪૪૨ને રવિવારના રોજ રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની જિંદગીઓને ખુશીઓથી ભરપૂર રાખે, બરકતો, રહમતોથી ખૂબ નવાઝે. (આમીન) *–તંત્રી*